MARKET 4U (OPC) PVT. LTD.
જંગ-એ-ગુજરાત અખબાર
સુરત ઓફિસ
૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.
ભરૂચ ઓફિસ
૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨
કોલ કરીને જ આવવું
મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । શુક્રવાર । તા. ૨૯-૦૫-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૨

2 પ્રવાસી શ્રમિકોને કામ આપતા પહેલા અન્ય રાજ્યોને નહી લેવી પડે મંજૂરી

5 કેવી કરૂણતા કહેવાય: નઠારા-નઘરોળ તંત્ર સામે કોરોના વોરિયર્સને હાઇકોર્ટના દ્વાર ખટખટાવવા પડ્યા...!


7 કેન્દ્ર મંજૂરી આપશે તો ગુજરાત સરકાર વધારે છૂટછાટો આપવાની તૈયારીમાં

12 લોકડાઉનમાં નર્મદા જીલ્લાના બે ના.મામલતદાર કોના આશીર્વાદ હેઠળ પોતાની મનમાની કરે છે.?!

કોરોના મહામારી વચ્ચે પણ પાકિસ્તાનની નફફટાઈ

પુલવામા પાર્ટ-૨ નિષ્ફળ: ૪૦૦ જવાનોની ઘાત ટળી

બાતમીના આધારે ૩૦થી ૩૫ કિલો આઈઆઈડી વિસ્ફોટક સાથે કાર મળી આવી,અંધારાનો લાભ લઈ ડ્રાઈવર ફરાર: સુરક્ષાદળોએ કંટ્રોલ બ્લાસ્ટ દ્વારા દારૂ ગોળાનો નાશ કર્યો,કારનો કાટમાળ ૫૦ મીટર ઉંચે ઉછળ્યો



પુલવામા-૧ના ૧ વર્ષ અને ૧૦૩ દિવસ બાદ પુનરાવર્તનનો આતંકીઓનો નિષ્ફળ પ્રયાસ

જૈશ, લશ્કર-એ-તોયબા અને હિઝબુલ સાથે મળીને આત્મઘાતી હુમલો કરવાની ફિરાકમાં, આતંકીઓ જંગ-એ-બદ્રના દિવસે જ હુમલો કરવાના હતા: પોલીસનો દાવો

સફેદ રંગની સેન્ટ્રો કારમાં વિસ્ફોટક ભર્યો હતો જેનું રજીસ્ટ્રેશન અને માલિક જમ્મુના કઠુાનો રહેવાસી હતો,જે આતંકી આ કાર ચલાવી રહ્યો હતો તેનું નામ આદિલ હતું

શ્રીનગર

૧૪ના પુલવામા આતંકી હુમલાના બરાબર એક વર્ષ અને ૧૦૩ દિવસ બાદ આજે ફરીથી પાક. પ્રેરિત આતંકીઓએ પુલવામા સ્ટાઈલ હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો. જો કે સ્થાનિક પોલીસ અને સુરક્ષા દળોએ ભરેલા સમયસરના પગલાને કારણે એ સંભવિત હુમલો નિશ્ફળ બનાવાયો હતો. સુરક્ષા દળો અંદાજે ૨૦ કિલો આઈઈડી વિસ્ફોટક દારૂગોળો ભરેલી કાર અટકાવવામાં સફળ થયા હતા. જો કે કારનો ડ્રાઈવર, સુરક્ષા દળો એ કાર પર ગોળીબાર કરતાં ભાગી જવામાં સફળ થયો હતો. દળોએ આ કાર જપ્ત કરીને કારને એક સૂમસામ જગ્યાએ લઈ જઈને તેમાં રહેલા દારૂગોળાનો નાશ કરીને ફરીથી પુલવામાનું પુનરાવર્તન થતું અટકાવ્યું હતું. અવાવરૂ સ્થળે કારને કન્ટ્રોલ બ્લાસ્ટ દ્વારા ઉડાવી દેવામાં આવી ત્યારે વિસ્ફોટ એટલો જોરદાર હતો કે કારનો કાટમાળ ઉછળીને ૫૦ મીટર ઉપર સુધી ઉછળ્યો હતો અને આસપાસના મકાનોની બારીઓ પણ તૂટી ગઈ હોવાનું સત્તાવળાઓએ જાહેર કર્યું હતું. જમ્મુ-કાશ્મીર પોલીસ દ્વારા આ માહિતી ગુરુવારે સવારે આપવામાં આવી હતી. જૈશ-એ-મોહમ્મદ નામના આતંકી સંગઠને આ દારૂગોળો ભરેલી કારની જવાબદારી સ્વીકારી હતી.

દરમ્યાનમાં આઈજી વિજય કુમારે એવો દાવો કર્યો કે આતંકીઓ કાર બોમ્બ દ્વારા દેશના સીઆરપીએફના ૪૦૦ જવાનોને ઉડાવી દેવાનો બદ ઈરાદો ધરાવતા હતા. પરંતુ સુરક્ષાદળોએ તેમનું ષડ્યંત્ર નિષ્ફળ બનાવીને ફરીથી પુલવામા પાર્ટ-૨ ન થાય તેમાં

અનુસંધાન પાના નં. ૬

લોકડાઉન સમાપ્ત થયા બાદ પેટ્રોલ-ડિઝલમાં રૂપિયા પનો વધારો થવાની શક્યતા

ન્યુ દિલ્હી

લોકડાઉન સમાપ્ત થયા પછી પેટ્રોલ અને ડીઝલની છૂટક કિંમત જૂનમાં ૫ રૂપિયા સુધી વધી શકે છે. તેનું કારણ એ છે કે સરકારી ઓઈલ માર્કેટિંગ કંપનીઓ લોકડાઉન પછી ફરીથી દૈનિક ધોરણે બળતણના ભાવમાં ફેરફાર કરવાની યોજના બનાવી રહી છે. દેશમાં કોરોના સંક્રમણ પછી લાંબા સમયથી પેટ્રોલ-ડીઝલના ભાવ દૈનિક ધોરણે બદલાતા નથી. સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર સરકારી ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ ગયા અઠવાડિયે એક બેઠક યોજી હતી. આ બેઠકમાં વર્તમાન પરિસ્થિતિની સમીક્ષા કરવામાં આવી હતી અને લોકડાઉન થયા પછી દૈનિક ધોરણે બળતણના ભાવો નક્કી કરવા માટેનો એક રોડમેપ તૈયાર કરવામાં આવ્યો હતો.

જોકે, એક સરકારી સૂત્રએ જણાવ્યું હતું કે, દૈનિક ધોરણે બદલાવ હોવા છતાં, પેટ્રોલ અને ડીઝલની કિંમતો ચોક્કસ મર્યાદાથી વધશે નહીં. આનો અર્થ એ કે બળતણના ભાવમાં દરરોજ ૨૦થી ૪૦ પૈસા અથવા તેથી ઓછા વધારો થશે નહીં. કંપનીઓ થયેલા નુકસાનની ભરપાઈ નહીં કરે ત્યાં સુધી આ વધારો રહેશે. હાલમાં રાજધાની દિલ્હીમાં પેટ્રોલ પ્રતિ લિટર રૂ. ૭૧.૨૬ અને ડીઝલ રૂ. ૬૯.૩૯ પ્રતિ લિટર મળી રહ્યું છે. અમદાવાદમાં પેટ્રોલ રૂ. ૬૭.૧૭ અને ડીઝલ રૂ. ૬૪.૧૯ પર વેચાઈ રહ્યું છે.

સંક્રમિતોનો આંકડો ૧,૫૮,૩૩૩ જ્યારે મૃત્યુઆંક ૪૫૩૧એ પહોંચ્યો

દેશમાં ૨૪ કલાકમાં રેકોર્ડબ્રેક ૧૯૪ના મોત: ૬૫૬૬ પોઝિટિવ કેસ

કુલ ૮૬૧૧૦ એક્ટિવ કેસ,અત્યાર સુધી ૬૭,૬૯૨ દર્દીઓ સ્વસ્થ થયા જ્યારે રિકવરી રેટ વધીને ૪૨.૭૫ ટકા થયો

ન્યુ દિલ્હી

કોરોના વાઈરસના સંક્રમણને ફેલાતુ અટકાવવા માટે દેશ અને દુનિયાના મોટાભાગના વિસ્તારોમાં લૉકડાઉન સહિત અલગ-અલગ પ્રતિબંધો લાગૂ છે. જો કે હજુ સુધી કોરોના સંક્રમિતોની સંખ્યામાં કોઈ ઘટાડો જોવા નથી મળી રહ્યો. ભારતમાં પણ કોરોના વાઈરસા પોઝિટિવ કેસોમાં ચિંતાજનક વધારો જોવા મળી રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૬૫૬૬ નવા કેસ નોંધાયા છે. જ્યારે આ સમયગાળા દરમિયાન ૧૯૪ લોકોએ કોરોનાના કારણે પોતાનો જીવ ગુમાવ્યો છે. જે એક દિવસમાં મોતને ભેટનારા લોકોનો અત્યાર સુધીનો સૌથી મોટો આંકડો છે. જોકે એક સારી બાબત એ પણ છે કે ભારતમાં ધીમે ધીમે કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ થનારા લોકોની સંખ્યા પણ વધી રહી છે. ભારતમાં હવે કોરોના વાયરસનો રિકવરી દર ૪૨.૭૫ ટકા સુધી પહોંચી ગયો છે. છેલ્લા ૨૪ કલાકમાં ૩૨૬૬ લોકો કોરોના સંક્રમણને મહાત આપીને સ્વસ્થ થવામાં સફળ રહ્યા છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા રજૂ કરવામાં આવેલા આંકડા અનુસાર, આ સાથે જ અત્યાર સુધી દેશમાં કોરોના સંક્રમિતોની કુલ સંખ્યા વધીને ૧,૫૮,૩૩૩ પર પહોંચી ગઈ છે. જ્યારે આ જીવલેણ બીમારીના કારણે અત્યાર સુધી દેશમાં કુલ ૪,૫૩૧ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે.

દેશના કુલ ૧,૫૮,૩૩૩ કેસોમાંથી ૬૭,૬૯૨ લોકો સ્વસ્થ થઈ ચૂક્યા છે, જ્યારે ૮૬,૧૧૦ એક્ટિવ કેસો છે. કોરોનાના કારણે દેશમાં મહારાષ્ટ્ર સૌથી વધુ પ્રભાવિત રાજ્ય છે. જ્યાં કોરોનાના ૫૭ હજાર કરતાં વધુ કેસો નોંધાઈ ચૂક્યાં છે, જેમાંથી ૧૮૯૭ લોકો મોતને ભેટ્યા છે. જ્યારે ૧૮૯૭ લોકો કોરોનાના કારણે મોતને ભેટ્યા છે.

જ્યારે તમિલનાડુમાં કુલ કોરોના પોઝિટિવ કેસોની સંખ્યા ૧૮,૫૪૫ છે. જેમાંથી

અનુસંધાન પાના નં. ૬

WHO હવે સામાન્ય લોકો પાસેથી આર્થિક મદદ લેશે: નવા ફાઉન્ડેશનની જાહેરાત

જિનિવા

કોરોના વાયરસની વિરૂદ્ધ આખી દુનિયામાં લડાઈ ચાલી રહી છે. તેની સ્થિતિને સંભાળવામાં નિષ્ફળ રહ્યાનો આરોપ ઝીલી રહેલા વિશ્વ સ્વાસ્થય સંગઠને એક નવા ફાઉન્ડેશનની જાહેરાત કરી છે. આ ફાઉન્ડેશનની અંતર્ગત કોઈ મહામારીને ઉકેલવા માટે ફંડિંગ એકત્ર કરાશે જેમાં માત્ર મોટા દેશો જ નહીં સામાન્ય લોકોની પણ મદદ લેવાશે. ડબલ્યુએચઓના ડાયરેક્ટર ટ્રેડ્રોસે જાહેરાત કરી કે આ એક સ્વતંત્ર સંગઠન હશે. જેમાં હાલની પદ્ધતિથી અલગ હટીને ફંડિંગ એકત્રિત કરાશે.

અત્યારે ડબલ્યુએચઓના દરેક સભ્ય દેસ પોતાની તરફથી મદદ માટે રકમ આપે છે. તેના આધાર પર દુનિયાભરમાં આવતી મુશ્કેલીઓને લઈ ડબલ્યુએચઓ કોઈપણ પ્રકારની મદદ કરે છે. પાછલા દિવસોમાં અમેરિકાએ ડબલ્યુએચઓને અપાતી રકમ રોકી દીધી હતી. અમેરિકન રાષ્ટ્રપતિએ ડબલ્યુએચઓ પર કોરોના વાયરસને ઓળખવામાં નિષ્ફળ રહ્યાનો આરોપ મૂક્યો હતો અને ચીનને સાથ આપવાને લઈ આલોચના કરી હતી. આ સિવાય અમેરિકન રાષ્ટ્રપતિએ ડબલ્યુએચઓ ડાયરેક્ટરને એક ચિઠ્ઠી લખી છે જેમાં તેમણે ૩૦ દિવસની અંદર સંગઠનમાં મોટા ફેરફાર કરવાનું કહ્યું છે. અન્યથા અમેરિકા પોતાની રકમને

અનુસંધાન પાના નં. ૬

ખરાબ હવામાનના કારણે

ઈતિહાસથી દૂર: SpaceXનું હ્યુમન સ્પેસ મિશન લૉન્ચિંગની ૧૬ મિનિટ પહેલા અટક્યુ

વોશિંગ્ટન

૯ વર્ષ બાદ અમેરિકા ઈતિહાસ રચવાની આરે હતુ પરંતુ ખરાબ મોસમના કારણે આજે હ્યુમન સ્પેસ મિશનને રોકવુ પડ્યુ. અમેરિકી અંતરિક્ષ એજન્સી નાસા ખાનગી કંપની સ્પેસ એક્સના ડ્રેગન સ્પેસક્રાફ્ટ દ્વારા અંતરિક્ષ યાત્રીઓને આંતરરાષ્ટ્રીય સ્પેસ સ્ટેશન મોકલવાની તૈયારીમાં હતુ.

૨૭ મે ૨૦૨૦ની મોડી રાતે ૨.૦૩ વાગે નાસાએ ફૉલ્કન રૉકેટથી બે અમેરિકી એસ્ટ્રોનૉટ્સનેં જીજી માટે રવાના કરવાનું હતુ પરંતુ ૧૬.૫૪ મિનિટ પહેલા આ મિશનને રોકી દીધુ. નાસાએ જણાવ્યુ કે ખરાબ



મોસમના કારણે લૉન્ચ થઈ રહ્યુ નથી. હવે આ મિશન ત્રણ દિવસ બાદ થશે.

સ્પેસ એક્સનો ડ્રેગન સ્પેસક્રાફ્ટ ફૉલ્કન રૉકેટની ઉપર લગાવવામાં આવ્યુ હતુ. જેની અંદર બેસેલા અમેરિકી અંતરિક્ષ મુસાફરોના નામ છે. રૉબર્ટ બેનકેન અને ડગલસ હર્લે. બંને અંતરિક્ષ મુસાફર પહેલા પણ ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનની યાત્રા કરી ચૂક્યા છે.

આ બંને એસ્ટ્રોનૉટ્સને અમેરિકી કંપની સ્પેસ-એક્સના સ્પેસક્રાફ્ટ ડ્રેગનથી ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન

અનુસંધાન પાના નં. ૬

મજૂરો પાસેથી ટ્રેન કે બસનું ભાડું ન લેવામાં આવે, રાજ્ય સરકાર ચૂકવે: સુપ્રીમ કોર્ટ

ન્યુ દિલ્હી

પ્રવાસી મજૂરોના મુદ્દા પર આજે સુપ્રીમ કોર્ટમાં મહત્વની સુનાવણી થઈ હતી. જેમાં કોર્ટે વચગાળાનો આદેશ આપ્યો હતો. સુપ્રીમ કોર્ટે કહ્યું, મજૂરો પાસેથી ટ્રેન કે બસનું કોઈપણ ભાડું ન લેવું જોઈએ. રાજ્ય સરકાર મજૂરોનું ભાડું ચૂકવશે અને તેમને ઘર સુધી પહોંચાડવાની વ્યવસ્થા કરશે. મજૂરોના સ્થળાંતર સંબંધિત મેટરમાં કોર્ટ વધુ સુનાવણી ૫ જૂને કરશે.

સુપ્રીમ કોર્ટે તેના ફેંસલામાં કહ્યું, પ્રવાસી શ્રમિકો પાસેથી ટ્રેન કે બસનું ભાડું નહીં લેવામાં આવે. વિવિધ સ્થાન પર ફસાયેલા પ્રવાસી કામદારોને સંબંધિત રાજ્ય અને કેન્દ્ર શાસિત પ્રદેશો દ્વારા સ્થળો પર ભોજન ઉપલબ્ધ કરાવાશે. આ ઉપરાંત મજૂરોને ટ્રેન કે બસમાં બેસવાનો સમય પણ જણાવવામાં આવશે.

સુનાવણી દરમિયાન સોલિસીટર જનરલ તુષાર મહેતાએ કહ્યું, કેટલીક દુર્ભાગ્યપૂર્ણ ઘટના બની છે. જેને મીડિયામાં દર્શાવવામાં આવી છે. સરકાર પગલાં નથી લઈ રહી એવું નથી. જેના પર સુપ્રીમ કોર્ટે કહ્યું, અમે એવું નથી કહી રહ્યા કે સરકારે કંઈ કર્યું નથી, પરંતુ જરૂરિયાતમંદો સુધી મદદ પહોંચી નથી રહી.

પ્રવાસીઓની પીડા આખા ભારતે જોઈ પરંતુ ભાજપે નહિ: સોનિયા ગાંધી

ન્યુ દિલ્હી

દેશવ્યાપી લૉકડાઉન લાગુ થયા બાદથી જ દેશભરમાંથી પ્રવાસી મજૂરોનુ પલાયન નિરંતર ચાલુ છે. આજીવિકાની સમસ્યા સામે ઝઝૂમી રહેલ પ્રવાસી કોઈ રીતે પોતાના ગૃહ રાજ્ય પહોંચાડવા ઈચ્છે છે. કોરોના સંકટમાં ભૂખ-તરસ સામે ઝઝૂમી રહેલ પ્રવાસીઓ માટે એક વાર ફરીથી કોંગ્રેસે ભારતીય જનતા પાર્ટી(ભાજપ) પર નિશાન સાધ્યુ છે. કોંગ્રેસના અંતરિમ અધ્યક્ષ સોનિયા ગાંધીએ ગુરુવારે કહ્યુ કે ભારતે પ્રવાસીઓની પીડા જોઈ છે પરંતુ ભાજપે નહિ.

ભારતની માતાની આંખમાં આજે આંસુ છે અને મોદી ચૂપ: પ્રિયંકા ગાંધી

બીજી તરફ પ્રિયંકા ગાંધીએ પણ સરકાર પર હુમલો કરતા કહ્યુ હતુ કે, ભારત માતાની આંખમાં આજે આંસુ છે અને પીએમ મોદી ચૂપ છે. આજે ગરીબ મજૂરો મુશ્કેલીમાં છે ત્યારે સરકાર તેમની મદદ કરી રહી નથી. આપણા તમામની ફરજ છે કે, સાથે મળીને હવે જરુરિયાતમંદોની મદદ માટે અવાજ ઉઠાવીએ.

સોનિયા ગાંધીએ કહ્યુ કે દેશ એક ભયાનક મંજર જોઈ રહ્યુ છે જ્યાં કોવિડ-૧૯ વચ્ચે ઘરે જવા માટે પ્રવાસી મજૂર સેંકડો કિલોમીટરનો પ્રવાસ પગપાળા જવુ પડી રહ્યુ છે તો આમાંથી ઘણી ઉઘાડા પગે પ્રવાસ કરી રહ્યા છે. તમને જણાવી દઈએ કે અત્યાર સુધી લૉકડાઉનનો ચોથો તબક્કો ચાલી રહ્યો છે જે ૩૧ મે, ૨૦૨૦ ના રોજ સમાપ્ત થશે. ભાજપની સાથે સાથે મોદી સરકારને પણ નિશાન પર લઈને સોનિયા ગાંધીએ કહ્યુ, પ્રવાસીઓની પીડા, તેમનો ડર આખા દેશે સાંભળ્યો પરંતુ કદાચ સરકારને સંભળાયો નહિ.

અનુસંધાન પાના નં. ૬

ન હગ,ન કિસ,ફરજીયાત પહેરવા પડશે ગ્લવ્સ

કોરોના સંકટઃ ફિલ્મ-ટીવીના શૂટિંગ માટે વર્કિંગ પ્રોટોકોલ બનાવાયા

મુંબઇ

પ્રોડ્યુસર્સ ગિલ્ડની મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેની સાથે એક વર્ચુઅલ મીટિંગ થઈ. જે બાદ શુટિંગને લઈને ૩૭ પેજની ગાઈડલાઈન બહાર પાડવામાં આવી છે ભારતમાં કોરોના વાયરસથી સંક્રમિત લોકોની સંખ્યામાં ઝડપથી વધારો નોંધાઈ રહ્યો છે. સંક્રમણને ફેલાવવાથી રોકવા માટે લોકડાઉન આપવામાં આવ્યું છે. જેનો ચોથો તબક્કો ચાલી રહ્યો છે.

લોકડાઉનની અસર દરેકના કામકાજ પર પડી છે. જેમા ફિલ્મ ઈન્ડસ્ટ્રી પણ સામેલ છે. ફિલ્મો સીરિયલ્સ સહિતની શુટિંગ બંધ છે. આ વચ્ચે પ્રોડ્યુસર્સ ગિલ્ડ ઓફ ઈન્ડિયાએ ફિલ્મ-ટીવીના શુટિંગ માટે નવા વર્કિંગ પ્રોટોકોલ બનાવ્યા છે. આવનાર સમયમાં શુટિંગ દરમિયાન આ પ્રોટોકોલ્સને કડક રીતે ફોલો કરવા પડશે.

ગાઈડલાઈનમાં કહેવામાં આવ્યું છે કે શુટિંગના ક્રુમાં ઓછામાં ઓછા ૩ મહિના સુધી ૬૦થી વધારે લોકો અને કલાકારોને લેવામાં ન આવે. કારણકે તેમણે ઈન્ફેક્શનનો ખતરો વધારે છે. તે સિવાય દરેક ક્રુ મેમ્બરને ટ્રિપલ લેયર માસ્ક અને હેન્ડ ગ્લવ્સ પહેરવા જરૂરી છે. સેટ પર એક બીજાને ગળે મળવાનું નહી હેન્ડ શેક પણ નહીં કરવાનું તે સિવાય કિસ કરવાથી પણ દૂર રહેવું.

નવી ગાઈડલાઈનમાં કહેવામાં આવ્યું છે કે શુટિંગ દરમિયાન સેટ પર પોર્ટેબલ વોશબેસિન અને બાથરૂમનોનો ઉપયોગ થવો જોઈએ. જેમા સેનેટાઈઝનનું પણ પૂરતુ ધ્યાન રાખવામાં આવે. આ રીતે મેકઅપને લઈને કહેવામાં આવ્યું છે કે ડિસ્પોજેબલ વિગનો ઉપયોગ કરવામાં આવે અને પર્સનલ મેકઅપનો ઉપયોગ કરવો. આ રીતે માસ્કથી વધારે ફેસ શીલ્ડનો ઉપયોહ કરવામાં આવે અને પીપીઈ કિટનો ઉપયોગ કરવામાં આવે.



વિશ્વના સૌથી ઊંચા પર્વત માઉન્ટ એવરેસ્ટની ઊંચાઈ ફરી માપવા ચીનના પર્વતારોહકોએ હાથ ધરેલું અભિયાન. કોરોના વાઈરસનો રોગચાળો ફેલાયો તે પછી માઉન્ટ એવરેસ્ટનું શિખર સર કરનારી પ્રથમ ટુકડીએ ઊંચાઈ માપવાનું કામ હાથ ધર્યું છે.

ટૂંક સમયમાં સરકાર બીલ લાવશે

મોદી સરકાર ૪૧ વર્ષ બાદ પ્રવાસી શ્રમિકોની પરીભાષા બદલશે

ન્યુ દિલ્હી

દેશમાં લોકડાઉનને કારણે જારી મજુરોના સંકટને ધ્યાનમાં રાખી કેન્દ્ર સરકાર ૪૧ વર્ષ બાદ પ્રવાસી શ્રમિકોની પરીભાષા બદલવા જઈ રહી છે. આ સિવાય સરકારની યોજના કર્મચારી રાજ્ય વિમા નિગમ હેઠળ સામાજિક સુરક્ષા અને સ્વાસ્થ્ય લાભ સુધી પહોંચને સક્ષમ બનાવવા માટે તેઓનું રજીસ્ટ્રેશન કરવાની પણ છે.

લોકડાઉન દરમિયાન અનૌપચારીક અને ઔપચારીક અર્થવ્યવસ્થામાં લાખો શ્રમિકોના મોટાપાયે પ્રવાસ બાદ સામાજિક સુરક્ષા પર એક નવો કાયદો પ્રસ્તાવિત છે. જેમાં શ્રમ મંત્રાલય ટૂંક સમયમાં જ કેન્દ્રીય મંત્રી મંડળમાં લઈને જશે. કેબીનેટ આ વર્ષના અંત સુધીમાં આ કાનૂનને બનાવવાની યોજના બનાવી રહેલ છે.

શ્રમ મંત્રી સંતોષ ગંગવારે આ બાબતની પુષ્ટી કરતા કહ્યુ હતુ કે, કાનૂની માળખાને મજબુત કરવામાં આવી રહ્યો છે અને બીજેડીના સાંસદ મહતાબના વડપણમાં સંસદની સ્થાયી સમિતિ દ્વારા પ્રસ્તાવિત સંહિતામાં કેટલીક જોગવાઈઓને મંજુરી આપવામાં આવી છે જેમાં આગળ ફેરફાર કરવામાં આવશે.

સરકારના નવા પગલાને મહત્વનો ગણવામાં આવી રહ્યો છે કારણ કે વર્તમાન કાનૂની માળખુ પુરતુ નથી. પ્રવાસીઓના પલાયનથી સામે આવ્યુ છે કે તેમના રોજગારીનો રેકોર્ડ પણ નથી. આને સરકારે કાનૂનમાં ફેરફાર કરવાને લઈને પ્રેરીત કરેલ છે. આંતરરાજ્ય પ્રવાસી શ્રમિક એકટ ૧૯૭૯ પાંચ કે વધુ આંતરરાજ્ય પ્રવાસી શ્રમિકો સાથે પ્રતિષ્ઠાનો પર અને તેમની ભરતીમાં સામેલ કોન્ટ્રાકટરો માટે લાગુ થાય છે. કેન્દ્ર સરકાર હવે શ્રમિકો માટે સામાજિક સુરક્ષાનો લાભ જેવા પેન્શન અને સ્વાસ્થ્ય સેવામા રજીસ્ટ્રેશન કરી તેને આકર્ષક બનાવવાના પ્રયાસો પણ કરી રહી છે.

યોગી સરકારનો યૂ-ટર્ન

પ્રવાસી શ્રમિકોને કામ આપતા પહેલા અન્ય રાજ્યોને નહી લેવી પડે મંજૂરી

લખનૌ

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે બે દિવસ પહેલા કરેલી પોતાની જાહેરાત પર યૂ-ટર્ન લઈ લીધો છે. જેમાં તેમણે જણાવ્યું હતું કે, જો અન્ય રાજ્યો ઉત્તર પ્રદેશના શ્રમિકોને રોજગારી આપે છે, તો તેમણે યુપી સરકારની મંજૂરી લેવાની રહેશે. આ મુદ્દે મોટો વિવાદ સર્જાયો હતો. જો કે હવે સરકારે પ્રવાસન આયોગના ઉપનિયમોમાં પૂર્વ મંજૂરીના આ નિયમને સામેલ નહી કરવાનો નિર્ણય કર્યો છે.

આ અંગે સરકારના પ્રવક્તાએ જણાવ્યું કે, રાજ્યમાં પરત ફરેલા પ્રવાસી મજૂરોને નોકરી અને સામાજિક સુરક્ષા પૂરી પાડવા માટે આયોગની રચના કરવા પર કામ થઈ રહ્યું છે. પ્રવાસન આયોગને શ્રમિક કલ્યાણ આયોગ નામ આપવામાં આવ્યું છે. લગભગ ૨૬ લાખ પ્રવાસીઓ પહેલા જ રાજ્યમાં પરત પાછા ફર્યા છે. હવે તેમની કુશળતાને ધ્યાનમાં રાખીને તેમને કામ અને નોકરી મેળવવા મદદ કરવાની ક્વાયત હાથ ધરવામાં આવી રહી છે.

એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું કે, મુખ્યમંત્રીએ આયોગની સ્થાપના માટેની રૂપરેખા પર ચર્ચા કરી છે. આ સાથે જ અન્ય રાજ્યોને અમારી જનશક્તિને રોજગાર આપવા માટે ઉત્તર પ્રદેશ સરકારની પૂર્વ મંજૂરી લેવાની કોઈ જરૂરિયાત નહીં રહે. અમે પ્રવાસીઓને ઘર અને લોન વગેરે આપવા માટે તેમને સરકારી યોજનાઓ સાથે પણ જોડીશું.

સતત બીજા દિવસે શેરબજારમાં તેજીઃ સેન્સેક્સ ૫૯૫ અંક ઉછળ્યો નિફ્ટી ૯,૪૦૦ને પાર

મુંબઇ

પોઝિટિવ વૈશ્વિક સંકેતોને પગલે આજે પણ ઘરેલું બજાર વધીને સેટલ થયા છે. સતત બીજા દિવસે ભારતીય શેરબજાર ઉછાળા સાથે બંધ થયું છે. બીએસઈ પર બેંચમાર્ક ઈન્ડેક્સ સેન્સેક્સ ૫૯૫ અંક અથવા ૧.૮૮ ટકા ઉછળીને ૩૨,૨૦૦ નજીક જ્યારે નિફ્ટી ૫૦ આંક પણ ૧૭૫ પોઈન્ટ અથવા ૧.૮૮ ટકા કૂદીને ૯,૪૯૦ નજીક બંધ આવ્યો છે.

બેંક નિફ્ટીની વાત કરીએ તો આજે ઈન્ડેક્સ ૪૫૯ અંક ઉછળીને ૧૯,૧૬૯ નજીક સેટલ થયો છે. જ્યારે બીએસઈ પર મીડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સ અનુક્રમે ૧.૩૪ ટકા અને ૧.૪૨ ટકા વધીને સેટલ થયા છે. ઉપરાંત, તમામ સેક્ટર્સની વાત કરીએ તો આજે બીએસઈ પર મોટાભાગે સેક્ટર્સમાં તેજીનો ચમકારો જોવા મળ્યો છે.

ચલણની વાત કરીએ તો આજે અમેરિકી ડોલર સામે રૂપિયો ૫ પૈસા ઘટીને ૭૫.૭૬(અસ્થાઈ) પર બંધ આવ્યો છે. જ્યારે આ પહેલા ૧૯ પૈસા ગગડીને ૭૫.૯૦ના લેવલે ખુલ્યો હતો. ગઈકાલે રૂપિયો ૭૫.૭૧ પર બંધ આવ્યો હતો. વિશ્વમાં કોરોના વાયરસની સ્થિતિ, પોઝિટિવ ગ્લોબલ સંકેત, લોકડાઉન ૫ અંગે અટકળો વચ્ચે આજે શેર માર્કેટમાં રોકાણકારો દ્વારા ખરીદદારી થતા માર્કેટને સપોર્ટ મળ્યો છે.

મ.પ્રદેશના રાજભવનમાં કોરોનાની એન્ટ્રી, ૬ લોકોના રિપોર્ટ પોઝીટીવ આવતાં ફફડાટ

ભોપાલ

મધ્યપ્રદેશના રાજભવન સુધી કોરોના વાઈરસનું સંક્રમણ પહોંચી ગયું છે. રાજ્યના સ્વાસ્થ્ય વિભાગ અને ભોપાલ જિલ્લા તંત્રના સુત્રો પ્રમાણે રાજભવનમાં કાર્યરત ઓછામાં ઓછા ૬ લોકોના કોરોના પોઝિટિવ આવ્યા છે. તેમાં રાજભવનને લોઅર સ્ટાફ અને તેમના પરિવારજનો પણ સામેલ છે. આ દરેક લોકો પરિસરના સ્ટાફ ક્વાર્ટર્સમાં રહે છે. બુધવારે તેમના કોવિડ-૧૯ ટેસ્ટ કરવામાં આવ્યા તો ૬ લોકોના રિપોર્ટ પોઝિટિવ આવ્યા છે. મધ્યપ્રદેશના રાજ્યપાલના નિવાસસ્થાન રાજભવનમાં કોરોનાના કેસ સામે આવ્યા બાદ તંત્ર દ્વારા તેને પ્રતિબંધિત વિસ્તાર જાહેર કરી દેવામાં આવ્યો છે. જિલ્લા કલેક્ટર તરૂણ પિથોડોએ બુધવારને આ અંગે આદેશ જાહેર કર્યા છે. રાજભવનના સુત્રોએ જણાવ્યું કે, રાજભવનના પરિસરમાં કોવિડ-૧૯નો પહેલો દર્દી સામે આવતા રાજ્યપાલ લાલજી ટંડનનું સેમ્પલ પણ લેવામાં આવ્યું છે. આદેશમાં કહેવામાં આવ્યું કે, પ્રતિબંધિત ક્ષેત્રમાં રહેતા દરેક લોકોને પોતાના ઘરોમાં જ રહેવું પડશે તથા અહીં અવર-જવર બંધ રહેશે. આ વચ્ચે રાજભવનના પ્રવક્તા મીડિયાને જણાવ્યું કે, રાજભવનના એક કર્મચારીનો પુત્ર કેટલાંક દિવસ પહેલાં કોરોના સંક્રમિત થયો હતો. તેમણે જણાવ્યું કે, આ કર્મચારી પોતાના પરિવાર સાથે રાજભવન પરિસરમાં કર્મચારીઓ માટે બનેલા આવાસોમાં રહે છે. તે બાદ આ કર્મચારીના પરિવારના સભ્યો પણ કોરોના સંક્રમિત થયા.

૧ જૂને દક્ષિણ-પશ્ચિમ ભારતમાં ચોમાસું પહોંચવાની હવામાન વિભાગની આગાહી

ન્યુ દિલ્હી

ભારતીય હવામાન વિભાગે આગાહી કરીને જણાવ્યું કે, દેશમાં દક્ષિણ-પશ્ચિમમાં ૧ જૂનથી ચોમાસું બેસી જવાની સંભાવના પ્રબળ છે. આ સાથે જણાવવામાં આવ્યું કે, દક્ષિણ-પૂર્વ અને મધ્ય અરબી સમુદ્રમાં ૩૧મી મેએ લો-પ્રેશર સર્જાશે. ગુરુવારે દક્ષિણ-પશ્ચિમ ચોમાસું વહેલું આવ્યું છે, જેમાં બંગાળની ખાડીમાં દક્ષિણ અને આંદામાન સમુદ્ર અને આંદામાન તથા નિકોબારમાં વરસાદ થયો. આ સાથે અહીંના કેટલાક વિસ્તારોમાં ચોમાસું વહેલું બેસવાની સંભાવના વ્યક્ત કરાઈ છે.

પશ્ચિમ મધ્ય અને દક્ષિણ-પશ્ચિમ અરબી સમુદ્રમાં સાઈક્લોનિક સર્ક્યુલેશન ઉભું થવાની સંભાવના વચ્ચે પશ્ચિમ મધ્ય અરબી સમુદ્રમાં લો-પ્રેશર બન્યું છે અને સંબંધિત સાઈક્લોનિક સર્ક્યુલેશન મધ્ય ઉષ્ણકટિબંધીય સ્તર પર પહોંચી શકે છે.

આગામી ૪૮ કલાકમાં એક જ ક્ષેત્રમાં કેંદ્રિત થઈને ડિપ્રેશનમાં ફેરવાશે તેવી ખૂબ ઓછી સંભાવના છે, જે આગામી ૭૨ કલાકમાં ઉત્તર-પશ્ચિમ તરફ દક્ષિણ ઓમાન અને પૂર્વ યમનના દરિયા કિનારા તરફ જશે તેવી સંભાવના છે.

હવામાન વિભાગની આગાહી સાથે કેરળના દરિયામાં તોફાની અસર રહેવાની સંભાવનાને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકાર દ્વારા માછીમારોને દરિયો ના ખેડવાની સૂચના આપવામાં આવી છે. રાજ્ય સરકારે જણાવ્યું કે આ અંગે તમામ માછીમારોને રાત સુધીમાં સંદેશ પહોંચાડી દેવામાં આવશે. જો તેઓ કેરળના દરિયા કિનારા પર પરત ના ફરી શકે તો અન્ય નજીકના દરિયા કિનારા પર પરત ફરવા અંગે જણાવવામાં આવ્યું છે.

હવામાન વિભાગે અગાઉ આગાહી કરીને જણાવ્યું હતું કે, ચોમાસું ૬ ને પહોંચી શકે છે અને આ સાથે તેમાં ૪ દિવસ વધારે ઓછા થવાની શક્યતા છે. મહત્વનું છે કે, ગુજરાત તરફ જે વાવાઝોડાનું સંકટ તોળાઈ રહ્યું હતું તેમાં મોટી રાહત મળી શકે છે. આ સાથે રાજ્યના હવામાન વિભાગના વડા જયંત સરકારે વરસાદની આગાહી સાથે માછીમારોને સુરક્ષિત રહેવા માટે સૂચન કર્યું હતું.

મહારાષ્ટ્રમાં કોરોનાનુ તાંડવ યથાવત, ૨૪ કલાકમાં ૧૦૫ના મોત

મુંબઇ

તમામ કોશિશો છતાં ભારતમાં કોરોનાના દર્દી વધી રહ્યા છે. દેશમાં કોરોના વાયરસથી સંક્રમિત દર્દીઓની સંખ્યા દોઢ લાખને પાર કરી ગઈ છે તેમજ એક્ટિવ કેસ ૮૦ હજારથી વધુ છે. અત્યાર સુધી ૪૪૦૦થી વધુ લોકોના જીવ પણ જઈ ચૂક્યા છે. જો કે રિકવર થનાર દર્દીઓની સંખ્યા પણ વધીને ૪૨.૪૫ ટકા થઈ ગઈ છે અને અત્યાર સુધી લગભગ ૬૫ હજાર લોકો રિકવર થયા છે અને બુધવારે મહારાષ્ટ્રમાં ૧૦૫ લોકોના મોત થઈ ગયા છે.

દેશના કોઈ પણ રાજ્યમાં એક દિવસમાં કોરોનાથી સોથી વધુ મોત પહેલી વાર થઈ છે. તમને જણાવી દઈએ કે કોરોનાથી સૌથી વધુ મહારાષ્ટ્ર ત્રસ્ત છે. છેલ્લા ૨૪ કલાકમાં અહીં કોરોનાના ૨૧૯૦ નવા કેસ સામે આવ્યા છે. મહારાષ્ટ્રમાં કોરોનાથી અત્યાર સુધી ૧૮૯૭ લોકોના મોત થઈ ચૂક્યા છે. વળી, રાજ્યમાં દર્દીઓની સંખ્યા ૫૬ હજાર ૯૯૮ થઈ ગઈ છે. આમાંથી ૩૭ હજાર ૧૨૫ સક્રિય કેસ છે અને ૧૭ હજાર ૯૧૮ દર્દી ઈલાજ બાદ રિકવર થઈ ચૂક્યા છે.

કોરોનાથી માત્ર ત્રણ મહિનામાં એક લાખથી વધારે લોકોના મૃત્યુ થયા

અમેરિકામાં કોરોનાથી થતા મોતની સંખ્યા છેલ્લા ૪૪ વર્ષોના યુદ્ધમાં થતા મૃત્યુ કરતા વધારે

વોશિંગ્ટન

અમેરિકામાં કોરોના સંક્રમણથી મોતનો આંકડો ૧ લાખથી પણ આગળ પહોંચી ગયો છે. જો કે વર્લ્ડમીટર અને કેટલીક અન્ય વેબસાઈટ્સે બુધવારે જ ૧ લાખ મૃત્યુ થયા હોવાનું જાહેર કરી દીધું હતું પરંતુ અમેરિકાના ઑફિશિયલ ડેટામાં આજે મૃત્યુ પામનાર લોકોની સંખ્યા જાહેર કરી છે. અમેરિકાએ છેલ્લા ૪૪ વર્ષોમાં કોરિયા, વિયતનામ, ઈરાક અને અફઘાનિસ્તાનમાં ભીષણ યુદ્ધ કર્યા છે પરંતુ કોરોનાથી માત્ર ત્રણ મહિનામાં યુદ્ધ કરતા વધારે અમેરિકન લોકોના મૃત્યુ થયા છે.

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દાવો કરી રહ્યા છે કે અમેરિકામાંથી કોરોના સંક્રમણનો સૌથી ખરાબ સમય પસાર થઈ ગયો છે. પરંતુ બુધવારે પણ અહીં ૨૦,૦૦૦થી વધારે સંક્રમણના નવા કેસ સામે આવ્યા છે અને ૧૫૦૦થી વધારે લોકોના કોરોનાથી મોત થઈ ચુક્યા છે. ટ્રમ્પ કોરોના વાયરસને ચીની વાયરસ કહી રહ્યા છે અને સતત ચીન પર નિશાન સાધી રહ્યા છે, પરંતુ અમેરિકાના વૈજ્ઞાનિકો જ તેમના કોરોના સંક્રમણને અટકાવવાને લઈને જાહેર કરતા નિર્ણયો પર પ્રશ્નો ઉઠાવી રહ્યા છે. દુનિયાનો સૌથી શક્તિશાળી દેશ અમેરિકા જ કોરોના સંક્રમણથી ગંભીર રીતે પ્રભાવિત થયો છે.



વસઈ રેલવે સ્ટેશનથી ઓડીસા જવા માટેની વિશેષ શ્રમિક ટ્રેનમાં પ્રવાસ કરતા અગાઉ સનસિટી ગ્રાઉન્ડમાં મેડિકલ ચેકઅપ માટે એકઠા થયેલા મજૂરો વચ્ચે એક હાથમાં નવજાત બાળક અને બીજા હાથથી ત્રણ-ચાર વર્ષના બાળકનું બાવડું પકડીને તેને દોરીને લઈને જતી એક મહિલા તસવીરમાં નજરે ચડે છે જે મજૂરોની દયનીય સ્થિતિને વાચા આપે છે.

એકે-૪૭ સહિત કેટલાય હથિયાર જપ્ત કરવામાં આવ્યા

ઝારખંડમાં સીઆરપીએફએ ત્રણ નક્સલીઓને મોતને ઘાટ ઉતાર્યા

રાંચી

ઝારખંડના પશ્ચિમી સિંહભૂમમાં ગુરુવારે સવારે સાડા ચાર વાગ્યે સીઆરપીએફ, રાજ્ય પોલીસ અને નક્સલવાદીઓ વચ્ચે અથડામણ થઈ છે. આ અથડામણમાં ત્રણ નકસલવાદીઓ માર્યા ગયા છે.

આઈજી ઓપરેશન સાકેત કુમાર સિંહે કહ્યુ, 'અથડામણમાં ત્રણ નકસલવાદીઓ માર્યા ગયા છે અને એકને ઈજા પહોંચી છે. પોલીસે વિસ્તારમાં મોટાપાયે તપાસ અભિયાન શરૂ કરી દીધું છે. એકે-૪૭ સહિત ભારે માત્રામાં હથિયાર જપ્ત કરવામાં આવ્યા છે.

ઉઇગુર મુસ્લિમોના ઉત્પીડન માટે જવાબદાર

ચીની અધિકારીઓ પર પ્રતિબંધ મૂકતા કાયદાને અમેરિકી સંસદમાં બિલ પાસ

વોશિંગ્ટન

કોરોના વાયરસને લઈ ચાલી રહેલા તણાવની વચ્ચે ટ્રમ્પ પ્રશાસને મુસ્લિમ કાર્ડ ખેલતા ચીનને પછાડવાનો પ્લાન તૈયાર કરી દીધો છે. અમેરિકન પ્રતિનિધિ સભાએ બુધવારના રોજ ઉઇગુર મુસ્લિમોને ઉત્પીડન કરવા માટે જવાબદાર ચીની અધિકારીઓ પર પ્રતિબંધ મૂકવાના કાયદાને ભારે બહુમતીથી મંજૂરી આપી દીધી છે. હવે આ બિલને રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની મંજૂરી માટે વ્હાઈટ હાઉસ મોકલી દેવાયું છે.

આ બિલ માટે થયેલા વોટિંગમાં પક્ષમાં ૪૧૩ વોટ જ્યારે વિરૂદ્ધમાં માત્ર એક જ વોટ પડ્યો. બિલ પાસ થયા બાદ કેટલાંય નેતાઓએ કહ્યું કે સેનેટે આ બિલને સર્વસહમતિથી પાસ કર્યું છે. જેથી કરીને માનવાધિકારોનું હનન કરવા પર ચીન પર પ્રતિબંધ મૂકી શકાય. રિપબ્લિકન પાર્ટીના કેટલાંક નેતાઓએ કહ્યું કે અમને આશા છે કે રાષ્ટ્રપતિ ટ્રમ્પ આ બિલ પર ટૂંક સમયમાં હસ્તાક્ષર કરશે.

ઉઇગુર મુસ્લિમોને લઈ બિલ પસાર થતા અમેરિકા અને ચીનની વચ્ચેનો વિવાદ વધુ ઘેરાવાની સંભાવના છે. ચીન જયાં તેને પોતાના સંપ્રભુતાનું ઉલ્લંઘન ગણાવશે તો અમેરિકા તેને માનવાધિકારો સાથે જોડીને ઉઠાવેલું પગલું ગણાવશે. ચીન અને અમેરિકાની વચ્ચે પહેલેથી જ ટ્રેડ વોર, સાઉથ ચાઇના સી અને કોરોના વાયરસને લઈ તપાસ પર વિવાદ છે.

MARKET4U (OPC) PVT. LTD. ની તમામ જિલ્લા-શહેર અને એરિયા માટે એજન્સી મેળવવા સંપર્ક કરો : 9978406257

જોજો ચૂકી જતા આ મોકો

MARKET4U (OPC) PVT LTD

ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

CONNECTINDIANS

પ્લાન માટે

માત્ર રૂપિયા 300/- ભરી જાહેરાત કરી શકે તેવા અને પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા

૫૦૦૦થી વધુ ભાઈ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને

મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો

(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને

જીતો

MARUTI ALTO





HONDA ACTIVA



BRANDED MIXER

ડ્રો 31st ડિસેમ્બર

(શરતો લાગુ રહેશે)

9978406257

શુ આપ MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/- ભરાવી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત MARKET4U (OPC) PVT. LTD.ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. (T.& C.Apply)

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

MARKET 4U (OPC) PVT. LTD. ફ્રેન્ચાઈઝી નીમવાના છે

CEO MARKET4U (OPC) PVT. LTD., Dhananjay zaveri,
Surat - Bharuch. 7575006850 www.connectindians.in

MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી (રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના) ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)
એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- (T. @ C.apply)

ઓફીસ એડ્રેસ

સુરત

MARKET4U (OPC) PVT. LTD.
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૪૭

ભરૂચ

MARKET4U (OPC) PVT. LTD.
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ MARKET4U (OPC) PVT. LTD.નું નવું સાહસ WWW.CONNECTINDIANS.IN

MARKET4U (OPC) PVT. LTD.ના connectindians પ્લાન સાથે માત્ર રૂપિયા ૨૦૦/-ભરી જોડાઈ જાવ અને MARKET4U (OPC) PVT. LTD. વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો **9978406257**

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૩૦૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી MARKET4U (OPC) PVT. LTD. કંપની આપની આવકમાંથી TDS બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં NEFTથી જમા કરશે. તો રાહ શેની માત્ર ૬૫૦/- ભરો અને અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૩૦૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in

ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ

CONNECT INDIANS : MLM Plan Rs. 200
INCOME ILLUSTRATION OF 1 X 5 DOWNLINES

DOWNLINE LEVEL	No. OF DOWNLINE	INCOME IN RS.	TOTAL AMOUNT IN RS.	5% TDS DEDUCTION	TOTAL AMOUNT AFTER TDS
1	5	20	100	5	95
2	25	10	250	13	238
3	125	5	625	31	594
4	625	5	3125	156	2969
5	3125	5	15625	781	14844
6	15625	5	78125	3906	74219
7	78125	5	390625	19531	371094
8	390625	5	1953125	97656	1855469
TOTAL EARNING :					2319520

Note : This illustration is based on assumption that every Member makes 5 Downlines

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ

૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.
★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે

★ **ડાયરેક્ટર:** જોડાયાના એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો રૂા. ૧૫૦૦ની MRPનું નેગેટીવ આયર્ન બ્રેસલેટ ફ્રી ગીફ્ટમાં મળશે

★ **સિલ્વર ડાયરેક્ટર:** જોડાયાના ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એક્ટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી

★ **ગોલ્ડ ડાયરેક્ટર:** જોડાયાના છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.

★ **પ્લેટિનમ ડાયરેક્ટર:** જોડાયાના એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૩૦૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ સાથે ટ્રાન્સફર કરો. ટ્રાન્ઝેક્શનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ www.connectindians.in વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી 99999999 Dhananjay આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.connectindians.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :

CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257

(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)

તંત્રી લેખ

કોરોના વચ્ચે દુષણ જારી

અશ્લીલ સાઈટના દુષણને રોકવા માટે તમામ પગલા લેવામાં આવ્યા હોવા છતાં તે દુષણ અકબંધ છે. હાલમાં કોરોના કાળમાં પણ આ દુષણ અકબંધ છે. મોટી સંખ્યામાં લોકો અશ્લીલ સાઈટ હજુ પણ નિહાળે છે. કેટલાક નિષ્ણાંતો તો કહી રહ્યા છે કે હાલમાં આ દુષણ લોકડાઉનના ગાળામાં વધારે છે. દેશમાં સોશિય મિડિયાની બોલબાલા વધી રહી છે. સાથે સાથે ઈન્ટરનેટની બોલબાલા પણ વ્યાપક પ્રમાણમાં છે. સસ્તા ડેટા પણ ઉપલબ્ધ છે. આ તમામ કારણોસર હવે મોબાઈલ પર ઈન્ટરનેટ સેવા સરળ રીતે ઉપલબ્ધ બની રહી છે. મોબાઈલ પર અશ્લીલ સાઈટોની બોલબાલા વ્યાપક રીતે રહેલી છે. બે દશકના ગાળામાં દુષ્કર્મ કરનાર નાની વયના યુવાનોની સંખ્યામાં રેકોર્ડ ગતિથી ચિંતાજનક રીતે વધારો થયો છે. આની પાછળ કેટલાક કારણો તો બિલકુલ દેખીતા છે. પ્રત્યક્ષ રીતે ઈન્ટરનેટના માધ્યમથી ઉપલબ્ધ અશ્લીલ સાઈટ્સ સરળ રીતે જોઈ શકાય છે. આના દુષણના કારણે આ બનાવો વધી રહ્યા છે. અલબત્ત સરકારે અશ્લીલ સાઈટ્સ અથવા તો પોર્ન સાઈટ્સ પર પ્રતિબંધ મુકવા માટે અને તેને નિયંત્રિત કરવા માટે તમામ પગલા લીધા હોવા છતાં તેની અસરકારકતા ઘટી રહી નથી. આની પાછળ પણ આ સાઈટ્સને લઈને યુવાનો ખેંચાઈ રહ્યા હોવાના કારણને જોઈ શકાય છે. કોમ્પ્યુટર અને મોબાઈલ પર ઈન્ટરનેટ ગેમ રમવાની બાબત બાળકોને નુકસાન કરી રહી છે. બાળકો પણ મોટી વયના લોકોની જેમ જ ઈન્ટરનેટ તરફ કેન્દ્રિત થઈ રહ્યા છે. ક્યા ક્યા પ્રકારની સામગ્રી જોવામાં આવી રહી છે. આના પર ખુબ ઓછા લોકોનુ ધ્યાન કેન્દ્રિત થાય છે. આના કારણે બાળકોના શિક્ષણને માઠી અસર થઈ રહી છે. સાથે સાથે બાળકોની માનસિક સ્થિતી પણ ખરાબ થઈ રહી છે. કેટલાક કેસોમાં તો તેમને પુન વસવાટ કેન્દ્રોમાં પણ મોકલી દેવામાં આવે છે. થોડાક વર્ષો પહેલા કેન્દ્ર સરકારે સ્વાગતરૂપ પહેલ કરીને અશ્લીલ સાઈટ્સ ધરાવતી સંસ્થાઓ પર કાર્યવાહી કરી હતી. સાથે સાથે અશ્લીલ સામગ્રી પિરસતી ૮૦૦ સાઈટ્સ પર પ્રતિબંધ લાદી દીધા હતા. આ સાઈટ્સને બંધ કરવાના આદેશ જારી કરી દીધા હતા. ઉલ્લેખનીય છે કે ૨૦૧૫માં કોર્ટે અશ્લીલ સાઈટ્સ બંધ કરવાના સંબંધમાં કેન્દ્ર સરકાર પાસેથી જવાબની માંગ કરી હતી. એ વખતે સરકારે ચાઈલ્ડ પોર્નોગ્રાફી પર પ્રતિબંધ મુકવા માટેની સહમતિ દર્શાવી હતી. પરંતુ સિવિલ લિબર્ટિજ અને તમામ સંગઠનોએ એમ કહીને આની સામે વાંધો ઉઠાવ્યોહતો કે કોઈ વ્યક્તિને એકાંતમાં કોઈ પોર્નોગ્રાફી ફિલ્મ જોવાથી કેમ રોકી શકાય છે. પરંતુ આ માત્ર વ્યક્તિ સ્વતંત્રતાનો પ્રશ્ન નથી. શુ ઈન્ટરનેટનો ઉપયોગ કરનાર વ્યક્તિને મર્યાદિત કરી શકાય છે. વર્તમાન સમયમાં આવી કોઈ વ્યવસ્થા નથી જેના કારણે કોઈ નિયંત્રિત ચીજો પુખ્તવયના લોકો સુધી મર્યાદિત રહે. બાળકો ક્લીક કરે ત્યારે આવી કોઈ સાઈટ્સ ન ખુલી જાય. આવી સ્થિતીમાં અશ્લીલ સાઈટ્સોને ચલાવવા માટેની બાબત કેટલી વાજબી છે. ચોક્કસપણે બાળકો સુધી આની ઉપલબ્ધતા ખતરનાક છથે. સાથે સાથે વિકૃતિ સમાન છે. અમને આ બાબતને તાર્કિદની રીતે સમજી લેવાની જરૂર છે.

અશ્લીલ સાઈટોને ચાલુ રાખવા માટેની બાબત કેટલી વાજબી છે તેની ચર્ચા છેડાઈ

ગુજરાત હાઈકોર્ટના આદેશ અનુસાર દેશભરની અદાલતો આદેશો આપવાનુ શરૂ કરી દે તો!?

ભારતમાં એક જ દિવસમાં ૬૦ હજારથી વધુ નવા કોરોના કેસ નોંધાતાં કેસની સંખ્યા ડોઢ લાખની તદ્દન નજીક પહોંચી ગઈ છે. તો છેલ્લા ૨૪ કલાકમાં ૧૭૮ વ્યક્તિના મોત થતાં મૃતાક ૫૦૦૦ થવા તરફ આગળ વધી રહ્યો છે..... ત્યારે કેન્દ્રના આરોગ્ય મંત્રાલયે દાવો કર્યો છે કે વિશ્વના દેશો કરતા ભારતમાં મૃતાક ઘણો જ ઓછો છે. તે સાથે દેશભરમાં ૬૬ હજાર કરતાં વધુ દર્દી સાજા થયા હોવાનો પણ દાવો કરવામાં આવ્યો છે. જો કે વિશ્વનો એક પણ દેશ કોરોના મારક દવા હજી સુધી શોધી શક્યો નથી તે એક સત્ય હકીકત છે....! જ્યારે ભારતમાં ગુજરાત રાજ્યના સંશોધકોએ કોરોનાવાયરસ ના ૧૩૧ જેટલા વંશ સૂત્રો શોધી કાઢ્યા છે જેના થકી કોરોના મારક દવા કે રસી તૈયાર કરવામાં સરળતા રહેશે.... હવે ટૂંકમાં જ વિજ્ઞાનીઓ દવા બનાવવામાં સફળ થશે તેવો વિશ્વાસ તજગ્યો કરી રહ્યા છે. આ બધા વચ્ચે અમદાવાદ ખાતેની એસ જી વી પી હોસ્પિટલના આયુર્વેદ તજગ્યો-ડૉક્ટરોએ કોરોના દર્દીઓની પંચગવ્ય સારવાર શરૂ કરતા કોરોના દર્દીઓ ઝડપથી સાજા થવા લ:ગ્યા છે... આ પંચગવ્યની સારવારમાં ગૌમુત્ર અર્ક અતિ ઉપયોગી બની રહ્યો છે. તો બીજી તરફ ૧૨ દિવસ પહેલા અમદાવાદ ખાતે આવેલ સમરસ હોસ્ટેલ ખાતે કોવિડ કેર સેન્ટર ખાતે કોરોના વાયરસ દર્દીઓને કેન્દ્રના આયુષ યંત્રાલયના માર્ગદર્શન અનુસાર આયુર્વેદ દવા,ઉકાળા વગેરે આપવાનું શરૂ કરતા માત્ર ૭ દિવસની સારવાર બાદ ૨૦૩ જેટલા દર્દીઓના રિપોર્ટ નેગેટીવ આવતા સરકારે જથ્થાબંધ આયુર્વેદિક દવા મંગાવીને તાત્કાલિક અનેક દર્દીઓને માટે આ દવા શરૂ કરી દીધી છે જે અસરકારક બની ગઈ છે. અને તેના કારણે અનેક કોરોના દર્દીઓનો બચાવ થયો છે.... જે ઘણી સુખદ બાબત છે....“

ગુજરાતમાં કોરોના દર્દીઓમાં મોટાભાગના ગરીબ,મજૂર, મધ્યમ વર્ગના દર્દીઓ સિવિલ હોસ્પિટલ અને વીએસ હોસ્પિટલમાં દાખલ થતા હોય છે..ઉપરાત અમદાવાદ કોરોના સંક્રમિતોનુ હોટસ્પોટ બની ગયુ છે ત્યારે કોરોના દર્દીઓ વધુ છે.... પરંતુ સિવિલમા દાખલ થયા પછી સારવારમા ધાધીયા હોવાની ફરીયાદો વધુ ઉઠવા પામી હતી.તે સાથે મૃતાક પણ વધુ હતો... તો ડોક્ટરોને,નર્સોને,મેડિકલ સ્ટાફને જોઈતી સુરક્ષા કિટો ઉપલબ્ધ ન હતી... ઉપરાંત ૧૨૦૦ બેડની ખાસ કોરાના હોસ્પિટલ હાઉસફુલ થઈ ગઈ હતી. દર્દીઓની સેવા કરતાં ડોક્ટરો,નર્સો,મેડિકલ કરમચારીઓ પણ કોરોનાની ચપેટમા આવી ગયા હતા. પરંતુ તેઓની સારવારમાં પણ ધાધિયા હતા તો પોલીસને કોરોના થતાં તેમને કોઈ સાંભળવા કે દાખલ કરવા તૈયાર ન હતા. આખરે પોલીસ તંત્રના ઉચ્ચ અધિકારીઓ સુધી ફરિયાદ થતાં તેમની સારવાર હાથ ધરવામા આવી હતી... તો સામાન્ય ગરીબ વર્ગનુ શું.....? આવા સવાલ ઉઠવા લાગ્યા હતા...ત્યારે એક ડૉક્ટરે તમામ પરિસ્થિતી બાબતે હાઈકોર્ટમાં નનામો પત્ર લખતા હાઈકોર્ટે સુઓમોટો દાખલ કરીને સરકારને, આરોગ્ય તંત્રને આડેહાથ લેવાં સાથે કેટલાક જરૂરી સૂચનો કર્યા અને હાઈકોર્ટે મુલાકાત લેશે એવું કહેતા સરકાર અને આરોગ્ય તંત્ર દોડતું થઈ ગયું.... ખુદ આરોગ્ય સચિવ જયંતિ રવિ કે જે બે મહિનાથી કોરોના દર્દીઓ અંગેની માહિતી આપતા હતા જોકે હવે સરકારે કોરોના દર્દીઓના આંકડા બહાર ન આવે તે માટે તેમની પ્રેસ મીટ બંધ કરાવી દીધી છે.....! ત્યારે બે મહિના પછી સિવિલ હોસ્પિટલની મુલાકાતે આવ્યા હતા ત્યાર બાદ જે કોરોના દર્દીઓનુ ધ્યાન અપાતુ ન હતું તે બધાની વ્યવસ્થિત સેવા સુશ્રુષા શરૂ કરી દેવામા આવી.... ત્યારે આમ પ્રજા હાઈ કોર્ટ ઉપર આફરીન થઈ ગઈ છે... અને કહે છે કે દેશની દીવાદાંડી સમાન દેશ ભરની તમામ ન્યાયની દેવડીઓ ગુજરાત હાઈકોર્ટની જેમ રાજકીય શેહ-શરમ રાખ્યા વગર ન્યાયિક આદેશો આપે તો એક પણ રાજ્ય સરકાર ખોટા બણગાં નહી ફૂંકે.....!

દેશભરમાં સ્વનિર્ભરની બાબતે લોકોમા એક નવો ઉત્સાહ વ્યાપ્ત થયો છે-નવો વળાક આવ્યો છે...જો કે ગામડાઓમાં તો વર્ષોથી સ્વનિર્ભરતા ચાલે છે.... શહેરોમાં આથમી ગઈ હતી પરંતુ મોદીજીના સ્વનિર્ભરના આહવાન પછી લોકો જાગૃત થઈ ગયા છે. લોકો દેશમાં જ ઉત્પાદન થયેલી વસ્તુઓ ખરીદવા તરફ વળ્યા છે.જે એક બહુ જ સૂચક બાબત છે.... પરંતુ વિદેશી કંપનીઓ દેશમાં વર્ષોથી ધામા નાખ્યા છે અને લોકોપયોગી ઉત્પાદનો કરે છે... તો મલ્ટિનેશનલ કંપનીઓ જેમાં અમેરિકાની પણ છે તેની સામે કેન્દ્ર સરકાર ઝુકી નહી જાય તેની ખાતરી શું.....?તેવો સવાલ લોકોમાં ઉદભવ્યો છે....! છતાંય લોકો કોડ નંબર ૮૯૦ જોઈ ખરીદે છે પણ તિરંગાની નિશાન પ્રિન્ટ હોય તો અભણ લોકો પણ સમજે કે આ સ્વદેશી વસ્તુ છે. તો કેટલાક દેશ પ્રેમી યુવાધન કહે છે કે સ્વનિર્ભરતાનો મોદીજીએ આપેલો મહામંત્ર છે.... એટલે હવે પહેલાની જેમ ચૂંટણીઓમાં બેલેટ પેપર આવી જશે.... અને ઈવીએમ ને ખૂણામાં.... કારણ સ્વનિર્ભર-સ્વદેશની બાબત છે.... શું આવું બની શકશે ખરું.....? તેવો સવાલ લોકો ઉઠાવી રહ્યા છે.....!? વંદે માતરમ્

કોરોના તાંડવમા દેશ વિકાસના પાયાને ભૂલી જવાશે તો બજારમા નાણા ક્યાંથી આવશે.....?

વિશ્વભરમા કોરોનાનુ તાંડવ નૃત્ય ચાલી રહ્યું છે જેને કારણે કોરોનાગ્રસ્ત દેશોમા ૩ લાખ૪૭ હજારને પાર મૃતાક પહોંચી ગયો છે અને કોરોના દર્દીઓને સંખ્યા ૫.૫ મિલિયન પાર થવા પર છે. ભારતમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ડોઢ વાખને આબવાની તૈયારીમાં છે અને મૃતાક ૪૩૧૯ ને પિર થવા તલફ છે. ભારત માટે મહારાષ્ટ્ર, બિહાર, ગુજરાત, આસામ, ઓડિશા કોરોના દરદીની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે.... ગુજરાત રાજ્ય સિવાયના આ રાજ્યોમાં કોરોના ટેસ્ટ વધુ પ્રમાણમા થઈ રહ્યા છે જે એક સત્ય હકીકત છે. ત્યારે ગુજરાતમાં સરકારની આબરૂ બચાવવા કોરોનાના ટેસ્ટ ઘટાડી દેવામાં આવ્યા છે....જે ગુજરાતના લોકો સાથે સરકારી તંત્રનો બહુ ખોટો નિર્ણય છે આ કારણે ગુજરાતમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ઓછી બતાવવાનો અધિકારીઓ મોટો જુગાડ રમી રહ્યા હોવાની શંકા આમ પ્રજામાં ચર્ચાસ્પદ બાબત બની ગઈ છે.....! શા કારણ ટેસ્ટ ઘટાડી દેવામા આવ્યા....? કોના કહેવાથી ટેસ્ટીંગ ગતિ ધીમી પાડી દીધી છે....? આમ કરીને સંક્રમિત લોકોની સંખ્યા ઓછી થઈ જાય અને વિશ્વ લેવલે તેની નોંધ લેવાય તે માટે ટેસ્ટ ઓછા કરવાની હોવાની બાબત આમ પ્રજામાં ગંભીરતા પૂર્વક થઈ રહી છે. સીવીલ હોસ્પિટલ,વીએસ તો હાઉસફુલ થઈ ગઈ છે તો જિલ્લામાં મુખ્ય ગણાતી ખાનગી હોસ્પિટલો હસ્તગત કરવા તંત્ર દોડાદોડી કરવામાં લાગી ગયું છે... ત્યારે નામી હોસ્પિટલ વીએસ-૨ ભૂલી ગયા છે કે પછી સત્તાધારી ભાજપાને વી એસ નામથી એલર્જી લાગે છે તેવુ લોકો કહે છે તે સાથે મહાત્મા મંદિર ગાંધીનગર ખાતે ઘણી બધી સુવિધા છે તેમાં જરૂરી સુવિધા ઉભી કરી દો... આખરે પ્રજાના પૈસાથી તો બધું ઊભું કરવામાં આવેલ છે... તો પ્રજાને કામમાં તો આવે.....!


કોરોનાને કારણે લોકડાઉન જાહેર કરતાં અગાઉ તે બાબતે ચેતવણી આપવામાં આવી હોત તો મોટાભાગના શ્રમજીવીઓને હેરાન પરેશાન થયા વગર પરિવારની સલામતી સાથે વતન પહોંચી ગયા હોત. પરંતુ તેમાં થોડી ચૂક થઈ..... પરિણામે લાખો શ્રમજીવીઓ- કામદારો ભારે પીડા વેઠીને પણ વતન પહોંચી ગયા છે... તો અનેક વતનના રાજ્યની સરહદે અટવાઈ પડ્યા છે, કેટલાકો ના મૃત્યુ થયા છે પરંતુ હવે આ કામદારો નું મહત્વ શું છે તેનો અનુભવ દરેક રાજ્યોને થશે.... જો કે તેમાં નાના-મોટા ઔદ્યોગિક એકમો પણ બાકાત નહીં રહે....! પરિણામે માર્કેટમાં પણ પૈસો દેખાશે નહીં....! તો પછી અર્થતંત્ર કઈ રીતે પાટા પર આવશે....? સરકાર ભારત એક ખેતીપ્રધાન દેશ હોવાનું ભૂલી ગઈ છે.....! તો જે તે ક્ષેત્રના ઉદ્યોગોનો- ઉત્પાદન ક્ષેત્રનો વિકાસ થયો તેના પાયામાં જ શ્રમજીવીયો છે.... જેમાં ગરીબ, મજૂર, રોજમદારો, મધ્યમ વર્ગ આવી જાય. સરકાર આ પાયાના વર્ગોને ભૂલી ગઈ છે... આ વર્ગના ખિસ્સામાં પૈસા આવતાં બંધ થાય તો બજારની ચમક કઈ રીતે આવશે.....? ત્યારે સરકારે હવે માત્ર ને માત્ર આ પાયાના શ્રમજીવીઓના ખીસામા પૈસાનાખવા જરૂરી છે... નહીં તો.... ખરીદનારા નહીં મળે તો ઉત્પાદનો કોણ ખરીદશે....? પરિણામે અર્થતંત્ર દસ વર્ષ પાછળ ધકેલાઈ જવાની સંભાવના છે.....!!

ગુજરાતમાં કોરોના ટેસ્ટ બાબતે રેસિડેન્ટ ડોક્ટરના નનામા પત્રએ અને નર્સ એસો.ના પત્રએ ગુજરાત સરકારની ઉંઘ હરામ કરી નાખી છે....! ભાજપા આઈ ટી સેલ સરકારના બચાવમાં કે કોઈ સફળ અધિકારીને બદનામ કરવામાં સોશ્યલ મીડિયા પર ઉતરી પડતું હતું ત્યારે લોકો આકરા થતા તેમાના અનેક ને પોતાની ટ્વિટડિલીટ કરવી પડી છે તો કેટલાકને માફી માંગવી પડી છે. પણ એક હકીકત બહાર આવી ગઈ છે કે ખૂદ ભાજપાનુ આઈટી સેલ લોકોને ગુમરાહ કરે છે.... ટેસ્ટ ઓછા કરી દેવામાં આવ્યા છે પરિણામે મૃતાક વધવા લાગ્યો છે.... તો કોરોના કેસોની સંખ્યા પણ વધવા લાગી છે... ગુજરાત સિવાય કોઈ રાજ્યએ ટેસ્ટ ઘટાડ્યા નથી કારણ કે પોઝિટીવ હોય તો તે મુજબ તાત્કાલિક સારવાર થઈ શકે.... પરંતુ આ બાબત તંત્રના અધિકારીઓ સમજી શક્યા નથી.....! અને હવે લોકો જ કહેતા થઈ ગયા છે કે સરકારી તંત્ર કોરોના વિરુદ્ધ નહિ પરંતુ પ્રજા વિરુદ્ધ લડી રહ્યુ લાગે છે.....!? ત્યારે સરકાર ટેસ્ટીગ પ્રક્રિયા વધારે તે અતિ જરૂરી છે..... બાકી પ્રજા જ્યારે ટેસ્ટ લેશે ત્યારે તમે ક્યાં હશો તે કદાચ શોધવું પડશે.....! અને હવે તો શ્રમજીવી ટ્રેનો આત્મનિર્ભર બની ગઈ છે....! જ્યાં જવું હોય ત્યાં જાય.... સંકલનનો અભાવ.... પરિણામે શ્રમજીવીઓ ભૂખ્યા-તરસ્યા દસ-બાર દિવસે વતન પહોંચ્યા.....!? હવે આ શ્રમજીવીઓ તમારા પર કેટલો વિશ્વાસ રાખશે...? કદાચ મધ્યપ્રદેશ તેનો જવાબ આપશે.....!? વંદે માતરમ્

દર્શકો વગર પણ આ વર્ષે આઈપીએલ યોજવા માટે કુંબલે આશાવાદી

બેંગલુરુ

ભારતીય ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ કેપ્ટન અને કિંગ્સ ઈલેવન પંજાબના હેડ કોચ અનિલ કુંબલેએ ચાલુ વર્ષે જ આઈપીએલ ટુર્નામેન્ટ યોજાવા અંગે આશાવાદ વ્યક્ત કર્યો છે. જો કે કોરોના મહામારી વચ્ચે આઈપીએલ ઈવેન્ટ ખાલી સ્ટેડિયમમાં રમાડવા અંગે પણ કોઈ વાંધો નહીં હોવાનું કુંબલેએ જણાવ્યું હતું.



આઈપીએલ ક્યારે યોજાશે તે અંગે હજુ કોઈ સ્પષ્ટતા નથી કરાઈ પરંતુ બીસીસીઆઈ ઓક્ટોબરમાં આઈપીએલ યોજવા માંગે છે તેવી અટકળો ચાલી રહી છે. એક સ્પોર્ટ્સ ચેનલમાં વાતચીત દરમિયાન કુંબલેએ જણાવ્યું હતું કે, આઈપીએલ ચાલુ વર્ષે યોજાવા અંગે તેઓ હજી પણ આશાવાદી છે જો ઝડપથી કાર્યક્રમ નક્કી કરી લેવાય છે તો આ વર્ષે ઓક્ટોબરમાં આઈપીએલ યોજી શકાય છે તેમ કુંબલેએ ઉમેર્યું હતું.

જો દર્શકો વગર જ આઈપીએલનું આયોજન કરવામાં આવે છે તો ત્રણ-ચાર સ્થળો છે જ્યાં ટુર્નામેન્ટનું આયોજન શક્ય છે. અમે આ ટુર્નામેન્ટ માટે ઘણા આશાસ્પદ છીએ. નોંધનીય છે કે અનિલ કુંબલે આઈસીસીની ક્રિકેટ કમિટીના ચેરમેન પણ છે. બીજીતરફ પૂર્વ ભારતીય બેટ્સમેન વીવીએસ લક્ષ્મણે પણ જણાવ્યું કે હિસ્સેદારો એક કરતા વધુ સ્ટેડિમય હોય તેવા શહેરોની પસંદગી કરી શકે છે જેથી ખેલાડીઓના ટ્રાવેલિંગને ઘટાડી શકાય. આઈપીએલનું આ વર્ષે આયોજન કરવું શક્ય છે અને દરેક ભાગીદારોએ પોતાનો મત જણાવવો જોઈએ તેમ લક્ષ્મણે ઉમેર્યું હતું.

રાજીનામાની ચિમકી ઉચ્ચારતા ખળભળાટ

રાજકોટ સિવિલ હોસ્પિ.માં ડોક્ટરની બદલી થતા ૧૧ તબીબો નારાજ

રાજકોટ

રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ડો.એસ.કે. ગઢવીની ભાવનગર ખાતે બદલી કરવામાં આવતા સાથી ૧૧ ડોક્ટરો નારાજ થયા છે. આ ૧૧ ડોક્ટરોને બદલીનો મેસેજ મળતા તેઓ નારાજ બન્યા છે. આથી તેઓએ મેડિકલ કોલેજના ડીન ડો. ધ્રુવીને રજૂઆત કરી હતી. બાદમાં કલેક્ટરને રજૂઆત કરવા પહોંચ્યા હતા. બદલી પાછી ખેંચવામાં નહીં આવે તો રાજીનામા આપી દઈશું તેવી ચિમકી ઉચ્ચારી છે. પરંતુ જિલ્લા કલેક્ટર રેમ્યા મોહને ડોક્ટરોને ઉધડા લીધા હતા અને કટોકટીના સમયે આવી રજૂઆતને અયોગ્ય ગણાવી હતી. જો કોરોના વોરિયર જ આ કપરા કાળમાં વિરોધ પ્રદર્શિત કરશે રાજીનામાં આપવાની ચીમકી ઉચ્ચારશે તે કદાપી ચલાવી નહી લેવાય. તો બીજી તરફ જ્યારે તમામ તબીબો કલેકટર સાથે મિટિંગ કર્યા બાદ બહાર નીકળ્યા ત્યારે આ તમામ તબીબો મીડિયાને જોતા ભાગતા નજરે પડ્યા હતા.

નારાજ થયેલા તબીબોમાં ડો. એસ.કે.ગઢવીચારણ, ડો.એ.પી.ત્રિવેદી, ડો.પી.જે.દુધરેજીયા, ડો.એમ.એન.અનડકટ, ડો.આર.એમ.ગંભીર, ડો.એમ.ડી.પંચાલ, ડો.ડી.એ.બુધરાણી, ડો.એમ.એસ. ભપલ, ડો.એચ.એન.મકવાણા, ડો.એમ.એમ.રાઠોડ અને .પી.એસ.પાટીલનો સમાવેશ થાય છે. એક તરફ કોરોનાની મહામારી છે અને કેસો દિવસેને દિવસે વધતા જાય છે ત્યારે બીજી તરફ ૧૧ ડોક્ટરોએ નારાજગી વ્યક્ત કરતા આરોગ્ય વિભાગ માટે પણ ચિંતાનો વિષય છે.

પોલીસે આરોપીઓને પકડવા માટે નાકાબંધી કરી

ઉના ભાજપના પૂર્વ ધારાસભ્ય સહિત ત્રણ વ્યક્તિ પર અજાણ્યા લોકોનું ફાયરિંગ

ગીર સોમનાથ

ઉના નગરપાલિકાનાં પ્રમુખ અને ભાજપનાં ભૂતપૂર્વ ધારાસભ્ય કે.સી રાઠોડ પર બે અજાણ્યાં શખ્સો દ્વારા ફાયરિંગ કરવામાં આવતા ચારે બાજુ ભારે ચકચાર મચી ગઈ છે. આ ઘટનામાં મળતી માહિતી મુજબ નગરપાલિકાનાં પ્રમુખ કે.સી રાઠોડ પર બાઈક પર આવેલાં બે અજાણ્યાં શખ્સોએ ફાયરિંગ કર્યું હતું. આ ઘટનામાં કે.સી રાઠોડ સહિત ૩ વ્યક્તિઓને ગોળી વાગી હતી. જેથી તેઓ ત્રણેયને સારવાર અર્થે નજીકની હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યાં હતાં. હાલમાં તેઓની સારવાર ચાલુ છે.

કે.સી રાઠોડને વધુ સારવાર માટે રાજકોટ ખાતેની હોસ્પિટલમાં ખસેડાયાં છે. આ ઘટના અંગેની જાણ થતા પોલીસ દોડી આવ્યાં બાદ સમગ્ર વિસ્તારમાં તેઓએ નાકાબંધી કરી દીધી હતી. મળતી માહિતી પ્રમાણે બે શખ્સો મોટર સાયકલ લઈને આવ્યાં હતાં. તેમણે ફાયરિંગની આ ઘટનાને અંજામ આપ્યો અને બંન્ને શખ્સો ફરાર થઈ ગયા હતાં. મહત્વપૂર્ણ છે કે, કે.સી.રાઠોડ ૨૦૦૭થી ૨૦૧૨ સુધી ધારાસભ્ય પદે રહ્યાં હતાં.

જો કે આ ફાયરિંગમાં ઘાયલ થયેલા એક વ્યક્તિની હાલત ગંભીર હોવાનું જાણવા મળી રહ્યું છે. બીજી બાજુ આ ઘટના સમયે લોકોનાં ટોળેટોળાં એકત્ર થઈ ગયા હતાં બાદમાં ઘટનાની જાણ થતાં જ ત્યાં પોલીસ પણ ઘટનાસ્થળે દોડી આવી હતી. હાલમાં ઘટનાસ્થળેથી વાગેલી જે ગોળીઓ મળી આવી તેને પોલીસે કબ્જે કરી હતી. ઉપરાંત પોલીસ આ સમગ્ર મામલે તપાસ હાથ ધરી રહી છે. પોલીસે સમગ્ર વિસ્તારમાં નાકાબંધી કરીને હુમલાખોરોને ઝડપી પાડવાનાં ચક્રો ગતિમાન કર્યા છે. જો કે તમને જણાવી દઈએ કે પૂર્વ ધારાસભ્ય કે.સી. રાઠોડ પરનાં હુમલા બાદ સમગ્ર ઉના પંથકમાં ભારેલા અગ્નિ જેવી સ્થિતિ પ્રવર્તી રહી છે.

કોરોના છતાં બે મુસાફરો ફ્લાઈટ દ્વારા અમદાવાદથી ગુવાહાટી પહોંચી ગયા

અમદાવાદ

ઉડ્યન સેવા શરૂ કરવામાં આવ્યા બાદ મુસાફરોના મેડિકલ સ્કીનિંગમાં એકાદ નાની ચૂકથી કોરોનાના સંક્રમણનો વ્યાપ વધી શકે છે તેવી દહેશત સાચી પડી રહી છે. અમદાવાદથી વાયા દિલ્હી થઈને ગુવાહાટી પહોંચનારા બે મુસાફરનો કોરોના રીપોર્ટ પોઝિટિવ આવ્યો છે. અમદાવાદ સહિત દેશભરના એરપોર્ટમાં ૬૧ દિવસ બાદ ૨૫ મેથી ડોમેસ્ટિક પેસેન્જર ફ્લાઈટનો પ્રારંભ થયો હતો. સૂત્રોના જણાવ્યા અનુસાર ૨૫ મેના ફ્લાઈટનો પ્રારંભ થયો ત્યારે જ આ બંને મુસાફરોએ સ્પાઈસ જેટની ફ્લાઈટ (એસજી ૮૧૯૪)માં અમદાવાદથી દિલ્હી અને દિલ્હીથી ગુવાહાટી (એસજી ૮૧૫૨)ની મુસાફરી કરી હતી.

૬ જુલાઈ સુધીમાં ટેન્ડર માંગ્યા

મોદી સરકારે વન-સન-વન વર્લ્ડ વન ગ્રીડ પ્રોજેક્ટ તૈયાર કર્યો

ન્યુ દિલ્હી

ગુરુવારે કેન્દ્રની નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ સરકારે વૈશ્વિક ઈલેક્ટ્રિસિટી ગ્રીડ બનાવવાના ઉદ્દેશથી વન-સન-વન વર્લ્ડ-વન ગ્રીડ બનાવવાનો પ્રોજેક્ટ તૈયાર કર્યો છે. આ પ્રોજેક્ટને પૂર્ણ કરવા માટે ગુરુવારે સરકારે ટેન્ડર માટે લેટર બહાર પાડ્યો હતો. આ પ્રોજેક્ટને અમેરિકાના પેરિસ ક્લાઈમેટ ડીલમાંથી ખસી જવાના અને ચીનની વન-બેલ્ટ-વન રોડની પહેલના પ્રતિસાદના રૂપમાં પણ જોવાઈ રહી છે. ચીનની 'મૈત્રી' પહેલના ભાગરૂપે, એશિયા, આફ્રિકા અને યુરોપમાં રેલ્વે, બંદરો અને પાવર ગ્રીડ જેવા માળખાગત પ્રોજેક્ટ્સમાં રોકાણ થવાનું છે.

રિપોર્ટ અનુસાર, 'જીઓઉ' માટે જારી કરાયેલ ટેન્ડર ફોર્મ ટેક્નિકલ અને નાણાકીય એમ બે ભાગમાં વહેંચાયેલું છે. ટેન્ડર ફોર્મમાં, 'જીઓઉ'ના લોંગ ટર્મ વિઝન, યોજના ઘડવાની, રોડમેપ તૈયાર કરવા અને સંસ્થાકીય માળખા માટે સલાહકારો પાસેથી અરજીઓ માંગવામાં આવી છે.

કોરોના વાયરસથી ભારતને વૈશ્વિક વ્યૂહરચનામાં મોટી હિસ્સેદારીનો મોકો મળ્યો છે. તેને ધ્યાનમાં રાખીને ભારતે 'જીઓઉ' માટે ટેન્ડર મંગાવ્યા છે. લાઈવ મિન્ટના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે આ યોજના માટે ન્યુ એન્ડ રિન્યુએબલ એનર્જી મંત્રાલયમાં ૫ જૂને પ્રી-બિડ બેઠક બોલાવવામાં આવી છે.

ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા ડો.સંબિત પાત્રાનો કોરોના રિપોર્ટ પોઝિટિવ

ન્યુ દિલ્હી

ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા ડો. સંબિત પાત્રાને ગુરુગ્રામની એક હોસ્પિટલમાં દાખલ કરવામા આવ્યા છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે ગુરૂવારે તેમને કોરોનાના લક્ષણો જણાતા ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામા આવ્યા છે.

સંબિત પાત્રામાં કોવિડ-૧૯ના એટલે કે કોરોના વાયરસના લક્ષણો જોવા મળ્યા છે. પાત્રાને ગુડગાંવની મેદાંતા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. વિશ્વની સૌથી મોટી પાર્ટીના રાષ્ટ્રીય પ્રવક્તા હોવાની સાથે સંબિત પાત્રા સર્જન પણ છે. તે હિંદુ રાવ હોસ્પિટલમાં મેડિકલ ઓફિસર તરીકે કામ પણ કરી ચૂક્યા છે. પાત્રા ઓએનજીસીના બોર્ડમાં નોન ઓફિશિયલ ડાયરેક્ટર્સમાંથી એક છે.

મૂળ ઓરિસ્સાના રહેવાસી પાત્રાએ ૨૦૧૯માં લોકસભાની ચૂંટણી પૂરી લોકસભા સીટથી લડી હતી. જોકે પાત્રાનો બીજુ જનતાદળના ઉમેદવાર પિનાકી મિશ્ર સામે ૧૧,૭૦૦ વોટથી પરાજય થયો હતો. સંબિત પાત્રા ન્યૂઝ ચેનલમાં આવનાર ભારતીય જનતા પાર્ટીનો લોકપ્રિય ચહેરો છે.

કેવી કરૂણતા કહેવાય: નઠારા-નઘરોળ તંત્ર સામે કોરોના વોરિયર્સને હાઈકોર્ટના દ્વાર ખટખટાવવા પડ્યા...!

• ડોક્ટરોને બચાવવા મેડિકલ એસો.ની આખરે હાઈકોર્ટમાં રીટ

• તંત્રને ડોક્ટરના નોલેજ પર વિશ્વાસ હોવો જોઈએ, નહીંતર કામ કઈ રીતે થાય...?

• કોરોનાની લડાઈમાં અમારા પાંચ ડોક્ટરો શહિદ થઈ ગયા, ૫૦ સંક્રમિત બન્યા-ડો. મોનાબેન દેસાઈ

• ડોક્ટરો કહે છે અમારૂ ટેસ્ટીંગ કરાવો, સરકાર કહે છે કે નહીં....!

ગાંધીનગર

ગુજરાતમાં કોરોના મહામારીનો સામનો કરવામાં રાજકારણીઓ કરતાં જેઓ સૌથી આગળ છે અને સરકાર જેમને કોરોના વોરિયર માનીને તેમનું હેલિકોપ્ટર દ્વારા પુષ્પ વરસાવીને સન્માન કરવામાં અગ્રેસર છે, એ જ સરકારની કામગીરી સામે પ્રશ્નાર્થ સમાન કોરોના વોરિયર એવા ડોક્ટરોના સંગઠન અમદાવાદ મેડિકલ એસોસિએશન દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં જાહેરહિતની રીટ કરીને તમામ ડોક્ટરોનું કોરોના ટેસ્ટીંગ ફરજિયાત કરાવવની માંગ કરતા સરકારની પોલ પણ ખુલી પડી ગઈ છે. નોંધનીય છે કે ચાલુ સપ્તાહમાં જ હાઈકોર્ટે કોરોનાના મામલે સીવીલ હોસ્પિટલના અંધેર તંત્ર સામે રૂપાણી સરકારનો બરાબરનો ઉધડો લઈ નાંખ્યો હતો અને સીવીલમાં સામાન્ય દર્દીની સારવાર માણસ સમજીને કરવા નહીં કે જાનવર સમજીને,,,એવી ગંભીર ટીપ્પણી કરવાની ફરજ પડી હતી. સીવીલ હોસ્પિટલ કોરોનાના દર્દીઓ માટે દોજખ બની ગયું હોવાનું પણ કોર્ટે નોંધ્યું હતું. હજુ આ મામલો થાળે પડે તે પહેલા ડોક્ટરોને પોતાના જાનની ખાતર હાઈકોર્ટમાં જવાની ફરજ પડી છે.

એમદાવાદ મેડિકલ એસો.ના પ્રમુખ ડો. મોનાબેન દેસાઈએ જીએનએસ સાથેની એક ખાસ મુલાકાતમાં આ અંગે વિસ્તૃત માહિતી આપતાં કહ્યું કે હાં, અમારે ડોક્ટરોના જાનની સલામતી માટે હાઉઈકોર્ટના દરવાજા ખટખટાવવાની ફરજ પડી છે. કેમ કે ગુજરાત સરકાર કોરોનાની સારવાર કરનાર અને કોરોના સિવાયની અન્ય તબીબી સેવા આપનાર ડોક્ટરોના કોરોના ટેસ્ટીંગ માટે તૈયાર નથી.

કેમ રીટ કરવી પડી તે અંગે તેમણે કહ્યું કે, કોરોના સામેની લડાઈમાં અમારા પાંચ ડોક્ટરો શહિદ થઈ ગયા છે. ૪૦થી ૫૦ ડોક્ટરોને કોરોનાનો ચેપ લાગ્યો છે. સરકાર ટેસ્ટીંગ માટે તૈયાર નથી. અમારા પાંચ ડોક્ટરોના કોરોનાથી મોત થયા છે. શેને માટે...? શું કરવાનું અમારે...? અમારા ડોક્ટરોની પણ જિંદગી છે, તેમના ઘર પરિવાર છે. અમે કોરોનામાં કામ કરવાની ના પાડી નથી. પણ જ્યારે ડોક્ટર એમ કહે કે અમે કોરોનાના પેશન્ટની સારવાર કરીએ છીએ ત્યારે સંભવ છે કે ક્યાંક તેમનો ચેપ લાગી જાય તો....? તેથી ડોક્ટરોની એક જ માંગણી છે કે અમારા કેરોના ટેસ્ટ કરાવો, બસ.

તેમણે કહ્યું કે સીરીયસ પેશન્ટ કે કેસમાં ટેસ્ટીંગ માટે ૪-૫ દિવસની રાહ જોવાય નહીં. ટેસ્ટીંગના વર્તમાન નિયમો યોગ્ય નથી. જે ડોક્ટર સીરવાર કરે તેના પર વિશ્વાસ રાખવો જોઈએ, ડોક્ટર કહે કે ટેસ્ટ કરાવો તો ટેસ્ટ કરાવવુ જોઈએ. ડોક્ટરોના નોલેજ પર વિશ્વાસ રાખવો જોઈએ. અને આ આખી કોરોનાની ગંભીર પરિસ્થિતિમાં અમે એટલે કે ડોક્ટરો રીસીવિંગ એન્ડ પર છીએ આખો છેવટનો ભાર અમારા ઉપર આવે. અમારા પાંચ ડોક્ટોએ જાન ગુમાવ્યા, શેના માટે.... શુ કરવાનુ....? અમારું જીવન જોખમમાં મૂકીને કામ કરીએ છીએ ત્યારે સારવાર કરનાર ડોક્ટરોનું જીવન બચાવવા ટેસ્ટીંગ કરાવો, અમે બીજુ કાંઈ માંગતા નથી.

તેમણે એક પ્રશ્નના જવાબમાં કહ્યું કે કોઈ ગંભીર પેશન્ટના કેસમાં કોરોના ટેસ્ટ માટે, ઓપરેશન પહેલા ૪-૫ દિવસ રાહ જોઈ શકાય નહી. ઓપરેશન થઈ ગયું અને પેશન્ટ પોઝીટીવ નિકળ્યો તો શું....? તેની જવાબદારી કોની....? તેથી કોરોના ટેસ્ટીંગ કરાવો એ જ અમારી માંગણી છે. આઈસીએમઆરની નીતિ અંગે તેમણે ઉમેર્યું કે. માત્ર ફ્લુલ્સ રેગ્યુલેશનથી દુનિયા ના ચાલે દરેકના અલગ લક્ષણો હોય. અને આવા નિયમો પ્રટીલ હોવા જોઈએ. જડ નહીં. સીરીયસ પેશન્ટમાં આ નીતિ ના ચાલે. અમે બીજુ કાંઈ માંગતા નથી, ટેસ્ટીંગ કરાવો...કેમ કે બધાનો ફોલ્ટ અમારા ઉપર આવે છે. બધો ભાર અમારા ઉપર છે. ડોક્ટર ઉપર જ તંત્રને વિશ્વાસ ના હોય તો એ ડોક્ટર કઈ રીતે કામ કરે...? ડોક્ટરો કહે કે ટેસ્ટ કરાવો તો કરાવવો જોઈએ. અત્રે ઉલ્લેખનિય છે કે અમદાવાદમાં કોરોનાના દર્દીઓની સારવાર કરનાર ડોક્ટરો પૈકી ૫ ડોક્ટરોના કોરોના ચેપથી મોત થયા છે. અને એક અહેવાલ પ્રમાણે, ૧૦૦ કરતાં વધારે ડોક્ટરો સંક્રમિત થયા છે. તેથી ડોક્ટરોના હિતમાં અમદાવાદ મેડિકલ એસો. દ્વારા સરકાર સામે રીટ કરવામાં આવી છે.

પિતાની હત્યાના આરોપી દીકરાએ ક્વોરેન્ટાઈન સેન્ટરમાં આત્મહત્યા કરી

પંચમહાલ

ગોધરા ખાતે સરકારી ક્વોરેન્ટાઈનમાં આરોપીએ આત્મહત્યા કરતા ચકચાર મચી છે. હત્યાંના એક આરોપીએ ચાદર વડે ગળે ફાંસો ખાઈ કરી આત્મહત્યા કરી છે. દાહોદ રોડ ઉપર આવેલ મકાઈ સંશોધન કેન્દ્ર ખાતેના સરકારી ક્વોરેન્ટાઈન બિલ્ડીંગમાં આ બનાવ બન્યો હતો. કોવિડ ૧૯ની ગાઈડલાઈન મુજબ હત્યાના આરોપીને કોરોના પરીક્ષણ માટે ક્વોરેન્ટાઈન કરવામાં આવ્યો હતો. જેના બાદ તેણે અહી જ ગળેફાંસો ખાધો હતો. બનાવના પગલે ઉચ્ચ પોલીસ અધિરીઓ સહિતની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર, ગોધરાના નાની ડસાર ગામમાં બે દિવસ પહેલા એક પુત્રએ પિતાની હત્યા કરી હતી. પુત્ર પ્રવીણ પરમાર અને પુત્રવધુ વચ્ચે થયેલ બોલાચાલી અંગે પિતાએ ઠપકો આપતા પુત્ર ઉશ્કેરાયો હતો. પ્રવીણ અવારનવાર તેની પત્ની સાથે ઝઘડો કરતો હતો. જેથી મંગળવારે બોલાચાલીમાં તેના પિતા વચ્ચે પડ્યા હતા. ત્યારે ઉશ્કેરાયેલા પુત્રએ પોતાના જ હાથની આંટી મારી પિતાનું ગળું દબાવીને મોત નિપજાવ્યું હતું. પિતાની હત્યા સમગ્ર મામલે કાકણપુર પોલીસ મથકે પુત્ર સામે હત્યાની ફરિયાદ નોંધાઈ હતી.

જો કે રાહતની વાત એ છે કે અહીં હવે કોરોના વાયરસના દર્દીઓની સંખ્યા ૧૪ દિવસમાં બમણી થઈ રહી છે. આ પહેલા આ સમયગાળો ત્રણ દિવસનો હતો. આ સાથે જ રાજ્યમાં મૃત્યુદરમાં પણ ઘટાડો જોવામાં આવ્યો છે. પહેલા આ દર એપ્રિલ મહિનામાં ૭.૬ ટકા હતો જે હવે ઘટીને ૩.૨૫ ટકા થઈ ગયો છે.

વિધવા મહિલાની ક્રૂર રીતે હત્યા કરાયેલી લાશ કૂવામાંથી મળતા ચકચાર

અમદાવાદ

અમદાવાદ નજીક આવેલા કાસીન્દ્રા ગામે ખેતરમાં એકલી રહેતી વિધવાની ક્રૂર રીતે હત્યા કરી લાશને કૂવામાં ફેંકી દેવામાં આવી હતી. હત્યારાએ ઓરડીમાં પહેલા હત્યા કરી હતી, બાદમાં લાશને થોડે દુર આવેલા કુવામાં ગોદડા સાથે બાંધી ફેંકી પુરાવાનો નાશ કરવાનો પ્રયાસ કર્યો હતો. અસલાલી પોલીસે હત્યાનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

આંબલી ગામમાં ચુનારાવાસમાં રહેતા જશુભાઈ ચુનારાના બહેન શોભનાબેનના લગ્નના પાંચ વર્ષ બાદ તેમના પતિનું અવસાન થઈ ગયું હતું. સંતાનમાં ત્રણ બાળકો છે. કાસીન્દ્રા ગામે શોભનાબેનની જમીન આવેલી હોવાથી ખેતરમાં ઓરડી બાંધી રહેતા હતાં. બુધવારે સવારે તેમના દૂરના સગાને શોભનાબેન ઓરડીમાં જોવા ન મળતા અને લોહીના ડાઘ દેખાતા તેમના ભાઈને જાણ કરી હતી. દરમ્યાનમાં અસલાલી પોલીસ, જશુભાઈ અને તેમના સગા ઓરડી પાસે આવી ગયા હતાં. ઓરડીમાં શોભનાબેન ન મળતા આસપાસમાં તપાસ કરી હતી.

વસ્ત્રાપુરમાં દારૂના નશામાં કાર લઈને જઈ રહેલા શખ્સની ધરપકડ

અમદાવાદ

વસ્ત્રાપુર પોલીસ ચાર રસ્તા પાસે વાહન ચેકિંગ કરી રહી હતી ત્યારે પૂર ઝડપે જઈ રહેલા શખ્સને ઉભો રહેવા ઈશારો કર્યો હતો.

જોકે આ શખ્સ ઉભો ન રહેતા પોલીસે તેનો પીછો કરીને આકાશ ટાવરની પાસે સિદ્ધ બંગલો પાસે તેને અટકાવ્યો હતો. તપાસ કરતા તે દારૂના નશામાં હોવાનું બહાર આવ્યું હતું. આથી પોલીસે તેની એમ.જી હેકટર ગાડી કબજે કરી હતી.

પૂછપરછમાં તેને તેનું નામ ઈશાન પરેશભાઈ પાનસુરીયા તથા તે જજીસ બંગલો સામે પહેલગાવ બંગલોઝમાં રહેતો હોવાનું જણાવ્યું હતું. વસ્ત્રાપુર પોલીસે તેની ધરપકડ કરીને વધુ તપાસ હાથ ધરી છે.

કોરોનાની ટ્રીટમેન્ટ ફીના ઘટાડા સામે ખાનગી હોસ્પિટલોએ હાઈકોર્ટનો દરવાજો ખખડાવ્યો

અમદાવાદ

ખાનગી હોસ્પિટલોમાં ફીમાં ઘટાડો કરવો શક્ય નથી તેવી જાહેર હિતની અરજીમાં હાઈકોર્ટે કરેલા આદેશ પર ફરી વિચારણા કરવાની માંગ સાથે કોવિડ ડેઝિગ્નેટેડ ખાનગી હોસ્પિટલોએ હાઈકાર્ટનો દરવાજો ખખડાવ્યો છે. તેઓએ ફરિયાદ કરી હતી કે, હાઈકોર્ટ અને સરકારના દબાણથી ખાનગી હોસ્પિટલો બંધ થવાની શક્યતા છે. સૂત્રોએ જણાવ્યા મુજબ અધિકારીઓએ ખાનગી હોસ્પિટલોને તેમના દરમાં ૩૦% વધુ ઘટાડો કરવા જણાવ્યું છે.

હોસ્પિટલ દ્વારા એવી પણ રજૂઆત કરવામાં આવી છે કે ખાનગી હોસ્પિટલ પહેલાથી જ રાજ્ય સરકાર અને એએમસીને કોરોનાના દર્દીઓ માટે ૫૦ ટકા પથારીઓ આપી દીધી છે. જેમાં એએમસીએ રેફર કરેલા દર્દીઓની સારવાર વિનામૂલ્યે કરાય છે અને જેનો ખર્ચ પણ એએમસી દ્વારા ઉઠાવાય છે. હાઈકોર્ટ દ્વારા ૧૪ મેના આદેશથી સરકારે મેળવેલા પથારી સિવાય ૫૦% ખાનગી પથારી માટેના દરને કાપવાના આદેશ ઉપરાંત અમદાવાદ હોસ્પિટલ અને નર્સિંગ હોમ્સ એસોસિએશનએ પણ અધિકારીઓ ખાનગી દર્દીઓની સારવાર માટે દરોમાં વધુ ઘટાડો કરશે તેવા હાઈકોર્ટના ૨૨ મેના આદેશ સામે વાંધો નોંધાવ્યો છે.



લોકડાઉન દરમિયાન વિજયવાડામાં ચહેરાના માસ્ક પહેરવાના મહત્વ વિશે જાગૃતિ માટે ભીંતચિત્રો દોરવામાં આવ્યા છે.

આગામી સુનાવણી ૧૮ જૂને થશે

મૌલાના સાદ વિરુદ્ધ તપાસ કરવા એનઆઈએની માગ પર સુનાવણી સ્થગિત

ન્યુ દિલ્હી

દિલ્હી હાઈકોર્ટે દિલ્હીના નિઝામુદ્દીન મરકજ કેસમાં મૌલાના સાદ સામે તપાસ ચાલી રહી છે. દિલ્હી પોલીસે એનઆઈએને ટ્રાન્સફર કરવા માટે દિશા- નિર્દેશો જાહેર કરવાની માગ કરતી અરજી પર સુનાવણી ટળી છે. આ મામલે આગામી સુનાવણી ૧૮ જૂને થશે.

કોર્ટે નિર્ણયની જાણકારી માગી હતીગત્ત ૧૩ મે જસ્ટિસ સિદ્ધાર્થ મૃદુલની અધ્યક્ષતાવાળી બેન્ચે અરજીકર્તાથી તપાસ ટ્રાન્સફર કરવા સાથે જોડાયેલા નિર્ણયોની જાણકારી માગી હતી. સુનાવણી દરમિયાન દિલ્હી પોલીસે આ અરજીનો વિરોધ કર્યો હતો. દિલ્હી પોલીસે કહ્યું કે, આ મામલે તપાસ સાચી દિશામાં ચાલી રહી છે.

આ અરજી મુંબઈના એક વકીલ ઘનશ્યામ ઉપાધ્યાયે દાખલ કરી છે. આ અરજીમાં કહ્યું છે કે, તબલીઘી જમાતના કાર્યક્રમમાં હજારો લોકોએ જોડાઈને કેન્દ્ર સરકારના દિશા-નિર્દેશોનું ઉલ્લંઘન કર્યું હતું. કેન્દ્ર સરકારે કોરોના વાઈરસ સંક્રમણ રોકવા માટે આ દિશા-નિર્દેશો જાહેર કર્યા હતા. આ અરજીમાં કહેવામાં આવ્યું છે કે, આ ઘટનાને ઘણા દિવસો વિત્યા બાદ પણ દિલ્હી પોલીસ મોહમ્મદ સાદની ધરપકડ કરી શકી નથી.

માર મારી કહ્યુ,મહેમાનોને સાચવ્યા નહીં, દારૂ પણ ન પીવડાવ્યો

લગ્નની રાતે જ પતિ બન્યો શેતાનઃ પત્નિ સાથે ઝઘડો કરી માર માર્યો

અમદાવાદ

શહેરના મહિલા પોલીસ સ્ટેશનમાં એક એવો કિસ્સો સામે આવ્યો છે જે સાંભળતા જ પોલીસની આંખો પણ ચાર થઈ ગઈ હતી. એક યુવતીને તેના પતિએ લગ્નની રાતથી જ મારવાનું શરૂ કર્યું હતું. આટલુ જ નહીં પણ પતિ સાસરિયાઓ પાસે લાખો રૂપિયા માંગી ચુક્યો હતો અને તેને આ રીતે જીવવાની લત પણ લાગી ગઈ હતી. હદ તો ત્યાં થઈ કે, જ્યારે આ યુવકે લગ્નની રાત્રે જ તેના ભાઈ ભાભીની હાજરીમાં પત્નીને ધક્કો મારીને ઝગડો કર્યો હતો. પતિએ પત્નીને ધમકાવતા કહ્યું હતું કે, મહેમાનોને સાચવ્યા નહીં અને દારૂ પણ ન પીવડાવ્યો.

બોપલ આંબલી રોડ પર આવેલા એક બંગલોમાં ૩૦ વર્ષીય યુવતી તેના માતા પિતા સાથે રહે છે. ખાનગી કંપનીમાં લીગલ એડવાઈઝર તરીકે નોકરી કરે છે. આ યુવતીના વર્ષ ૨૦૧૫માં મહેસાણા શકુ વોટરપાર્ક ખાતે લગ્ન થયા હતા. લગ્ન બાદ યુવતી આગ્રા તેના સાસરે રહેવા ગઈ હતી. લગ્ન પહેલા શરૂઆતમાં યુવતીના પતિ તથા સાસુ સસરાએ એવી વાત કરી હતી કે, તેઓ દહેજપ્રથા માં માનતા નથી. પરંતુ સગાઈ સમયે સગાઈના ખર્ચાના રૂ. અઢી લાખ યુવતીના માતા પિતા પાસે માંગેલા અને આ સગાઈ વખતે શુકનના રોકડ પૈસા પણ યુવતીના સાસુ સસરાએ સાચવી રાખવાના બહાને લઈ લીધા હતા. યુવતીનો પતિ સગાઈનો શૂટ લેવા તૈયાર નથી તેમ કહીને યુવતી પાસેથી ૧૬ હજારનો શૂટ અને ૨૦ હજારનો મોબાઈલ ફોન લેવડાવ્યો હતો. લગ્નનો પ્રસંગ માથા પર હોવાથી સસરિયાઓની તમામ માંગણીઓ યુવતીએ પુરી કરી હતી.

યુવતીના લગ્નના દિવસે લગ્નની વિધી પુર્ણ થયા બાદ તે જ દિવસે પતિએ રૂમમાં જેઠ - જેઠાણી ની હાજરીમાં ગુસ્સામાં આવી ધકકો માર્યો અને કહ્યુ કે, તેમના પક્ષના મહેમાનોને લગ્નમાં સરખી રીતે સાચવેલ નહિ અને તેમને દારૂ પણ પીરસવામાં આવ્યો નહોતો.

સાસુ સસરા અને પતિના ત્રાસથી કંટાળીને આ યુવતીએ મહિલા પોલીસ સ્ટેશનમાં અરજી આપતા પોલીસે યુવતીના પતિ, સાસુ અને સસરા સામે આઇપીસી ૪૯૮(એ), ૩૨૩, ૨૯૪(બી), ૧૧૪ મુજબ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પ્રેમ લગ્ન કરતા યુવક-યુવતીની કુહાડીના ઘા ઝીંકી હત્યા: ચકચાર મચી

જૂનાગઢ

જૂનાગઢના માંગરોળના દરસાલી ગામેથી ભાગીને ચાર માસ પહેલા પ્રેમ લગ્ન કરનાર બે અલગ અલગ જ્ઞાતિના એક યુવક અને એક યુવતીની બુધવારે ઢળતી સાંજે વંથલી-કેશોદ હાઈવે પર બાઈક પર આવેલા અજાણ્યા ઈસમોએ કુહાડીના આડેધડ ઘા ઝીકીને કરપીણ હત્યા કરી નાખતા સનસનાટી મચી જવા પામી છે.

પ્રાથમિક વિગત મુજબ માંગરોળના દરસાલી ગામનો સંજય રામશીભાઈ રામ તેની પત્ની ધારાબેન રામ (ધારા ભાણાભાઈ પરમાર) અને સંજયની બહેન ત્રિપલ સવારીમાં કેશોદથી જૂનાગઢ તરફ બાઈકમાં આવી રહ્યા હતા, ત્યારે વંથલી પાસેના પેટ્રોલ પંપ નજીક પાછળથી આવેલા બાઈકમાં બેઠેલા અજાણ્યા શખ્સે સંજયના હાથમાં કુહાડીનો એક ઘા મારીને ત્રણેયને પછાડી દીધા હતા, જેને લઈને ત્રણેય નીચે ફસડાઈ પડ્યા હતા.

ત્યારે પાછળથી આવેલા અજાણ્યા શખ્સોએ કુહાડી વડે સંજય અને તેની પત્ની ધારાને આડેધડ ઘા ઝીકીને બે બાઈકમાં નાસી ગયા હતા, જીવલેણ હુમલામાં લોહીલુહાણ બનેલ બનેના સ્થળ પર જ મોત નીપજ્યા હતા, હત્યા કરીને હુમલાખોરો નાસી ગયા હતા. ઘટનાની જાણ થતા વંથલી પીએસઆઈ ચૌહાણ, કેશોદ ડીવાયએસપી ગઢવી સહિતનો કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો. સ્થળ પર હાજર મરનાર સંજયની બહેન પાસેથી પ્રાથમિક વિગતો મેળવીને પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો.



પુષ્કરની હદમાં, ઉનાળાના ગરમ દિવસ દરમિયાન ગરમીને પરાજિત કરવા માટે ગ્રે લંગર્સ રસ્તાની બાજુની પાણીની ટાંકીમાંથી પાણી પીવે છે.

મજુરોના મસીહા સોનુ સૂદે વીડિયો પોસ્ટ કરીને માંગી માફી

મુંબઇ

બોલિવૂડ અભિનેતા સોનુ સૂદ આ દિવસોમાં બધા લોકોને પોતાના વતન પહોંચાડવામાં મદદ કરી રહ્યો છે. ભારતના લોકો તેની આ કામગીરીને વધાવી રહ્યા છે, વખાણી રહ્યા છે. બોલિવૂડના સેલેબ્સ પણ સોનુના વખાણ કરી રહ્યા છે અને સલામી આપી રહ્યા છે. પરંતુ હાલમાં સોનુએ એક વીડિયો પોસ્ટ કર્યો છે અને માફી માગી છે. આ વીડિયો ખુબ જ ચર્ચામાં છે.

બન્યું એવું કે સોનુએ એક હેલ્પલાઈન નંબર જાહેર કર્યો છે, જે લોકોને વતન જવું હોય એ એના પર માહિતી શેર કરી શકે છે. આ નંબર જાહેર કર્યા પછી લોકોના ધડાધડ મેસેજ આવી રહ્યા છે. બધા જ મદદ માગી રહ્યા છે. આ જોઈને સોનુ પણ હેરાન રહી ગયો છે. એવામાં સોનુએ એક વીડિયો બહાર પાડ્યો અને મદદ માંગતા લોકો પાસે માફી માગી છે. ફટાફટ મેસેજ આવવાથી જો કોઈને મેસેજ જોવાનું છૂટી જાય અને મદદ ન પહોંચે તો એવા લોકો પાસે માફી માંગી છે.

એક વીડિયો શેર કર્યો છે કે જેમાં મેસેજ આવતા દેખાઈ રહ્યા છે. કેપ્શનમાં સોનુએ લખ્યું કે, તમારા બધાના મેસેજ અમને આટલી ગતિથી મળી રહ્યા છે. હું અને મારી ટીમ પુરી રીતે પ્રયત્ન કરી રહ્યા છીએ કે મદદ મળી જાય. પરંતુ અમુક મેસેજ અમારાથી ભૂલાઈ જાય તો એ માટે અમને માફ કરી દેજો.

પૂર્વ મુખ્યમંત્રી અજિત જોગીની તબિયત વધુ લથડી: બીજી વખત હાર્ટ એટેક આવ્યો

રાયપુર

છત્તીસગઢના પહેલા મુખ્યમંત્રી અજિત જોગીની તબિયત ફરી બગડી છે. બુધવારે રાત્રે લગભગ ૧ વાગ્યે તેમને હાર્ટ એટેક આવ્યો હતો. ત્યારબાદથી તેમની હાલત વધુ ગંભીર બની હતી. ડોકટરો કહે છે કે તેમના હૃદય અને પલ્સ રેટ સ્થિર નથી. ૯ મેથી જોગી કોમામાં હતા. હાર્ટ એટેક આવ્યા બાદ તેમને અહીં નારાયણા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

શ્રીનારાયણ હોસ્પિટલના ડાયરેકટર ડો.સુનિલ ખેમકાએ જણાવ્યું કે અચાનક જોગીને રાત્રે હાર્ટ એટેક આવ્યો હતો. આ પછી, હાર્ટ સર્જન સહિતના તમામ ડોકટરો આઇસીયુ પહોંચ્યા. તેમના હાર્ટ અને પલ્સ રેટને સ્થિર કરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

૯ મેની સવારે જોગી તેના ઘરના ગાર્ડનમાં આમલી ખાતા ખાતા ચાલતા હતા. તે દરમિયાન આમલીના દાણા તેના ગળામાં અટવાઈ ગયા. જેના કારણે તેનો બીપી પડવા લાગ્યો અને હાર્ટ એટેક આવ્યો. આ સમય દરમિયાન, તેમની પત્ની ડો. રેણુ જોગીએ તેમને પ્રાથમિક સારવાર આપીને સંભાળ્યા અને હોસ્પિટલમાં દાખલ કર્યા. અહીં ડોકટરોએ ગળામાંથી દાણા કાઢી લીધો પરંતુ પછી જોગી કોમામાં જતા રહ્યા.

આ સપ્તાહે જ ૬૭૭૦ લોકોને બરતરફ કરશે

વિમાન બનાવતી અમેરિકન કંપની બોઇંગ ૧૨,૦૦૦ કર્મચારીઓને નોકરીમાંથી બરતરફ કરશે

ન્યુ દિલ્હી

વિશ્વની અગ્રણી વિમાન ઉત્પાદક અમેરિકન કંપની બોઇંગે ૧૨ હજાર કર્મચારીઓની નોકરીમાંથી કાઢવાની જાહેરાત કરી છે. તેમાંથી ૬૭૭૦ કર્મચારીઓને આ અઠવાડિયે કાઢી મુકવામાં આવશે. જયારે આશરે ૫ હજાર કર્મચારીઓને આવતા અઠવાડિયે છુટા કરવામાં આવશે. બોઇંગે કર્મચારીઓ માટે મરજીથી નોકરી છોડવા માટેનો એક કાર્યક્રમ પણ ચલાવ્યો છે. છટનીમાં આ યોજના હેઠળ નોકરી છોડનારા કર્મચારીઓનો પણ સમાવેશ થાય છે.

બોઇંગમાં લગભગ ૧.૬ લાખ કર્મચારીઓ કાર્યરત છે. કોરોના ચેપને કારણે સમગ્ર વિશ્વમાં હવાઈ મુસાફરીની અસર થઈ છે. કંપનીનું માનવું છે કે આનાથી ભવિષ્યમાં તેના વ્યવસાય પર ભારે અસર થશે. આથી જ કંપનીએ પોતાના કાર્યબળનો ૧૦% ભાગ કાઢવાનો નિર્ણય કર્યો છે. આ અંતર્ગત આ સપ્તાહે અમેરિકામાં ૬૭૭૦ કર્મચારીઓને કાઢવામાં આવશે. કર્મચારીઓને લખેલા પત્રમાં બોઇંગના પ્રમુખ અને સીઈઓ ડેવિડ કાલ્હાઉને ગયા મહિને કર્મચારીઓને લખેલા પત્રમાં કહ્યું હતું કે અમે કર્મચારીઓની સંખ્યા ઘટાડવાની જાહેરાત હેઠળ મરજીથી નોકરી છોડવા માટેનો એક કાર્યક્રમ શરુ કર્યો હતો. હવે મને એ કહેતા ખૂબ જ દુઃખ થાય છે કે અમે કર્મચારીઓને નોકરીથી દૂર કરવાનો નિર્ણય કર્યો છે. આ નિર્ણય કર્યો છે. અમારી વ્યવસાયિક યોજનાઓ પર કોરોના વાયરસની અસર થઈ છે.

૯૧ લાખ મજૂરોને ૩૭૦૦ ટ્રેનો થકી ઘરે પહોંચાડ્યા: સુપ્રીમ કોર્ટમાં સરકારનો જવાબ

ન્યુ દિલ્હી

કોરોના સંકટમાં લાખો પ્રવાસી મજૂરોને ભારે હાલાકી વેઠવી પડી છે.આ મામલે સુપ્રીમ કોર્ટમાં આજે સુનાવણી થઈ હતી.

જેમાં સરકારે મજૂરોની હાલની સ્થિતિ અંગે જાણકારી આપી હતી.સરકારે જે માહિતી આપી હતી તે પ્રમાણે અત્યાર સુધીમાં ૩૭૦૦ ટ્રેનો મજૂરો માટે દોડાવાઈ છે.જેના થકી ૯૧ લાખ મજૂરોને ઘરે પહોંચાડાયા છે.૮૪ લાખ મજૂરોને રેલવેમાં મફત ભોજન અપાયુ છે. ટ્રેનોથી પાછા જનારા મજૂરોમાં ૮૦ ટકા યુપી અને બિહારના રહેવાસી છે.માત્ર યુપી અને બિહાર વચ્ચે જ ૩૫૦ ટ્રેનો દોડાવાઈ છે.જ્યાં સુધી તમામ મજૂરો ઘરે નહી પહોંચે ત્યાં સુધી સરકાર ટ્રેનો દોડાવવાનુ ચાલુ રહેશે. સુપ્રીમ કોર્ટના સવાલના સંદર્ભમાં સરકારે જવાબ આપ્યો હતો કે, કેટલીક જગ્યાએ રાજ્યો અને કેટલીક જગ્યાએ રેલવે દ્વારા ટિકિટનો ખર્ચ ભોગવવામાં આવી રહ્યો છે. જોકે સુપ્રીમ કોર્ટે પૂછ્યુ હતુ કે, મજૂરો પાસેથી પૈસા નથી લેવાતા તે વાતની ખાતરી કેવી રીતે થઈ શકે ત્યારે સરકાર વતી સોલિસિટર જનરલે જવાબ આપવા માટે સમય માંગ્યો હતો.

યુનિસેફ અને સેવ ધ ચિલ્ડ્રનનો દાવો કોરોના સંકટ: ચાલુ વર્ષના અંત સુધી ૮.૬ કરોડ બાળકો ગરીબ બનશે

વોશિંગ્ટન

કોરોનાના કારણે ૨૦૨૦ના અંત સુધીમાં ૮.૬ કરોડ બાળકો ગરીબ બની જશે. તેનાથી વિશ્વભરમાં ગરીબીથી પ્રભાવિત બાળકોની કુલ સંખ્યા ૬૭.૨ કરોડ થઈ જશે. આ ગત વર્ષની સરખાણીમાં ૧૫ ટકા વધારે હશે. તેમા બે તૃત્યાંશ બાળકો આફ્રીકા અને દક્ષિણ એશિયાના દેશોમાં હશે. યુનિસેફ અને સેવ ધ ચિલ્ડ્રનના સ્ટડીમાં આ વાત સામે આવી છે.

આ પહેલા પણ વર્લ્ડ બેંકે પણ મહામારીના કારણે વિશ્વભરમાં ગરીબી વધવાની આશંકા વ્યક્ત કરી હતી. બેંકના પ્રેસિડેન્ટ ડેવિડ માલપોસે ગત વર્ષે એક કોન્ફ્રેન્સમાં કહ્યું હતું કે મહામારીથી વિશ્વમાં છ કરોડ લોકો ખુબ ગરીબ થઈ જશે. તેઓ છેલ્લા ત્રણ વર્ષમાં કરેલા તમામ નફાને પણ ગુમાવી દેશે.

યુનિસેફ અને સેવ ધ ચિલ્ડ્રને તમામ સરકારને આગ્રહ કર્યો છે કે પાતાની સામાજિક સુરક્ષા પ્રણાલીનો વિસ્તાર કરે. સ્કૂલોમાં બાળકોને જમવાનું ઉપલબ્ધ કરાવવામાં ઝડપ લાવે. તેનાથી મહામારીની અસર ઓછી કરી શકાશે. બન્ને એજન્સીઓએ વર્લ્ડ બેંક, આંતરરાષ્ટ્રીય મુદ્રા ભંડાર અને ૧૦૦ દેશની વસ્તીના આધારે મહામારી ફેલાવાનું આકલન કર્યું છે. તે મુજબ મહામારી યુરોપ અને મધ્ય એશિયામાં વધારે ફેલાવાની આશંકા છે.

તેલંગાણાના બોરવેલમાં પડી ગયેલા ૩ વર્ષીય બાળકનું મોત

તેલંગાણા

તેલંગાણાના મેડક જિલ્લામાં આકસ્મિક રીતે ખુલ્લા બોરવેલમાં પડી ગયેલા ત્રણ વર્ષના બાળકનું ગુરુવારે મોત થયું છે.

બુધવારે સાંજે સાંઈ વર્ધન નામનો છોકરો આકસ્મિક રીતે જિલ્લાના પપ્પનાપેટ મંડળના પોડિચનપલ્લી ગામના ખેતરમાં અજાણતાં બોરવેલમાં પડી ગયો હતો.પોલીસ અને અગ્નિશમન દળના જવાનો બચાવ કામગીરી શરૂ કરવા ઘટના સ્થળે દોડી ગયા હતા. પરંતુ ઓક્સિજનના અભાવને કારણે છોકરાનું મોત થયું હતું.

પોલીસના જણાવ્યા મુજબ, એક ખેડૂત ગોવરધન તેના ખેતીના ક્ષેત્રમાં બોરવેલ ખોદતો હતો. બોરવેલ નિષ્ફળ જતા તેણે તે છોડી દીધું અને અન્ય કામમાં વ્યસ્ત થઈ ગયા.તેના પરિવારના સભ્યો પણ આ ક્ષેત્રમાં હતા. તેનો પુત્ર સાંઈ વર્ધન જે બોરવેલ પાસે ઉભો હતો તે આકસ્મિક રીતે તેમાં પડ્યો હતો. આમ, ૧૨૦ ફુટનો બોરવેલ ખડકી દેવાયો હતો જેના કારણે આ ઘટના બની હતી.

આરબીઆઈની બોન્ડ યોજના બંધ કરીને સરકારનો જનતાને વધુ એક ફટકો: ચિદમ્બરમ

ન્યુ દિલ્હી

કોંગ્રેસના નેતા અને ભૂતપૂર્વ નાણાં મંત્રી પી ચિદમ્બરમે બચત (ટેક્સેબલ) બોન્ડ યોજનાને બંધ કરવા માટે ભાજપ સરકાર પર આકરા પ્રહાર કર્યા છે. તેમણે જણાવ્યું છે કે, સરકારે બચન કરનારા નાગરિકો, ખાસ કરીને વરિષ્ઠ નાગરિકોને વધુ એક ઝટકો આપ્યો છે. સરકારે ૭.૭૫ ટકા આરબીઆઈ બોન્ડ્સને બંધ કર્યા છે. પરંતુ સરકાર પોતાના નાગરિકોને જોખમ મુક્ત રોકાણ વિકલ્પ આપવા માટે બાધ્ય છે.

ચિદમ્બરમે જણાવ્યું કે, પહેલા પણ જાન્યુઆરી ૨૦૧૮માં સરકારે એક વખત કર્યો હતો. પરંતુ મેં આનો વિરોધ કર્યો હતો. બીજા દિવસે તેમણે બોન્ડ ફરીથી રજૂ કર્યા પરંતુ વ્યાજદરને ૮ ટકાથી ઘટાડીને ૭.૭૫ ટકા કરી દીધા છે. પ્રભાવી રીતે ટેક્સ બાદ બોન્ડ માત્ર ૪.૪ ટકા વળતર આપશે. પરંતું હવે આને પણ બંધ કરી દીધા છે કેમ? હું આ કાર્યવાહીની નિંદા કરું છું.

આરબીઆઈએ ૨૭મેના રોજ એક નોટિફિકેશન જાહેર કરીને જણાવ્યું હતું કે, ૭.૭૫ ટકાના બચત (ટેક્સેબલ) બોન્ડ ૨૮ મે, ૨૦૨૦ના રોજ બૈંકિંગ કાર્ય સમાપ્ત થયા બાદ રોકાણ માટે ઉપલબ્ધ રહેશએ નહીં.

માઈક્રોસોફ્ટ રિલાયન્સ જિયોમાં ૨૦૦ કરોડ ડોલરનું રોકાણ કરે તેવી શક્યતા

મુંબઇ

માઈક્રોસોફ્ટ રિલાયન્સ જિયો પ્લેટફોર્મમાં ૨૦૦ કરોડ ડોલરનું રોકાણ કરી શકે છે. માઈક્રોસોફ્ટ મુકેશ અંબાણીના જિયો પ્લેટફોર્મના ૨.૫ ટકા શેર ખરીદી શકે છે. સૂત્રોના જણાવ્યા મુજબ, માઈક્રોસોફ્ટ ડિજિટલ પેમેન્ટ સેવાની અનેક કંપનીઓ સાથે વાતચીત કરી રહી છે.

જો બંને કંપની વચ્ચે ચર્ચા સફળ થશે તો જિયો પ્લેટફોર્મમાં માઈક્રોસોફ્ટની પણ ભાગીદારી હશે. અગાઉ ફેસબુક, કેકેઆર એન્ડ કંપની, સિલ્વર લેક, વિસ્ટા ઈક્વિટી પાર્ટનર્સ અને જનરલ એટલાન્ટિક જેવી કંપનીઓએ માત્ર એક મહિનામાં જિયોમાં લગભગ ૭૮,૫૬૨.૧૩ કરોડ રૂપિયાનું રોકાણ કર્યું છે.

રિપોર્ટ મુજબ, માઈક્રોસોફ્ટના સીઈઓ સત્ય નડેલાએ ફેબ્રુઆરીમાં જણાવ્યું હતું કે, કંપની રિલાયન્સ જિયોની સાથે ભાગીદારી કરી છે. કરાર હેઠળ રિયલાન્સ જિયોએ દેશભરમાં ડેટ સેન્ટર સ્થાપિત કરવા અને એન્ટરપ્રાઈઝ ક્લાઈન્ટ માટે સૈષ્ઠર્જિકં છડેીની ક્લાઉડ સેવાઓનો ઉપયોગ કરવાની યોજના બનાવી છે. જો કે માઈક્રોસોફ્ટના એક પ્રવક્તાએ જણાવ્યું છે કે, કંપની પાસે ભારતમાં ભાગીદારી કરવાની કોઈ જાણકારી નથી. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે પણ અત્યાર સુધી આ અંગે કોઈ પ્રતિક્રિયા આપી નથી.

મેચમાં બીજા દિવસે કોઈનો કોરોના પોઝિટિવ રિપોર્ટ આવે તો?: દ્રવિડ

મુંબઇ

કોવિડ-૧૯ની મહામારી હજી જવાનું નામ નથી લેતી ત્યાં કેટલાક દેશો અગાઉ નિર્ધારિત કરેલી સિરીઝને જૂન અથવા જુલાઈમાં અમલમાં મૂકવા ઉતાવળા થઈ રહ્યા છે. ઈંગ્લેન્ડનું બોર્ડ પાકિસ્તાન તથા વેસ્ટ ઈન્ડીઝની ટીમને આમંત્રણ આપવા આતુર છે. સાઉથ આફ્રિકા થોડા અઠવાડિયામાં ભારતીય ટીમને બોલાવવા ઉત્સુક છે. આ દેશો બાયો સેક્યોરના વાતાવરણમાં (આરોગ્ય તથા શારીરિક સલામતીને લગતા નિયમોનું પાલન કરવાનો આગ્રહ રાખીને) આ મેચો રાખવા માગે છે. જોકે, મહાન ક્રિકેટર રાહુલ દ્રવિડે એક વેબીનારમાં કહ્યું છે કે 'વર્તમાન સ્થિતિમાં ક્રિકેટ સિરીઝ રાખવી અવાસ્તવિક કહેવાશે. હું તો કહું છું કે કોઈ ટેસ્ટ પહેલાં તમામ પ્લેયરોનો બરાબર ટેસ્ટ લેવામાં આવશે અને તેમને મેચ પહેલાં કોરન્ટાઈન પણ કરવામાં આવશે અને ફરી તેમનો ટેસ્ટ કરાશે, પરંતુ ટેસ્ટ મેચ શરૂ થાય બાદ બીજા જ દિવસે કોઈ ખેલાડીનો કોરોના વાઈરસને લગતો પોઝિટિવ રિપોર્ટ આવશે તો? એ સ્થિતિમાં વર્તમાન નિયમ મુજબ આરોગ્ય વિભાગના અધિકારીઓ આવશે અને બધા ખેલાડીઓને કોરન્ટાઈન કરી નાખશે. આવું થશે તો મેચનો અકાળે અંત જ આવી જશેને?'

પુલવામાં
પહેલા પાનાથી ચાલુ

સફળતા મેળવી છે.

ગુરુવારે શ્રીનગરથી સીઆરપીએફની ૨૦ ગાડીઓનો કાફલો શ્રીનગરથી જમ્મુ પહોંચ્યો છે. પોલીસે આ હુમલામાં ત્રણ આતંકવાદીઓ સામેલ થયાનો દાવો કર્યો છે. તેમાં પહેલું નામ આદિલ, બીજાનું ફૌજી ભાઈ છે. ત્રીજો કારનો ડ્રાઇવર હતો, જેની પોલીસ તપાસ કરી રહી છે. પુલવામા હુમલાની જેમ આ કેસની તપાસ પણ એનઆઈએને સોંપવામાં આવી છે.

જમ્મુ કાશ્મીર પૌલીસના આઇજી વિજય કુમારે કહ્યું કે "અમારી પાસે ઈનપુટ્સ હતા કે જૈશ-એ-મોહમ્મદના આતંકી આ કાર્યવાહી કરવાના હતા અને આ જંગ-એ-બદ્રના દિવસે જ કરવાના હતા. પરંતુ સેનાએ બાજ નજર રાખી અને ખૂબ જ સતર્કતા રાખી. સેનાના ઓપરેશનના લીધે તે કરી શકયા નહીં. સફેદ રંગની સેન્ટ્રો કારમાં વિસ્ફોટક ભર્યો હતો જેનું રજીસ્ટ્રેશન અને માલિક જમ્મુના કઠુનો રહેવાસી હતો, જે આતંકી આ કાર ચલાવી રહ્યો હતો તેનું નામ આદિલ હતું.

ઉલ્લેખનિય છે કે, ૧૪ ફેબ્રુઆરી, ૨૦૧૯ના રોજ, લોકસભા ચૂંટણીઓ પહેલા પુલવામામાં આતંકીઓએ અંદાજે ૨૫૦ કિ.ગ્રા. આઈઇડી દારૂગોળો ભરેલી કાર ત્યાંથી પસાર થઇ રહેલા સુરક્ષા દળોના કાફલા સાથે અથડાવતાં ૪૦ સૈનિકો શહિદ થયા હતા.. બાદમાં આ હુમલો ચૂંટણીમાં એક મુદ્દો બન્યો હતો.

એક તરફ ભારત કોરોના સામે લડી રહ્યું છે ત્યારે બીજી બાજુ જમ્મુ-કાશ્મિરમાં આતંકીઓ સક્રિય બન્યા હોય તેમ સુરક્ષાદળો પર હુમલાઓ કરી રહ્યાં છે. દરમ્યાનમાં, સ્થાનિક પોલીસ અને આઇબીને એવી જાણકારી મળી હતી કે કેટલાક આતંકી સંગઠનો ફરીથી પુલવામા જેવો હુમલો કરવાની ફિરાકમાં છે અને એક કારમાં ૨૦થી ૨૫ કિ.ગ્રા. જેટલો ઇમ્પ્રુવ્ડ એક્સપ્લોઝીવ ડિવાઇસ (આઇઇડી) દારૂગોળો લઇને કોઇ નિકળ્યા છે. પોલીસ અને સુરક્ષા દળોએ જાણકારીના આધારે એ કાર શોધી કાઢી અને તેને વસ્તીથી દૂર લઇ જઇને કારને ઉડાવી દઇને તેમાં રહેલો દારૂગોળાનો નાશ કર્યો હતો. સત્તાવાળાઓનું માનવુ હતું કે વધુ એક પુલવામા હુમલો અટકાવી શકાયો છે.

સૂત્રોએ જણાવ્યું કે, પુલવામામાં પોલીસને મોડી રાતે માહિતી મળી કે, અમુક આતંકીઓ એક વિસ્ફોટક ભરેલી કાર લઈ જઈ રહ્યા છે. તેના દ્વારા અમુક લોકેશન પર બ્લાસ્ટ કરવામાં આવી શકે છે. તેથી સેનાએ અમુક રુટ્સ તુરંત સીલ કરી દીધા હતા. આ દરમિયાન જ એક શંકાસ્પદ કાર જોવા મળી હતી. તેને રોકતા અમુક રાઉન્ડ ફાયરિંગ કરવામાં આવ્યું હતું. ત્યારપછી ડ્રાઈવર અંધારાનો લાભ લઈને ભાગી ગયો. સેનાએ આ ગાડી કબજે કરી લીધી હતી

સૂત્રોએ કહ્યું કે, જમ્મુ-કાશ્મીરના પુલવામા જિલ્લામાં સુરક્ષાદળો પર કારમાં આઈઈડી ભરીને હુમલો કરવાના મોટા ષડયંત્ર નિષ્ફળ કરવામાં આવ્યું છે. સુરક્ષાદળોએ પુલવામાં આઈનગુંડ વિસ્તારમાં એક સેન્ટ્રો કારમાં લઈ જઈ રહેલા આઈઈડીનો જથ્થો જપ્ત કર્યો હતો. જે વાહનમાં આ આઈઈડી મળ્યું છે તેના પરની નંબર પ્લેટ પર કઠુઆનો રજિસ્ટ્રેશન નંબર છે.

સૂત્રોના જણાવ્યા મુજબ, સુરક્ષદળોએ કાર પર ફાયરિંગ કર્યું હતું જો કે ડ્રાઈવર કાર છોડીને ફરાર થઈ ગયો હતો. તપાસ દરમિયાન ગાડીની પાછળની સીટ પર આઈઈડી વિસ્ફોટથી ભરેલું ડ્રમ મળી આવ્યુ હતું. ત્યારબાદ બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડને બોલાવવામાં આવી હતી જેમણે બોમ્બને ડિસ્પોઝ કરી દીધો હતો.

સુરક્ષાદળોએ કારની પાસે જઈને જોયું તો પાછળની સીટ પર વિસ્ફોટક ભરેલા લીલા રંગના ડ્રમ પડ્યા હતા. સુરક્ષાબળોએ સમગ્ર રાત કારની વોચ રાખી હતી. . ત્યરબાદ આસપાસના ઘરોને ખાલી કરવી દઈને . વાહનને બ્લાસ્ટ કરીને ઉડાવી દેવામાં આવ્યું હતું. સૂત્રોના જણાવ્યા મુજબ આતંકીઓનું કોઈ મોટું કાવતરું હતું. કાર પર સ્કૂટરની નંબર પ્લેટ લાગડવામાં આવી હતી, તેનું રજિસ્ટ્રેશન કઠુઆ જિલ્લાનું મળ્યું છે.

પોલીસના કહેવા પ્રમાણે, બુધવારે રાત્રે એક ગાડી ચેકપોઇન્ટ તોડીને આગળ નીકળી ગઈ હતી, ત્યારબાદ તે બિનવારસી હાલતમાં એક ગામડાં પાસે મળી આવી હતી. કાર પર જેકે-૦૮ ૧૪૨૬ નંબર પ્લેટ લાગેલી હતી જે કઠુઆનો રજિસ્ટ્રેશન નંબર છે. કઠુઆના હીરાનગર વિસ્તારને ખૂબ જ સંવેદનશીલ માનવામાં આવે છે કેમકે અહિંયા પાકિસ્તાની આતંકવાદી ઘૂષણખોરી કરવાના સતત પ્રયાસ કરતા રહે છે. શરૂઆતમાં એવા અહેવાલ હતા કે પોલીસ અને આતંકીઓ વચ્ચે હિંસક અથડામણ થઈ હતી, પરંતુ પોલીસે આ વાતને સત્તાવાર રીતે નકારી કાઢી હતી.. સાથે જ દાવો કર્યો છે કે હુમલાના નિષ્ફળ પ્રયાસ પાછળ હિઝબુલ મુજાહિદ્દીનનો હાથ છે. પોલીસના કહેવા પ્રમાણે, સમગ્ર કામગીરી સી.આર.પી.એફ. અને સેનાએ મળીને પાર પાડી હતી.

દેશમાં ૨૪ કલાકમાં
પહેલા પાનાથી ચાલુ

૧૩૩ લોકોના મોત થઈ ચૂક્યા છે. જ્યારે દિલ્હીમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૧૫,૨૫૭ છે, જેમાંથી ૩૦૩ લોકોના મરણ નોંધાયા છે.

ગુજરાતમાં કુલ કોરોના સંક્રમિતોની સંખ્યા ૧૫,૧૯૫ પર પહોંચી છે. જેમાં ૯૩૮ લોકોના મરણ નોંધાયા છે.

કોરોનાથી મૃત્યુ પામનાર લોકોની સંખ્યા દરરોજ વધી રહી છે. ૨૦મે ના રોજ ૧૪૦ લોકોના મૃત્યુ થયા હતા. ૨૧મે ના રોજ ૧૩૨, ૨૨મે ના રોજ ૧૪૮, ૨૩મે ના રોજ ૧૩૭, ૨૪મે ના રોજ ૧૪૭, ૨૫મે ના રોજ ૧૫૪, ૨૬મે ના રોજ ૧૪૬, ૨૭મે ના રોજ ૧૭૦ આજે એટલે કે ૨૮મે ના રોજ ૧૯૪ લોકો પોતાનો જીવ ગુમાવી ચુક્યા છે.

સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા મુજબ, મધ્ય પ્રદેશમાં ૩૧૩, તેલંગાણામાં ૬૩, આંધ્ર પ્રદેશમાં ૫૮, કર્ણાટકમાં ૪૭, ઉત્તર પ્રદેશમાં ૧૮૨, પંજાબમાં ૪૦, પશ્ચિમ બંગાળમાં ૨૮૯, રાજસ્થાનમાં ૧૭૩, જમ્મુ-કાશ્મીરમાં ૨૬, હરિયાણામાં ૧૮, કેરળમાં ૭, ઝારખંડમાં ૪, બિહારમાં ૧૫, અસમમાં ૪, હિમાચલ પ્રદેશમાં ૫, ઓડિશામાં ૭ અને મેઘાલયમાં ૧ વ્યક્તિએ કોરોનાના કારણે પોતાનો જીવ ગુમાવ્યો છે.

હવે સામાન્ય
પહેલા પાનાથી ચાલુ

હંમેશા માટે બંધ કરી દેશે અને સંગઠનથી અલગ થવા પર વિચાર કરી શકે છે.

ઉલ્લેખનીય છે કે પાછલો દિવસોમાં જ ડબલ્યુએચઓની તરફથી નિવેદન આપવામાં આવ્યું હતું કે તેમનું હાલનું બજેટ ૨.૩ બિલિયન ડોલર છે જે વૈશ્વિક સંસ્થાના હિસાબથી ઘણું ઓછું છે. આ સિવાય અમેરિકાનું ફંડિંગ રોકાઈ ગયું છે આથી અમને વધુ ફંડિંગની જરૂર છે.

ઇતિહાસથી
પહેલા પાનાથી ચાલુ

માટે મોકલવામાં આવ્યા છે. સ્પેસ-એક્સ અમેરિકી ઉદ્યોગપતિ એલન મસ્કની કંપની છે.

આ નાસાની સાથે મળીને ભવિષ્ય માટે કેટલીક અંતરિક્ષ મિશનો પર કામ કરી રહી છે.

સ્પેસ-ક્રાફ્ટ ડ્રેગન સ્પેસક્રાફ્ટને અમેરિકાના સૌથી ભરોસેમંદ રૉકેટ ફૉલ્કન-૯ ના ઉપર લગાવ્યો છે. જે બાદ ફૉલ્કન-૯ રૉકેટને લૉન્ચ કૉમ્પ્લેક્ષ ૩૯એ થી લૉન્ચ કરવામાં આવ્યુ હતુ. આ મિશનને ડેમો-૨ નામ કરી દીધુ છે. ડેમો-૧ મિશનમાં ડ્રેગન સ્પેસક્રાફ્ટથી સ્પેસ સ્ટેશન પર સફળતાપૂર્વક સામાન અને રિસર્ચ સાથે જોડાયેલી વસ્તુઓને પહોંચાડવામાં આવ્યા હતા.

સોનિયા ગાંધી
પહેલા પાનાથી ચાલુ

તમને જણાવી દઈએ કે સોનિયા ગાંધીએ ગુરુવારે પ્રવાસી મજૂરો માટે એક વીડિયો સંદેશ જારી કર્યો જેમાં તેમણે ભાજપ અને કેન્દ્ર સરકારને નિશાના પર લીધુ છે. સોનિયા ગાંધીનો આ મેસેજ કેન્દ્ર સરકાર સમક્ષ ગરીબો, પ્રવાસીઓ, નાના વેપારીઓ અને મધ્યમ વર્ગના લોકોનો અવાજ ઉઠાવવામાં મદદ કરવા માટે કોંગ્રેસ દ્વારા શરૂ કરવામાં આવેલ સ્પીકઅપ અભિયાનનો એક ભાગ છે.

સોશિયલ મિડિયા થકી ભક્તોએ અંતિમ દર્શન કર્યા

ચુંદડીવાળા માતાજીને અંબાજી ખાતે શાસ્ત્રોક્ત વિધિથી સમાધિ અપાઈ



અંબાજી

આજે ચુંદડીવાળા માતાજીને પુરા શ્રદ્ધાસુમન સાથે અપાઈ સમાધિ, છેલ્લી વાર તસવીરોમાં કરી લો અંતિમ દર્શન

શક્તિ ભક્તિ અને આસ્થાનું ત્રિવેણી સંગમ એટલે જગ વિખ્યાત યાત્રાધામ અંબાજી ખાતે ચૂંદડીવાળા માતાજીને આજરોજ સવારે સમાધિ આપી દેવામાં આવી છે. જીતુભાઈ શાસ્ત્રી દ્વારા શાસ્ત્રોક્ત વિધિ સાથે ચૂંદડીવાળા માતાજીને સમાધિ આપવામાં આવી છે. હાલ લોકડાઉન હોવાથી ત્યાં તેમના લાઈવ દર્શન ભક્તો કરી શક્યા નથી. પરંતુ સોશિયલ મીડિયાની મદદથી ભક્તોએ અંતિમ દર્શન કર્યા હતા.

આ વિશે મળતી માહિતી પ્રમાણે, અંબાજી ખાતે શાસ્ત્રોક્ત વિધિ વિધાનથી જયાં ચુંદડીવાળા માતાજી ગાદી પર બેસતા હતા, ત્યાં એક જગ્યા ઉપર માતાજીને સમાધિ આપવામાં આવી છે. રૂત્ર સૂક્તના અભિષેક દ્વારા વિવિધ નદીઓના જળ લાવી ચુંદડીવાળા માતાજીને સમાધી આપવામાં આવી હતી. માતાજીને આજે સવારે સ્નાન બાદ તેમના નશ્વરદેહને પાંચ પ્રકારના લેપ લગાવવામાં આવ્યા હતા. ત્યારબાદ માતાજીને શણગાર સજીને સમાધી સ્થળ પર લઈ જવામાં આવ્યા હતા.

ચુંદડીવાળા માતાજી જ્યાં બિરાજમાન હતા, ત્યાં ગાદી પાસે આઠ ફૂટ ઊંડા ખાડામા માતાજીને બેસાડીને મીઠું નાખવામાં આવ્યું હતું. પરિવારના સભ્યો અને આશ્રમના સંચાલકો દ્વારા મીઠું નાખી સમાધી આપવામાં આવી છે.

શક્તિ ભક્તિ અને આસ્થાનું ત્રિવેણી સંગમ એટલે જગ વિખ્યાત યાત્રાધામ અંબાજી ગુજરાત અને રાજસ્થાન સરહદ પર આવેલું છે, હાલમાં લોક ડાઉન ચાર ચાલુ હોઈ સોશિયલ ડિસ્ટન્સનું પાલન કરવાનું હોય છે ત્યારે ચુંદડીવાળા માતાજી ના આશ્રમ પર માતાજીના સમાધિ કાર્યક્રમમાં ભક્તોને ઓન લાઈન દર્શનની વ્યવસ્થા કરવામાં આવી હતી.

ઘણી યુનિ.ઓ દ્વારા હજુ ઓનલાઈન ફોર્મ જાહેર થયા નથી સરકારનો આદેશ છતાં ગુજરાત યુનિ.માં B.Sc પ્રવેશના હજુ ઠેકાણા નથી

અમદાવાદ

ધો.૧૨ સાયન્સનું પરિણામ આવી ગયુ હોવાથી ગુજકેટ વગરના ૧૨ સાયન્સ પછીના બી.એસ.સી પ્રવેશ માટે રાજયની સરકારી યુનિ.ઓને સરકારે ૨૬મીથી પ્રકિયા શરૂ કરવા ઠરાવ કર્યો છે.

સરકારના શિક્ષણ વિભાગે કરેલ ઠરાવ મુજબ યુનિ.ઓએ ૨૬મીથી ઓનલાઈન ફોર્મ ભરાવવાનું શરૂ કરવાનું છે પરંતુ રાજયની સૌથી મોટી અને જુની ગુજરાત યુનિ.માં હજુ ઓનલાઈન રજિસ્ટ્રેશન શરૂ થયુ નથી તેમજ ક્યારે શરૂ થશે તેના પણ કોઈ ઠેકાણા નથી.

યુનિ.દ્વારા હજુ સુધી એડમિશન વેબસાઈટ પર કોઈ જાહેરાત કરાઈ નથી અને બીજી બાજુ વિદ્યાર્થીઓ-વાલીઓ પ્રવેશ ફોર્મ માટે રાહ જોઈને બેઠા છે અને પુછપરછ કરી રહ્યા છે.

ગુજરાત યુનિ.સહિતની અન્ય કેટલીક યુનિ.દ્વારા પણ હજુ સુધી ઓનલાઈન ફોર્મ જાહેર કરાયા નથી ત્યારે ૧૨ સાયન્સનુ પરિણામ આવી ગયુ હોવાથી બી.એસ.સીમા જ જવા માંગતા વિદ્યાર્થીઓ માટે યુનિ.ઓ પ્રવેશ પ્રક્રિયા શરૂ કરી દેવી જોઈએ.

માત્ર ગુજરાત યુનિ. માં જ ૧૪ હજાર થી વધુ બેઠક છે અને ૧૦ હજાર એડમિશન થાય છે. આ વર્ષે પરિણામ નબળુ આવતા વધુ બેઠકો ખાલી રહેશે.

લોકડાઉન ૫.૦ના સંકેત વચ્ચે

કેન્દ્ર મંજૂરી આપશે તો ગુજરાત સરકાર વધારે છૂટછાટો આપવાની તૈયારીમાં

ગાંધીનગર

૧ જૂનથી શરુ થનારું લોકડાઉન કેવું હશે તેની ચર્ચા અને અટકળો અત્યારથી જ શરુ થઈ ગઈ છે. ગુજરાત સરકાર પણ લોકડાઉન ૫.૦માં કેવી અને કેટલી છૂટછાટો આપવી તેનો નિર્ણય કેન્દ્ર સરકાર ગાઈડલાઈન્સ બહાર પાડે ત્યારબાદ લેશે. ઉલ્લેખનીય છે કે, રાજયમાં લોકડાઉન ૪.૦માં જ તમામ પ્રકારની આર્થિક ગતિવિધિઓ માટે મોટાપાયે છૂટછાટો જાહેર કરાઈ હતી.

સૂત્રોનું માનીએ તો, જે રીતે કોરોના વાયરસ ફેલાઈ રહ્યો છે તેને જોતા લોકડાઉન ૫.૦ આવવાનું લગભગ નક્કી જ છે. જોકે, આર્થિક ગતિવિધિઓને ફરી ધમધમતી કરવા અને લોકોની નાણાંકીય સંકડામણ ઘટે તે માટે તેમાં વધુ છૂટછાટો મળે તેવી શક્યતા છે. સીએમે આ અંગે મંત્રીઓ અને વિભિન્ન સમાજના આગેવાનો પાસેથી ફીડબેક પણ મેળવ્યો છે. જેના આધારે લોકડાઉન બે-ત્રણ સપ્તાહ માટે લંબાવાઈ શકે છે.

લોકડાઉન ૫.૦માં સરકાર દુકાનોને સાંજે છ વાગ્યા સુધી ખુલ્લી રાખવાની મંજૂરી આપી શકે છે. હાલ સવારે આઠથી સાંજે ચાર વાગ્યા સુધી જ તેની પરવાનગી છે. આ ઉપરાંત, હાલ સાંજના સાતથી સવારના સાત સુધી રખાતા કરફ્યુનો સમયગાળો પણ ઘટાડીને રાત્રે નવથી સવારે છ વાગ્યા સુધીનો કરી શકાય છે. રેડ ઝોન્સમાં પણ થોડી ઢીલ મળી શકે છે. આ ઉપરાંત, ધાર્મિક સ્થળોને પણ શરતી છૂટછાટો મળી શકે છે.

અમદાવાદમાં ફ્લાઈટને પેસેન્જર મળતા નથીઃ ૫૦ ટકા ઉડ્ડયનો રદ

અમદાવાદ

દેશભરમાં ૨૫ મેથી પસંદગીના રૂટ પર ડોમેસ્ટિક ફ્લાઈટોનું સંચાલન શરૂ કરાયું છે. મંગળવારે બીજા દિવસે અમદાવાદ એરપોર્ટથી શિડ્યુલ્ડ ૯૦ જેટલી ફ્લાઈટમાંથી ૫૦ ટકા જેટલી ફ્લાઈટોનું સંચાલન કરાયું હતું, જ્યારે બાકીની કેન્સલ કરવામાં આવી હતી. જ્યારે બુધવારે પણ કેટલીક ફ્લાઈટ પેસેન્જરને અભાવે રદ કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર એર એશિયાની ૪, ઈન્ડિગોની ૧૦, એર ઈન્ડિયાની ૨, વિસ્તારાની ૨ અને ગોએરની તમામ ફ્લાઈટ રદ કરવામાં આવી હતી. લોકડાઉનને પગલે અમદાવાદ સહિત અનેક શહેરોમાં મોટી સંખ્યામાં લોકો ફસાઈ ગયા હતા. જો કે ૨૫ મેથી ૩૦ જૂન સુધી પસંદગીના રૂટ પર ફ્લાઈટ શરૂ કરવાની જાહેરાત બાદ લોકડાઉનમાં ફસાયેલા લોકો સહિત અન્ય કેટલાક લોકોએ પણ બુકિંગ શરૂ કરાવ્યું હતું. જો કે અનેક રાજ્યોમાં હજુ ૩૦ જૂન સુધી લોકડાઉનમાં કોઈ છૂટ અપાઈ નહીં હોવાની સાથે પશ્ચિમ બંગાળ, તમિલનાડુ જેવા કેટલાક રાજ્યોએ હજુ સુધી ફ્લાઈટોના સંચાલનને મંજૂરી આપી નથી. જ્યારે કેટલાક રાજ્યોએ અન્ય રાજ્યમાંથી આવતા લોકોને ફરજિયાત ક્વોરન્ટાઈન કરવાની જાહેરાત કરી છે. જેના કારણે મોટી સંખ્યામાં લોકો હજુ પણ પ્રવાસ કરવાનું ટાળી રહ્યા છે. જેના પગલે ફ્લાઈટમાં પૂરતા પેસેન્જરો મળતા નથી.

આ પરિસ્થિતિમાં ગોએર દ્વારા જૂનના પ્રથમ સપ્તાહમાં ફ્લાઈટ શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી છે. જ્યારે અનેક ફ્લાઈટમાં પૂરતા પેસેન્જર ન હોવાથી છેલ્લી ઘડીએ રદ કરી પેસેન્જરોને એજ રૂટની અન્ય ફ્લાઈટમાં મોકલવામાં આવી રહ્યા છે. અમદાવાદથી ઈન્ડિગોની ૧૦, એર ઈન્ડિયાની ૨, વિસ્તારાની ૨, એર એશિયાની ૪ સહિત અન્ય ફ્લાઈટો રદ કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, પહેલા દિવસે અમદાવાદથી ૪૦ ટકાથી વધુ ફ્લાઈટોનું સંચાલન થયું હતું.

ભલામણો સાથેનો વચગાળાનો અહેવાલ આપ્યો

ગુજરાતને આર્થિક રીતે પુન ધબકતુ કરવા યોજના ઘડાશે

પુનઃ નિર્માણની ભલામણો સૂચવવા રચાયેલી સમિતિની બેઠક આજે ગાંધીનગરમાં રૂપાણીની અધ્યક્ષતામાં યોજાઈ

વડોદરા

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ વૈશ્વિક મહામારી કોરોના વાયરસ કોવિડ-૨૦૧૯ની સ્થિતી બાદ રાજયમાં આર્થિક પૂનનિર્માણ પગલાં અને રાજકોષિય-ફિઝકલ પૂનર્ગઠનની ભલામણો માટે પૂર્વ કેન્દ્રીય નાણાં સચિવ શ્રી ડો. હસમુખ અઢિયાના અધ્યક્ષસ્થાને એક ઉચ્ચસ્તરીય કમિટીની રચના કરી છે. આ ઉચ્ચસ્તરીય કમિટીની બેઠક મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષ સ્થાને ગાંધીનગરમાં યોજાઈ હતી. નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ, શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, કૃષિ મંત્રી શ્રી આર. સી. ફળદુ, મહેસૂલ મંત્રી શ્રી કૌશિકભાઈ પટેલ તેમજ ઊર્જા મંત્રી શ્રી સૌરભભાઈ પટેલ પણ આ બેઠકમાં જોડાયા હતા. ૬ સભ્યોની આ સમિતીમાં વિવિધ આર્થિક ક્ષેત્રના પ્રતિષ્ઠિત જે તજજ્ઞોનો પણ સમાવેશ કરાયો છે તેમાં શ્રી વિજયભાઈ રૂપાણીએ આ સમિતીમાંઅમદાવાદના પૂર્વ પ્રાધ્યાપક પ્રો. રવિન્દ્ર ધોળકીયા, જાણીતા ટેક્ષ કન્સલટન્ટ શ્રી મૂકેશ પટેલ, ફાયનાન્સીયલ એકસપર્ટ શ્રી પ્રદિપ શાહ, પૂર્વ આઈ.એ.એસ. અધિકારી શ્રી કિરીટ શેલત અને સભ્ય સચિવ તરીકેજેઠ્ઢઝના એમ.ડી. શ્રી એમ. થેન્નારસનની નિયુકતી કરી છે. આજે યોજાયેલી આ કમિટીની પ્રથમ બેઠકમાં આ સભ્યો પણ ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાત દેશના અર્થતંત્ર અને ઔદ્યોગિક ગતિવિધિનું એક મહત્વપૂર્ણ રાજય તથા મેન્યૂફેકચરીગ હબ છે ત્યારે કોવિડ-૧૯ની આ મહામારીને પરિણામે રાજયની એ ગતિવિધિઓને વ્યાપક અસર પહોંચી છે. આ મહામારીના સંકટથી રાજયના અર્થતંત્રની ડિમાન્ડ અને સપ્લાય ચેઈનને પણ વિપરીત અસર પડી છે. એટલું જ નહિ, સ્જીસ્ઈ સેકટર સહિતના અન્ય ક્ષેત્રો પણ આ અસરનો ભોગ બનેલા છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ આ બધી જ બાબતોનો સર્વગ્રાહી અભ્યાસ કરીને તેમજ દેશના અન્ય રાજયોમાંથી ગુજરાતમાં રોજી-રોટી માટે વસેલા શ્રમિકો પણ તેમના વતનમાં પરત ગયા છે તે સ્થિતીને ધ્યાને લઈને અર્થતંત્રની આર્થિક ગતિવિધિઓની સુધારણા માટેની ભલામણો સુચવવા આ ઉચ્ચસ્તરિય સમિતીની રચના કરેલી છે. આ ઉચ્ચસ્તરીય સમિતી રાજયમાં સેકટરલ-સબ સેકટરલ આર્થિક નુકશાનનો અભ્યાસ કરીને સેકટર સ્પેસીફિક પૂર્નગઠન માટેના ઉપાયો-સૂઝાવો આપવાની છે. મુખ્યમંત્રીશ્રીએ રાજયના ઊદ્યોગ, વેપાર, ધંધા-રોજગારના ક્ષેત્રોને પૂનઃ ધબકતા કરવા તથા કોવિડ-૧૯ના સંકટમાંથી બહાર આવી ઝડપભેર જનજીવન પૂર્વવત કરવાની દિશામાં સર્વગ્રાહી ચર્ચા-વિચારણા અને કાર્યયોજના માટે આ ઉચ્ચસ્તરીય બેઠકમાં પરામર્શ કર્યો.

પાલડીમાં સાસરિયાના ત્રાસથી કંટાળીને પરિણીતાનો આપઘાત

અમદાવાદ

બહેરામપુરામાં રહેતા નિકિતા બેન ઉમર વર્ષ ૨૭ના લગ્ન પાલડીમાં સુખીપુરાના છાપરામાં રહેતા દીપકભાઈ પી બથવાર માતા સાથે થયા હતા. દિપક બથવાર આંબાવાડી ખાતે ટુ વ્હીલરનો આ વ્યવસાય કરે છે. તેમને સંતાનમાં બે બાળકો છે.

થોડા વર્ષો અગાઉ નિકિતાબેન તેમના બાળકો લઈને બહેરામપુરા માતા-પિતાના ઘરે આવ્યા હતા. તે સમયે તેમણે પતિ અને સાસુ ધનીબેન ઘરકામ અને રસોઈ બાબતે હેરાન કરી પરેશાન કરતા હોવાનું જણાવ્યું હતું. તે સિવાય પતિ નાની નાની બાબતોમાં નિકિતાબેનને બહાર કાઢી તેમને મારઝૂડ કરી માનસિક અને શારીરિક ત્રાસ આપતા હતા.

પાંચ દિવસ અગાઉ પતિનું કામ ધંધો બંધ હોવાથી તેણે નિકિતાબેનને સાસરીમાંથી પૈસા તેમજ કરિયાણું લઈ જવા જણાવ્યું હતું. આથી નિકીતાબેનના ભાઈ ભાવેશભાઈ ૫૦૦૦ રૂપિયા અને ગર્વનો સામાન લઈને તેમના ઘરે આપી આવ્યા હતા.

દરમિયાન ૨૭ મે ના રોજ નિકિતા બેનને તેમના ઘરમાં ગળાફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે તેમના ભાઈએ નિકિતાબેનના પતિ દિપક પી બથવાર અને સાસુ ધનીબેન બથવાર સામે દુષ્પ્રેરણનો ગુનો નોંધાયો હતો. જેને આધારે પાલડી પોલીસે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

ગુજરાતમાં આવતા અઠવાડિયે વાવાઝોડા સાથે વરસાદની આગાહી

અમદાવાદ

હાલ ભારત સહિત સમગ્ર વિશ્વ મહામારી કોનાનો સામનો કરી રહ્યાં છે, ત્યારે હવે દેશમાં વાવાઝોડા પણ આવવા લાગ્યા છે. તેની સાથે સાથે ગુજરાત વાવાઝોડાનું સંકટ ઉભું થયું છે. ગુજરાત અરબી સમુદ્રમાં નવી સાયક્લોન પેટર્ન સર્જાઈ રહી છે. હવામાન વિભાગ મુજબ, અરબી સમુદ્રમાં સાયક્લોનિક સર્ક્યુલેશન સિસ્ટમ વેસ્ટ સેન્ટ્રલ અને સાઉથ વેસ્ટ પર બની રહી છે. જેને કારણે ૨૯ મેના રોજ સિસ્ટમમાંથી લો પ્રેશર ઉભું થશે અને ૪૮ કલાકમાં ડિપ્રેશનમાં બદલી શકે છે અને વાવાઝોડાનું રૂપ ધારણ કે એવી શક્યતા છે. જો આમ થયું તો આવતા અઠવાડીયે સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં ભારે વરસાદ પડી શકે છે. આ વાવાઝોડાનું નામ નિસર્ગ હોય શકે છે.

વડોદરાના સાંસદ,ડભોઈના ધારાસભ્ય અને એક ઉદ્યોગપતિનો સમાવેશ

સાઉથ એશિયન ચેમ્બર ઓફ કોમર્સમાં ૩ ગુજરાતીઓની પસંદગી

ગાંધીનગર

સાઉથ એશિયન ચેમ્બર ઓફ કોમર્સને લઈને આજે એક મહત્વપૂર્ણ સમાચાર મળી રહ્યા છે. આજે સાઉથ એશિયન ચેમ્બર ઓફ કોમર્સમાં ૩ ગુજરાતીઓની પસંદગી કરવામાં આવી છે. જે ત્રણ ગુજરાતીઓની પસંદગી કરવામાં આવી છે, તેમાં વડોદરાના સાંસદ, ડભોઈના સ્ન્છ, એક ઉદ્યોગપતિની પસંદગી થઈ છે. જેના કારણે આગામી સમયમાં હવે સરકારની નીતિ, એજ્યુકેશન, પ્રમોશન જેવી બાબતો પર ધ્યાન આપવામાં આવશે. વડોદરાના ૨ લોકો ઈન્ટરનેશનલ લેવલે પ્રતિનિધિત્વ કરશે. શાર્ક દેશોમાં ભારત, નેપાળ, ભૂતાન, બાંગ્લાદેશ, શ્રીલંકાનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આ વિશે મળતી માહિતી પ્રમાણે, આજે સાઉથ એશિયન ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીમાં ગુજરાતમાંથી ત્રણ લોકોની પસંદગી થતાં દરેક ગુજરાતીને ગર્વ થાય તેવા એક અહેવાલ મળી રહ્યા છે. સાઉથ એશિયન ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીમાં વડોદરા સાંસદ રંજનબેન ભટ્ટ, ડભોઈના ધારાસભ્ય શૈલેષ મહેતા અને એક અગ્રણી ઉધોગપતિની પસંદગી કરવામાં આવી છે.

જેથી હવે સાઉથ એશિયન ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીમાં બે બરોડીયન ઈન્ટનેશનલ લેવલે પ્રિતિનિધિત્વ કરશે. શાર્કદેશોમાં ભારત, નેપાળ, ભૂટાન, બાંગ્લાદેશ , શ્રીલંકા, અફઘાનિસ્તાન, પાકિસ્તાન, માલદીવનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેના કારણે ભારત સરકારની નીતિઓ ઉધોગોનો વિકાસ, એજ્યુકેશન અને પ્રમોશન વગેરે મહત્વની બાબતો ધ્યાન કેન્દ્રિત કરી શકશે.

ચાણસ્મા તાલુકા પંચાયતના ઉપપ્રમુખની ચૂંટણી યોજાઈઃ ભાજપનો વિજય

ચાણસ્મા

કોરોનાનાં કાળા કાળમાં પાટણ જીલ્લાનાં ચાણસ્મા તાલુકામાં તાલુકા પંચાયતનાં ઉપપ્રમુખનાં ચયન માટેની ચૂંટણી યોજાઈ હતી. ચાણસ્મા તાલુકા પંચાયત ખાતે માલતદાર હિમાશુભાઈ ચૌહાણની ઉપસ્થિતિમાં યોજાયેલી આ ચૂંટણીમાં ભાજપમાંથી ૧૨ સભ્યોના ટેકા સાથે ઈબ્રાહિમભાઈ સોલંકીએ ઉમેદવારી કરી હતી. સામે પક્ષે કોંગ્રેસમાંથી ૫ સભ્યોનાં ટેકા સાથે સરલાબેન ઠાકોરે ઉમેદવારી કરી હતી.

ચાણસ્મા તાલુકા પંચાયતનાં ઉપપ્રમુખનાં ચયન માટે ભાજપ અને કોંગ્રેસના તમામ સભ્યો ચૂંટણીમાં હાજર રહી પોતાનો મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. આપને જણાવી દઈએ કે, ચાણસ્મા તાલુકા પંચાયતમાં ભાજપનું સંખ્યા બળ ૧૨ નું છે, જ્યારે કોંગ્રેસનું સંખ્યા બળ પનું છે. આજ તર્જ પર ચૂંટણીમાં પણ ભાજપની બહુમતી સ્પષ્ટ જોવા મળી હતી અને ભાજપનાં ઉમેદવારને ૧૨ મત મળ્યા હતા. જ્યારે કોંગ્રેસના ઉમેદવારને પણ પોતાના તમામ ૫ સભ્યોનાં મત મળ્યા હતા.

ભાજપના ઉમેદવાર ઈબ્રાહિમ ભાઈ સોલંકીનો આ ચૂંટણીમાં બહુમતી સાથે વિજય થયો છે. જ્યારે કોંગ્રેસના ઉમેદવાર સરલા બેન ઠાકોર નો ૭ મતે પરાજય થતા, ભાજપનાં ઈબ્રાહિમ ભાઈ સોલંકીનું ચાણસ્મા તાલુકા પંચાયતનાં નવા ઉપપ્રમુખ તરીકે ચયન થયું છે.

અમદાવાદમાં ૩૧ પોલીસકર્મી કોરોના પોઝિટિવઃ ૪ના મોત, ૨૭૩ સ્વસ્થ થયા

અમદાવાદ

રાજ્યમાં કોરોના કહેર સૌથી વધારે અમદાવાદમાં વર્સી રહ્યો છે. અત્યારસુધી નોંધાયેલા રાજ્યના કુલ કેસો ૧૫,૨૦૮માંથી ૫૦ટકાથી વધુ કેસો માત્ર અમદાવાદના છે. સાથે જ મૃત્યુઆંકમાં પણ અમદાવાદ પ્રથમ નંબર પર છે. ત્યારે આવી પરિસ્થિતીમાં પોતાના પરિવારની ચિંતા કર્યા વગર દિવસ-રાત નાગરિકોની સેવામાં ઉપસ્થિત રાષ્ટ્રરક્ષકો પણ કોરોનાનો ભોગ બની રહ્યા છે. ખાસ કરીને પોલીસકર્મીઓ વાઈરસના સંક્રમણમાં આવી રહ્યા છે. અત્યાર સુધીમાં અમદાવાદમાં ૩૬૧ જેટલા પોલીસ કર્મીઓ કોરોના પોઝિટિવ બન્યા છે જ્યારે ૪ના મોત નિપજ્યા છે.

શહેરમાં અત્યાર સુધીમાં ૩૬૧ પોલીસ કર્મીનો રિપોર્ટ કોરોના પોઝિટિવ આવ્યો છે. જેમાથી ૨૭૩ કર્મીઓએ કોરોના સામે જીત મેળવી છે. જ્યારે હજુ ૮૮ જેટલા કર્મીઓ સારવાર હેઠળ છે. હાલમાં નરોડા ખાતે શેલ્બી હોસ્પિટલમાં પોલીસ કર્મીઓ તેમજ અધિકારીઓ માટે ખાસ સગવડ ઉભા કરવામાં આવી છે. આ હોસ્પિટલમાં કોરોના પોઝિટિવ કર્મીઓની સારવાર કરવામાં આવે છે.

કિસાન નેતા પાલ આંબલિયાનો ડીજીપીને પત્રઃ ફરિયાદ દાખલ નહિ થાય તો ઉપવાસની ચિમકી

રાજકોટ

ગુજરાત કિસાન કોંગ્રેસના ચેરમેન પાલ આંબલિયાએ ડીજીપીને પત્ર લખ્યો છે. થોડા દિવસ પહેલા કલેક્ટર કચેરીએ પાકના યોગ્ય ભાવ ન મળતા હોવાથી પાલ આંબલીયા સહિત કોંગ્રેસના કાર્યકરો ડુંગળી, એરંડા, કપાસની બોરી લઈને કલેક્ટર કચેરીએ ગયા હતા. આથી પોલીસે પાલ આંબલીયા સહિત પાંચની ધરપકડ કરી હતી. બાદમાં પાલ આંબલીયાએ પોલીસ કસ્ટડીમાં ઢોર માર માર્યાનો આક્ષેપ કર્યો હતો. માર મારનાર પોલીસ અધિકારીઓ સામે ગુનો નોંધવા બાબતે ડીજીપીને પત્ર લખ્યો છે. ગુનો નોંધાવો ફરજિયાત હોવા છતાં પોલીસ અધિકારીઓ ગુનો આચરનારને બચાવતા હોવાનો આક્ષેપ કર્યો છે અને સમગ્ર મામલે ડીજીપીને પત્ર લખીને ઈ-મેઈલ કર્યો છે.

પાલ આંબલિયાએ પત્રમાં જણાવ્યું છે કે, હું એકલો ખેડૂત યાત્રા કરવાનો હતો અને આપ સમક્ષ આવવાનો હતો. મને યાત્રા કરતાં અને આપ સમક્ષ આવવા અટકાવવા માટે હોમ ક્વોરન્ટીન કરાયો હતો. આ સાથે જ કહ્યું કે મને યાત્રા કરતા અટકાવી શકો, પણ પોલીસ કસ્ટડી દરમિયાન મને માર મારનાર અધિકારીઓ સામે ગુનો નોંધાવવો જ પડે. જો ગુનો ન નોંધાય તો મને કારણો આપવા જોઈએ. એફઆઈઆર દાખલ ન થાય તો મારે ઘરે ગાંધી ચિંધ્યા માર્ગે ઉપવાસ પર બેસવું પડશે. તેવી ચિમકી ઉચ્ચારી છે.

દર્દીઓની સારવાર કરનારા ૧૦૦થી વધુ ડોક્ટર કોરોના સંક્રમિત

અમદાવાદ

કોરોના વાયરસ સામે યોદ્ધા બનીને દર્દીઓનો જીવ બચાવનારા ડોક્ટર્સ પણ હવે કોરોનાનો શિકાર થઈ રહ્યા છે. દેશમાં કોરોનાથી સૌથી વધુ પ્રભાવિત અમદાવાદ શહેરમાં જ ૪ ડોક્ટર્સના મોત અને ૧૦૦થી વધુ ડોક્ટર્સ કોરોના સંક્રમિત થયા છે. જયારે દર્દીઓની સારવાર દરમિયાન ડોક્ટર્સ સહિત ૨૦૦ જેટલા નર્સ અને પેરામેડિકલ સ્ટાફને પણ સંક્રમણ લાગ્યું છે.

શહેરમાં ફિઝિશિયન્સ, ઓર્થોપેડિક, સર્જન્સ, ન્યૂરો-સર્જન્સ, રેડિયોલોજિસ્ટ, ગાયનેકોલોજિસ્ટ્સ અને જનરલ સર્જન સૌથી વધારે કોરોના સંક્રમિત થયા છે. એએમએના અધિકારીએ જણાવ્યું, ચાર ડોક્ટર્સ ડો. આદિત્ય ઉપાધ્યાય, ડો. કમલેશ ટેઈલર, ડો. રમેશ પટેલ અને ડો. એમ.એ અંસારી દર્દીઓની સારવાર દરમિયાન નિધન થયું છે.

આ ઉપરાંત જે ડોક્ટર્સ કોરોના પોઝિટિવ આવ્યા છે જેમાં બી.જે મેડિકલ કોલેજના પૂર્વ ડીન ડો. ભરત શાહ છે. જેમની સિવિલમાં આવેલી યુ.એન મહેતા હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. ભાજપના પૂર્વ નેતા અને રાજયની પાર્ટીના ડોક્ટર સેલના પૂર્વ-ઈન્ચાર્જ ડો. અનિલ પટેલ પણ પોઝિટિવ આવ્યા છે.

પોઝિટિવ આવેલા વધુ ૪૦ જેટલા ડોક્ટર્સના નામનું લિસ્ટ સોશિયલ મીડિયા ગ્રુપમાંથી ફરતું થયું હતું. તેમાંથી મોટાભાગના ડોક્ટર્સ પ્રાઈવેટ છે. સિવિલમાં બનેલી કોવિડ-૧૯ હોસ્પિટલ, એસવીપી હોસ્પિટલ અને જીસીઆરઆઈમાં અંદાજે ૬૦-૭૦ જેટલા ડોક્ટર્સ કોરોના પોઝિટિવ છે. સૂત્રો મુજબ, સિવિલના ૧૮, જીસીઆરઆઈના ૩૬ અને એસવીપીમાં ૧૧ ડોક્ટર્સને કોરોનાનું સંક્રમણ થયું છે. જ્યારે હોસ્પિટલના નર્સ, પેરામેડિક્સ સહિતના સ્ટાફને ગણવામાં આવે તો આ આંકડો ૨૦૦ સુધી પહોંચે છે.

પોલીસે ૧૨ જુગારીઓને ઝડપી પાડ્યા

લોકડાઉન વચ્ચે રાજકોટમાં દેશી દારૂની ભઠ્ઠી અને ઘોડિયાપાસાનો જુગાર ઝડપાયો

રાજકોટ

કોરોના વાયરસ સામે લડવા માટે અત્યારે સમગ્ર રાજ્યમાં લોકડાઉન ચાલી રહ્યું છે. લોકડાઉનના આ સમયમાં પોલીસે એક જગ્યા ઉપરથી દેશી દારુ ભઠ્ઠી અને ઘોડિપાસાનો જુગાર ઝડપાયો હતો.

મળતી માહિતી પ્રમાણે શહેરના પ્રદ્યુમનનગર પોલીસે બાતમીના આધારે શહેરના કીટીપરા આવાસ યોજના ક્વાટર વીગ એફની બાજુમાં જાહેરમાં દેશી દારૂની ભઠી ચાલુ છે જેની હકીકત મળતા તપાસ કરવામાં આવી હતી. જયાં હસુબેન મુનાભાઇ ચુનીભાઇ રાઠોડ જે કીટીપરા આવાસ યોજના ક્વાટર એફ વીગ ગ્રાઉન્ડ ફલોર વાળીને દેશીદારૂ તથા ભઠીના સાધનો મળી કુલ ૨૮૦૦/- ના મુદામાલ સાથે આરોપી ને પકડી પાડવામાં આવ્યા છે.

જોકે આરોપી મહિલા પોલીસ પકડથી દુર છે. બીજી તરફ કીટીપરા આવાસ યોજના ક્વાટર બ્લોક નં. એફ ની પાછળ પાણીના ટાકાની છત પર અમુક માણસો જાહેરમા ઘોડીપાસાનો પૈસાની હાર-જીતનો જુગાર રમે છે જે હકીકતવાળી જગ્યાએ પોલીસ દ્વારા રેઈડ કરતા જાહેરમાં ઘોડીપાસાનો પૈસાની હારજીતનો જુગાર રમી મળી આવી ઘોડીપાસા નંગ-૨ તથા રોકડા રૂા.૧૬૭૦૦/- ના મુદામાલ સાથે ૧૨ લોકોને પકડી પાડવામાં આવ્યા છે.

જે રીતે હાલ લોકડાઉન ૪ નો તબક્કો ચાલી રહ્યો છે ત્યારે લોકોને ઘરની બહાર નીકળવા માટે થોડી છૂટછાટ આપવામાં આવી છે તો સાથે જ ધંધા રોજગાર પણ શરૂ કરવાની છૂટ સરકાર અને તંત્ર દ્વારા આપવામાં આવી છે. પરંતુ અમુક શખ્સો દ્વારા આવી છૂટછાટનો ગેરફાયદો ઉઠાવવામાં આવી રહ્યો છે.

લોકડાઉન ૪ દરમ્યાન રાજકોટ પોલીસે અલગ-અલગ જગ્યાઓ થી જુગાર રમતા લોકોની ધરપકડ કરી હતી ત્યાર બાદ હવે પ્રદ્યુમનનગર પોલીસ દ્વારા કિટીપરા આવાસ યોજનામાંથી જ દેશી દારૂની ભઠ્ઠી તેમજ વરલી મટકા નો જુગાર રમતા શખ્સોની ધરપકડ કરી છે અને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

લાઈટ બિલ ભરવાની છેલ્લી તારીખ ૩૦ હોવાના પરિપત્રથી લોકોની ભીડ જામી

રાજકોટ

સૌરાષ્ટ્રમાં વીજળી આપતી સરકારી કંપની પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ (પીજીવીસીએલ)ના એક પરિપત્રના કારણે લોકોમાં ગભરાટ ફેલાયો છે. પીજીવીસીએલ દ્વારા અચાનક જ માર્ચ અને એપ્રિલ મહિનાનાં લાઈટ બિલ ભરવાની છેલ્લી તારીખ ૩૦ મે હોવાનો પરિપત્ર બહાર પડાતાં ગભરાયેલા લોકોની પીજીવીસીએલ કચેરી ખાતે લાઈટ બિલ ભરવા માટે ભીડ જામી ગઈ હતી. આ ભીડના કારણે સોશિયલ ડિસ્ટન્સિંગના નિયમનું પાલન થતું નથી.

પીજીવીસીએલના પરિપત્રથી લોકો પીજીવીસીએલ કચેરી ખાતે મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. ૩૦ મે સુધીમાં બિલ નહીં ભરાય તો વધુ ચાર્જ ભરવો પડશે અને દંડ લાગશે એવા ડરને કારણે ગ્રાહકોની ભીડ જામી છે.

આ પહેલાં ગયા મહિને પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ (PGVCL) એ આ વખતે લોકોને લાઈટનું બિલ ઘરે નહીં મોકલવાનો નિર્ણય લીધો હતો. તેના બદલે ગ્રાહકોએ ઍપ્લિકેશન ની વેબસાઈટમાંથી પોતપોતાનું બિલ ડાઉનલોડ કરવાનું રહેશે અને પછી આ બિલ ઓનલાઈન ભરી શકાશે એવી જાહેરાત કરાઈ હતી. કોરોનાવાયરસ કટોકટીના કારણે લોકડાઉન હોવાથી લોકોને બહાર નિકળવાની મનાઈ છે. આ કારણે આ નિર્ણય લેવાયો હતો. હવે અચાનક જ કંપની દ્વારા નવો પરિપત્ર બહાર પાડીને બિલો ભરવા ટૂંકી મુદત અપાતાં લોકોની ભીડ ઉમટી છે.

ધારી ગીર પૂર્વમાં ૨ સિંહોના મૃતદેહ મળી આવતા ચકચાર મચી

અમરેલી

એશિયાટિક સિંહોના સંવર્ધન માટે સરકાર કરોડો રૂપિયાનો ખર્ચ કરે છે. પરંતુ સિંહોની જાળવણી યોગ્ય રીતે ન થતી હોવાની ચર્ચા લોકોમાં થઈ રહી છે. એશિયાટિક સિંહો પર ફરી આફત આવી કે શું? તેવો સવાલ લોકોમાં ઉઠ્યો છે. કારણ કે ધારી ગીર પૂર્વમાં ૨ સિંહોના મૃતદેહ મળી આવ્યા છે. જ્યારે ખાંભા પીપળવા રાઉન્ડના ડંકીવાળા વિસ્તારમાંથી સિંહબાળનો મૃતદેહ મળી આવ્યો છે. તેમજ સાવરકુંડલાના મિતીયાળા અભ્યારણમાંથી કોહવાયેલી હાલતમાં સિંહણનો મૃતદેહ મળી આવ્યો છે. એક જ દિવસમાં સિંહોના ચાર-ચાર મૃતદેહ મળી આવતા સિંહપ્રેમીઓમાં દુ:ખની લાગણી જોવા મળી રહી છે.

રાજુલાના કોવાયા ગામથી રેસ્ક્યુ કરાયેલા સિંહનું બાબરકોટ એનિમલ કેર સેન્ટર ખાતે સારવાર દરમિયાન મોત નીપજ્યું છે. ૨૪ કલાકમાં ચાર-ચાર સિંહોના મોતથી વન વિભાગના ઉચ્ચ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી મૃતદેહોને પીએમ માટે એનિમલ કેર સેન્ટર ખાતે ખસેડ્યા છે. તેમજ સિંહોના મોતનું કારણ પણ અકબંધ છે. વન વિભાગે વધુ તપાસ હાથ ધરી છે.

અમદાવાદ ભાજપ શહેર પ્રમુખ જગદીશ પંચાલ કોરોના પોઝિટિવ

અમદાવાદ

શહેરમાં કોરોનાના કેસોમાં સતત વધારો થઈ રહ્યો છે, ત્યારે અમદાવાદ ભાજપ શહેર પ્રમુખ અને નિકોલના ધારાસભ્ય જગદીશ પંચાલને કોરોના પોઝિટિવ આવ્યો છે. આજે સવારે જગદીશ પંચાલને કોરોના પોઝિટિવ આવ્યો છે. કોરોનાનો રિપોર્ટ પોઝિટિવ આવતાં તેમને સારવાર માટે એપોલો હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

નોંધનીય છે કે, ગઈ કાલે અમદાવાદમાં કોરોનાના ૨૫૬ કેસ નોંધાયા હતા. તેમજ અમદાવાદમાં કુલ ૧૧૦૯૩ કેસ નોંધાયા છે. જેમાંથી ૪૯૫૦ લોકોએ અત્યાર સુધીમાં કોરોનાને મ્હાત આપી છે. જ્યારે ૭૬૪ લોકોના મોત થયા છે. ગુજરાતમાં કોરોનાના કેસોનો ડબ્લિંગ રેટ ૧૫ દિવસ અને અગાઉ ૧૬ દિવસનો હતો. તે હવે વધીને ૨૪.૮૪ દિવસનો થયો છે. રાજયમાં કોરોનાના કેસો સૌથી વધુ અમદાવાદમાં છે. અહીં પણ ડબ્લિંગ રેટ મુદ્દે મોટા સમાચાર આવ્યા છે. અમદાવાદમાં આ દર ૧૫ દિવસ હતો, એના પહેલા ૧૩ દિવસ હતો. જે હવે વધીને ૨૫.૦૮ દિવસ થઈ ગયો છે.

કોરોના સંકટ વચ્ચે શાળાઓમાં આગામી સત્ર અંગે તૈયારીઓ શરૂ

ગાંધીનગર

કોરાનાના કારણે લદાયેલા લોકડાઉનના કારણે દેશભરમાં શાળાઓ બંધ છે. શૈક્ષણિક સંસ્થાઓ ક્યારે શરૂ થશે તે અંગે અનિશ્ચિતતા પ્રવર્તે છે ત્યારે રાજયની શાળાઓમાં આગામી સત્ર અંગે તૈયારીઓ શરૂ કરી દેવાઈ છે.

રાજયમાં ક્યારથી નવું શૈક્ષણિક સત્ર શરૂ થશે એ અંગે રહસ્ય અકબંધ છે ત્યારે રાજય સરકારના શિક્ષણ વિભાગે વેકેશન લંબાવવું પડે અને નવું સત્ર મોડું શરૂ થાય તે માટેની વૈકલ્પિક વ્યવસ્થાની તૈયારીઓ આદરી છે.

રાજયમાં ધોરણ ૧થી ધોરણ ૮ના વિદ્યાર્થીઓ માટે જીસીઈઆરટીએ વૈકલ્પિક અધ્યયન સાહિત્ય તૈયાર કર્યું છે. આ સાહિત્ય જિલ્લા કક્ષાએથી છપાવીને તમામ સરકારી પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવા માટે જીસીઈઆરટીના સચિવે રાજયના તમામ જિલ્લા પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર્સ અને પ્રાથમિક શિક્ષણાધિકારીઓને પરિપત્ર મોકલ્યો છે. આ સાહિત્ય પુસ્તક સ્વરૂપે પ્રિન્ટ કરીને વિદ્યાર્થીઓને મોકલી આપવાની વ્યવસ્થા ગોઠવવા પરિપત્રમાં આદેશ અપાયો છે. વિદ્યાર્થી ઘરે બેઠા પણ અભ્યાસ ચાલુ રાખી શકે તેવી બાબતોનો વૈકલ્પિક અધ્યયન સાહિત્યમાં સમાવેશ કરાયો છે. વિદ્યાર્થીઓ સુધી પુસ્તક સ્વરૂપે પહોંચાડવાની વ્યવસ્થા ગોઠવવા માટે તમામ જિલ્લા પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર્સ અને પ્રાથમિક શિક્ષણાધિકારીઓને કહેવાયું છે.

કડી પોલીસ દારૂ પ્રકરણ: કેનાલમાંથી વધુ ૩૦૯ બોટલો મળી આવી

મહેસાણા

કોરોના વાઈરસના સંક્રમણને ફેલાતુ અટકાવવા માટે લાગૂ કરવામાં આવેલા લૉકડાઉન વચ્ચે મહેસાણા જિલ્લાના કડી પોલીસ સ્ટેશનના દારૂ પ્રકરણે જોર પકડ્યું છે. હજુ સુધી આ કેસના આરોપીઓ પોલીસ પકડથી દૂર છે, ત્યાં આજે આંદુદરા ગામ પાસેથી પસાર થતી કેનાલમાંથી દારૂની વધુ ૩૦૯ બોટલો જપ્ત કરવામાં આવી છે. આ અંગે પ્રાપ્ત વિગતો મુજબ, કડી પોલીસ સ્ટેશનના દારૂ પ્રકરણની ગાંધીનગર પોલીસ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. આ દરમિયાન પોલીસે આદુંદરા ગામ નજીકથી પસાર થતી કેનાલમાં તપાસ કરતા આજે વધુ ૩૦૯ જેટલી દારૂની બોટલો રિકવર કરી છે. આમ આ દારૂકાંડમાં અત્યાર સુધીમાં કુલ ૩ ઠેકાણેથી દારૂનો જથ્થો મળી આવ્યો છે.

પાલનપુરમાં શાળાની બેદરકારી: વાલીઓને બાળકો સાથે ઈન્ટરવ્યૂ માટે બોલાવ્યા

પાલનપુર

લોકડાઉન વચ્ચે પાલનપુરની શ્રી રામ ગોવિંદા શાળાએ નાના બાળકોને ઈન્ટરવ્યૂ માટે બોલાવ્યા હોવાની ઘટના સામે આવી.. શાળાએ વાલીઓ સાથે બાળકોને ઈન્ટરવ્યૂ માટે બોલાવ્યા છે. ત્યારે સરકારે વૃદ્ધ અને બાળકોને ઘરે રાખવાની સલાહ આપી છે. તેમ છતાં શાળા દ્વારા સરકારની ગાઈડલાઈનનો જાહેરમાં ભંગ કરવામાં આવ્યો.

તો ધોરણ નવ માટે એડમિશન આપી શાળા દ્વારા ૨૦ હજાર રૂપિયા ફી પણ ઉઘરાવવામાં આવી. ત્યારે આ મામલે શાળાના ચેરમેન દ્વારા જણવવામાં આવ્યુ હતુ કે, સ્થાનિક વહીવટી તંત્ર મારુ કઈ બંગાડી શકશે નહીં.. જોકે, આવી શાળાના સંચાલક વિરૂદ્ધ પાસા હેઠળ કાર્યવાહી થઈ શકે છે.

સતલાસણા શાખાના મેનેજર દારૂના નશામાં મશગુલ થયા

મહેસાણા

લોકડાઉન વચ્ચે બેંક મેનેજર મદિરામાં મસ્ત બન્યા હતા. મહેસાણા ડિસ્ટ્રીક કો.ઓપરેટીવ બેંક સતલાસણા શાખાના મેનેજર દારૂના નશામાં મશગુલ થયા હતા.

સતલાસણા પોલીસે મેનેજર હરગોવન દેસાઈની અટકાયત કરી હતી. બેંક મેનેજર દારૂપીને બેંકમાં ફરજ પર પહોંચ્યો હતો. મેનેજરની ધમાલને પગલે પોલીસ બોલાવવાની ફરજ પડી હતી.

મહિલા બુટલેગર સહિત પત્રકાર પર હુમલો કરનાર પરપ્રાંતીય કોરોના પોઝિટિવ

રાજકોટમાં વધુ ત્રણ કેસ પોઝિટિવઃ કુલ આંકડો ૧૦૦ને પાર

રાજકોટ

રાજકોટમાં આજે વધુ ત્રણ પોઝિટિવ કેસ નોંધાયા છે. આથી રાજકોટ જિલ્લામાં સંખ્યા ૧૦૦ને પાર થઈ ગઈ છે. રાજકોટ જિલ્લામાં કુલ કેસની સંખ્યા ૧૦૩ થઈ છે. આજે નોંધાયેલા ત્રણ કેસ અમીનમાર્ગ, પ્રદ્યુમનનગર અને કેવલમ સોસાયટીમાં નોંધાયા છે. રાજકોટ શહેર બાદ આજે ગ્રામ્યમાં એક કેસ નોંધાયો છે. ગોંડલ જામવાડી જીઆઈડીસીમાં રહેતા ૧૮ વર્ષના યુવાનનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. આથી રાજકોટ શહેરમાં ૮૩ અને ગ્રામ્યમાં એક મળી કુલ કેસ ૧૦૩ થયા છે. રાજકોટમાં નોંધાયેલા આજના ત્રણેય કેસ હોટસ્પોટ જંગલેશ્વર વિસ્તાર છોડી શહેરી વિસ્તારમાં દેખા દીધા છે. આથી શહેરીજનોમાં ભયનો માહોલ છે. રાજકોટ જિલ્લાના શાપરમાં પોલીસ અને પત્રકાર પર હુમલો કરનાર એક વ્યક્તિને કોરોના પોઝિટિવ આવ્યો છે. હુમલો કરનાર અત્યાર સુધીમાં પર આરોપીની પોલીસે ધરપકડ કરી છે. પરપ્રાંતીય યુવાનને કોરોનાં પોઝિટિવ આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, થોડા દિવસ પહેલા પરપ્રાંતીયોએ શાપરમાં વતન જવાની જીદ પકડી રસ્તો ચક્કાજામ કર્યો હતો અને તોડફોડ કરી હતી. તેમજ એક પત્રકાર સહિત ચાર પોલીસ જવાન પર હુમલો કર્યો હતો.

રાજકોટમાં ગાયકવાડી કિટીપરાની મહિલા બુટલેગરને કોરોના પોઝિટિવ રિપોર્ટ આવ્યો છે. ગઈકાલે પ્રદ્યુમનનગર પોલીસની ટીમે દેશી દારૂની ભઠ્ઠીઓ પર દરોડા પાડ્યા હતા અને મહિલાની અટકાયત કરી હતી. તેનો કોરોના રિપોર્ટ કરાવતા આજે પોઝિટિવ રિપોર્ટ આવ્યો છે. આથી પ્રદ્યુમનનગર ડી સ્ટાફના પીએસઆઈ સહિતની ટીમના રિપોર્ટ કરાવી તમામને ૫ દિવસ સુધી હોમ ક્વોરન્ટીન કરાયા છે.

રાજકોટમાં ૬૫ દિવસ બાદ હવાઈ સેવા શરૂ થઈ

આજથી મુંબઈ અને રાજકોટ વચ્ચે હવાઈ સેવા શરૂ થઈ ગઈ છે. આજે વહેલી સવારે ૬.૪૦ કલાકે મુંબઈથી સ્પાઈસ જેટની ફ્લાઈટ ૭.૪૫ વાગ્યે રાજકોટ આવી પહોંચી હતી.જ્યારે ૮.૩૦ વાગ્યે રાજકોટથી મુંબઈ જવા રવાના થઈ હતી. મહત્વનું છે કે સ્પાઈસ જેટની ફ્લાઈટ મુંબઈથી ૭૫ પેસેન્જર સાથે રાજકોટ આવી પહોંચી હતી. જ્યારે રાજકોટથી ૩૫ પેસેન્જરે મુંબઈ માટેનું બુકીંગ કરાવ્યું હતું. પેસેન્જર્સને એરપોર્ટ પર એન્ટ્રી આપતી વખતે સેનિટાઈઝ કરીને તાપમાનની ચકાસણી કરવામાં આવી હતી. આ સાથે જ મુંબઈથી રાજકોટ આવેલા તમામ મુસાફરોનું ચેકઅપ કરવામાં આવશે અને ૧૪ દિવસ સુધી ક્વોરન્ટીન રહેવું પડશે.

૯૪૭ ટ્રેનો દોડી,ઔદ્યોગિક ક્ષેત્રે ભારે નુકસાનની ભીતિ

કોરોના મહામારી: ગુજરાતમાંથી ૩૦ લાખથી વધુ શ્રમિકો પોતાના વતન ગયા

ગાંધીનગર

ગુજરાત સરકાર દ્વારા પરપ્રાંતિય કામદારોને તેમના વતન મોકલવાની કામગીરી કરવામાં આવી રહી છે. સરકારે પરપ્રાંતિય કામદારોને પરત આવવાની મંજૂરી આપ્યા પછી ૧થી ૨૭ મે દરમિયાન ૩૦ લાખથી વધુ સ્થળાંતર કામદારો ગુજરાતમાંથી તેમના પોતાના રાજ્યો માટે રવાના થયા હતા. સરકારી સુત્રોએ જણાવ્યું હતું કે, આગામી બે દિવસમાં બીજા બે કે ત્રણ લાખ કામદારો રવાના થશે. ૩૦ લાખથી વધુ પરપ્રાંતિય કામદારો વતન જતા રહ્યા હોવાથી ગુજરાતમાં ઔદ્યોગિક ક્ષેત્રે ભારે નુકસાન થાય તેવી સંભાવના છે.

સરકારી રેકોર્ડ અનુસાર ૯૭૪ જેટલી શ્રમિક સ્પેશિયલ ટ્રેનોમાં ૧૫.૫૮ લાખથી વધુ સ્થળાંતર કામદારો તેમના રાજયોમાં પહોંચાડવામાં આવ્યા છે. જેમાં ઉત્તર પ્રદેશ, બિહાર, ઓડિશા, પશ્ચિમ બંગાળ, છત્તીસગઢ, તામિળનાડુ જેવા રાજયોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ૯.૫૦ લાખ કામદારોને સરકારી અને ખાનગી બસોમાં પાડોશી રાજય મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને રાજસ્થાન મોકલવામાં આવ્યા છે. પગપાળા કરીને, સાયકલ અથવા અન્ય ખાનગી વાહનોમાં રાજય છોડીને ગયા હોય તેવા લોકોનો આ આંકડામાં સમાવેશ થતો નથી.

અધિકારીઓનું કહેવું છે કે, રાજય સરકાર પાસે પગપાળા અથવા અન્ય રીતે વતન છોડીને ગયા હોય તેવા લોકોના ચોક્કસ આંકડા નથી. પરંતુ આ સંખ્યા ચારથી પાંચ લાખ લોકોની વચ્ચે હોઈ શકે. સરકારે સ્થળાંતર કામદારોને પાછા ફરવાની મંજૂરી આપતા પહેલા અઠવાડિયામાં ૨૧ લાખ જેટલા કામદારોએ પાછા ફરવા માટે નોંધણી કરાવી હતી.

હવે બપોરની ઊંઘ પાછી આવે તેવું લાગતું નથી

લોકડાઉનને લીધે વેપારીઓ બપોરે ઊંઘવાનું ભૂલી ગયા

બપોરે વેપાર-ધંધા ખુલ્લા રહે છે તે ખૂબ જ આવરકારદાયક લોકોએ ધંધા માટે ઊંઘનું બલિદાન આપવાનું નક્કી કર્યું

રાજકોટ

કોરોના વાયરસ લોકડાઉને રાજકોટ, મોરબી અને સુરેન્દ્રનગરના લોકોની પરંપરાગત લાઈફસ્ટાઈલ તથા વેપારમાં બહુ મોટા ફેરફાર લાવી દીધા છે. સૌથી મોટો ફેરફાર બપોરના ૧ થી ૪ના સમયગાળામાં આવ્યો છે. જેમાં સૌરાષ્ટ્રના લોકો આરામદાયક રીત સૂઈ જતા હતા, તે હવે બંધ થઈ ગયું છે. રાજકોટના વેપારી અરવિંદ ગંગદેવ કહે છે, રાજકોટમાં સાંજે ૭ થી સવારના ૭ વાગ્યા સુધી લોકડાઉન છે જેના કારણે સવારે ૯ થી બપોરે ૪ વાગ્યા સુધી ધંધા-વેપાર ચાલુ રહે છે. આને કારણે રાજકોટની પરંપરાગત લાઈફસ્ટાઈલમાં ચેન્જ થયો છે જે અનુસાર લોકો બપોરે ૧ થી ૪ ઊંઘ લેતા હતા તે બંધ થઈ ગઈ છે. જોકે, લોકોએ ધંધા માટે ઊંઘનું બલિદાન આપવાનું નક્કી કર્યું. એક ગૃહિણીએ કહ્યું કે, બપોરના સમયમાં વેપાર-ધંધા ખુલ્લા રહે છે તે ખૂબ જ આવરકારદાયક ફેરફાર છે. તેઓ કહે છે કે, આશા રાખીએ સૌરાષ્ટ્રમાં આ જ પ્રથા આગળ પણ ચાલુ રહે. પહેલા જ્યારે અમારે કંઈક ખરીદવા માટે બહાર જવું હોય તો ઘડિયાળ સામે જોવું પડતું હતું. અમારે અગાઉથી પ્લાન કરી ૧ વાગ્યા પહેલા ખરીદી પતાવી દેવી પડતી હતી. હવે એ બધું દૂર થયું છે. તે સારું છે. રાજકોટના સુરેન્દ્રનગર મેઈન રોડ પર સુપર માર્કેટ ધરાવતા જિતેશ કુંદનાની કહે છે કે, પહેલા કોઈ ગ્રાહક બપોરે ૧ વાગ્યાની આસપાસ અમારે ત્યાં આવે તો અમે તેને પાછું મોકલતા, કારણ કે તં બંધ કરવાનો સમય રહેતો હતો. નવો સમય ટ્રાવેલિંગ સેલ્સમેન માટે પણ ખૂબ સારો છે. પહેલા તો તેમને બપોરના ત્રણ કલાક શું કરવું તેની કોઈ જ ખબર જ નહોતી. જિતેશના સુપર માર્કેટનો સમય અત્યારે સવારે ૯ થી ચાર વાગ્યાનો છે અને લોકડાઉન પછી પણ બપોરના સમયમાં દુકાન ખુલ્લી રાખવાનું વિચારે છે. લોકો ચુસ્ત પણ માને છે કે, બપોરના સમયની ઊંઘ જરૂરી છે તેઓ કહે છે કે, આને કારણે તાજગી મળે છે. અને દિવસના બીજા સેશનમાં સારી રીતે કામ કરી શકાય. અસલમાં તે ખૂબ સારી બાબત છે. સુરેન્દ્રનગરના છૂટક વેપારી કહે છે કે, તેઓ અગાઉ પણ બપોરના સમયે દુકાન ખુલ્લી રાખતા હતા કે, ગામડાના ગ્રાહકો ખરીદી કરવા આવતા.

નવસારીના ખેડૂતો માટે ગ્રાહક સેવા કેન્દ્રનો આરંભ કરાયો

ગ્રાહક સેવા કેન્દ્રમાં ખેડૂતોને પુરતા ભાવ મળી શકશે

નવસારી

નવસારી કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા ખેડૂતોને પોતાના પાકનો પુરો ભાવ મળી રહે તેવા ઉમદા હેતુથી નવસારી કૃષિ યુનિવર્સિટીના કેમ્પસમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રના સંપર્ક ખેડૂતોની કેરીનું વેચાણ કેન્દ્રનો શુભારંભ કૃષિ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડો. એસ. આર. ચૌધરીના વરદહસ્તે કરવામાં આવ્યો હતો. તેઓની સાથે કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક ડો.સી.કે.ટીમ્બડીયા તથા તેમનો સ્ટાફ જોડાયો હતો.

આ પ્રસંગે કૃષિ યુનિવર્સિટીના કુલપતિ ડો. એસ. આર.ચૌધરીએ જણાવ્યું હતું કે, સમગ્ર વિશ્વની સાથે ભારતમાં કોરોના સંક્રમણને કારણે ઉદભવેલી પરિસ્થિતિને પહોંચી વળવા કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા લોકડાઉન જાહેર કરવામાં આવતાં આ કપરાં સમયમાં ખેડૂતોને તેના પાક કેરીના પુરતા ભાવ મળી રહે તે માટે કૃષિ વિજ્ઞાન કેન્દ્રના નવતર અભિગમ હેઠળ કેરી વેચાણ કેન્દ્રનો શુભારંભ કરવામાં આવ્યો છે. સારી ગુણવત્તાની કેરીનો સારો ભાવ મળી રહે તેમજ ગ્રાહકોને ઓર્ગેનિક કેરી વાજબી ભાવે મળી રહે તેવા ઉમદા હેતુથી આ વેચાણ કેન્દ્રને શરૂ કરવામાં આવ્યું છે. નગરજનો આ વેચાણકેન્દ્રની મુલકાત લેવા ડો.ચૌધરીએ અનુરોધ કર્યો હતો.

આ તકે, ખેડૂત મહિલા શ્રીમતિ લક્ષ્મીબેન બળવંતભાઇ પટેલે જણાવ્યું હતું કે, તેઓ પાસે ૧૦ વિઘા જમીનમાં આંબાવાડી છે. તેઓની પાસે આંબાની વિવિધ જાતો જેવી કે કેશર, લંગડો, દશેરી, તોતાપુરી, રાજાપુરી છે. તેઓ દરેક કેરીનું ગ્રેડીંગ કરી કિંમત નક્કી કરીને વેચાણકેન્દ્રમાં વેચાણ કરે છે. કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા આ વેચાણ કેન્દ્રની સુવિધા આપવાથી ખેડૂતોને સીધો લાભ મળશે અને કોઇપણ જાતનું કોઇને કમિશન ચુકવવું પડશે નહિ.જેથી ખેડૂતોને પુરો ભાવ મળશે.

કેરી વેચાણ કેન્દ્રને ઉભુ કરવામાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર નવસારીના સ્ટાફગણે ભારે જહેમત ઉઠાવી હતી.

મોટર ડ્રાઈવિંગ સ્કૂલને છૂટછાટ આપવા ઓનર્સ એસો.ની માંગ

ડ્રાઈવિંગ સ્કૂલના ૨૫ હજાર ટ્રેનરો બેરોજગાર

સુરત

કોવિડ-૧૯ને ધ્યાનમાં રાખી સમગ્ર ભારતમાં લોકડાઉનની પરિસ્થિતિ પ્રવર્તી રહી છે. હાલ લોકડાઉનના ચોથા તબક્કામાં સરકાર દ્વારા ધંધા રોજગાર માટે ઘણી બધી છુટછાટો આપવામાં આવી છે. ત્યારે મોટર ડ્રાઈવિંગ સ્કૂલને પણ છુટછાટ આપવામાં આવે તેવી માંગણીસુરત મોટર ડ્રાઈવિંગ સ્કૂલ ઓનર્સ એસોસિએશનના પ્રમુખ રાજુ શાહ દ્વારા સુરત આરટીઓ ડી.એ.ચાવડાને અરજી કરી ટ્રેનિંગ સ્કૂલ છુટના સમયે શરુ કરવાની મંજુરી માંગવામી આવી હતી.

વધુમાં રાજુ શાહે જણાવ્યું હતું કે વેકેશન સમયમાં સૌથી વધારે લોકો કાર શીખ આવતા હોય છે.ત્યારે આ સમયમાં વધારે આર્થિક નુકશાન સહન થાય તેમ નથી. ગુજરાતમાં ૨૫૦૦થી વધારે ડ્રાઈવિંગ સ્કૂલો છે. જેમાં ૨૫ હજારથી પણ વધારે લોકો રોજગારી મેળવી રહ્યાં હોવાનું એસોસિએશન દ્વારા જાણવા મળે છે. સાથે જ નોન કન્ટેન્ટમેન્ટ વિસ્તારમાં આવતી મોટર ટ્રેનિંગ સ્કૂલને સવારે આઠ થી સાંજે ચાર વાગ્યાની કામગીરી શરુ કરી દેવાય તો પાકા લાયસન્સની કામગીરી પણ થઈ શકે તેમ છે.

અરબી સાગરમાં આકાર લઈ રહેલા સંભવિત વાવાઝોડાની દિશા બદલાઈ

તેજ પવન સાથે તાપમાનનો પારો ગગડી જતા ઉનાળામાં ભારે રાહત

સુરત

અરબી સમુદ્રમાં હવાનું હળવું દબાણ આકાર લેતા તે આગામી ચાર-પાંચ દિવસ દરમિયાન વાવાઝોડામાં માં પરિવર્તિત થાય તેવી શક્યતા છે સંભવિત વાવાઝોડા ની દિશા ગુજરાત તરફથી બદલાઈને ઓમાન તરફ ની થતા હાલના તબક્કે વાવાઝોડા ની ઘાત ટળી છે દક્ષિણ ગુજરાતમાં ઉનાળાની અસહ્ય ગરમી અને બફારા માં રાહત અનુભવાઈ રહી છે. આજે સમગ્ર દક્ષિણ ગુજરાતમાં દક્ષિણ પશ્ચિમ દિશાથી ભારે પવન ફૂંકાઈ રહ્યો છે. ગત રોજની સરખામણીમાં આજે સાંજ સુધી ગરમીનો પારો ઘટે તેવી પૂરી શક્યતા છે .

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી અનુસાર ગતરોજ શહેરનું અધિકતમ તાપમાન ૩૪.૨ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. આજે સવારે શહેરનું ન્યુનતમ તાપમાન ૨૮.૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે. હવામાં ભેજનું પ્રમાણ ૭૩ % અને હવાનું દબાણ ૧,૦૦૭.૮મિલીબાર નોંધાયું છે. શહેરમાં સવારથી જ દક્ષિણ-પશ્ચિમ દિશાથી કલાકના સરેરાશ ૧૩ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ભારે સુસવાટાભેર પવન ફૂંકાઈ રહ્યો છે. ગતરોજ ની સરખામણીએ આજે ભારે પવન ફૂંકાતા અસહ્ય ગરમી અને બફારાથી રાહત અનુભવાઈ રહી છે. મે મહિના ના છેલ્લા દરમિયાન તાપમાન નો પારો ઘટી જતા શહેરીજનોને ઉનાળાની કાળઝાળ ગરમી માં હંગામી રાહત નો અનુભવ થઈ રહ્યો છે. હવામાન વિભાગે વધુમાં જણાવ્યું છે કે સમગ્ર દક્ષિણ ગુજરાતમાં આગામી બે ત્રણ દિવસ ક્રમશઃ ગરમીમાં ઘટાડો નોંધાશે. આજે ગુરુવારે સુરત શહેર સહિત જિલ્લામાં ભારે પવન ફૂંકાતા અસહ્ય ઉકળાટ અને બફારા થી રાહત અનુભવાઈ રહી છે. આગામી આગામ ચાર પાંચ દિવસ દરમિયાન સંભવિત વાવાઝોડા ની અસર દક્ષિણ ગુજરાતમાં રહે તેવી શક્યતા હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. હવામાન વિભાગના સૂત્રોએ વધુમાં જણાવ્યું છે કે અરબી સમુદ્રમાં સર્જાયેલી રહેલ વાવાઝોડાની દીશા ગુજરાત ના બદલે ઓમાન તરફ ફંટાઈ હોવાનું જાણવા મળ્યું છે હાલ વાવાઝોડાની ઘાટ ટળી હોવાનું માની શકાય તેમ છતાં હવામાન વિભાગ સતત પવનની દિશા પર નજર રાખી રહ્યું છે.

બારડોલી નગરપાલિકામાં ૨૦ લાખનું દવા ખરીદી કૌભાંડ

ફરિયાદ કરનાર મહિલા કોર્પોરેટરને છાતીમાં દુઃખાવો ઉપડતા હોસ્પિટલમાં દાખલ

સુરત

બારડોલી નગરપાલિકાના કથિત રૂા.૨૦ લાખના દવા ખરીદી કૌભાંડમાં સરકારમાં ફરિયાદ કરનાર ૧૪ કોર્પોરેટર પૈકીના પ્રીતિબેન રાઠોડને આજે છાતીમાં દુઃખાવો ઉપડતા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવતા સમગ્ર મામલે તરેહ-તરેહની ચર્ચા ઉઠવા પામી છે.

બારડોલી નગરપાલિકામાં વર્તમાન પ્રમુખ, કારોબારી અધ્યક્ષ અને ચીફ ઓફિસરે આચરેલા ગંભીર પ્રકારના નાણાંકીય ગોટાળાના કૌભાંડો ઉપરાંત અનેક પ્રકારના ગેરવહીવટ અને સત્તાના દુરૂપયોગ થયાની ફરિયાદો હાલમાં સરકારમાં તપાસ હેઠળ છે. ત્યાં બુધવારે પાલિકાના ભાજપના આરોગ્ય સમિતિ ચેરમેને પાલિકા ચીફ ઓફિસર, પ્રમુખ અને કારોબારી અધ્યક્ષે ૨૦ લાખની દવા ખરીદીનું કૌભાંડ કર્યાની લેખિત ફરિયાદ સરકારમાં કરતા ભાજપ શાસકોનું વધુ એક કારનામું બહાર આવતા ભાજપ વર્તુળમાં ખળભળાટ મચ્યો છે.

સરકારમાં ફરિયાદ ગુજારનાર ૧૪ કોર્પોરેટર પૈકીના મહિલા કોર્પોરેટર પ્રીતિબેન રાઠોડને આજે છાતીમાં દુઃખાવો ઉપડતા સમગ્ર બાબતને કૌભાંડ સાથે સાંકળતી ચર્ચા જાગી છે.

ઉત્રાણ ગામમાં બે પરિવારો વચ્ચે છુટ્ટા હાથની મારામારી

બે મહિલા સહિત ચાર જણા સામે ફરિયાદ

સુરત

ઉત્રાણ ગામ આહિર ફળીયામાં બે પરિવાર વચ્ચે મારામારી થઈ હતી. છાણા બાબતે થયેલી બબાલ અમરોલી પોલીસ સ્ટેશને પહોંચતા પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી હતી.

અમરોલી પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર ઉત્રાણ ગરનાળા પાસે આહિર ફળીયામાં રહેતાં હર્ષિલ જયંતી આહિરે આરોપી ગિરીશ ચંદુ આહિર, સાગર ચંદુ આહિર, ધનુબેન ચંદુ આહિર, વૈશાલી ગિરીશ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ ફરિયાદી પોતાના તબેલા ઉપર હાજર હતા. ત્યારે કુટુંબી વૈશાલીબેન, ધનુબેને ફરિયાદીના કાકા ધર્મેશ સાથે છાણા નહીં થાપવા બાબતે ઝઘડો કરતા આરોપીઓએ એક સંપ થઈને ધર્મેશભાઈ તથા ફરિયાદી ઉપર લોખંડની પાઈપથી હુમલો કરી જીવલેણ ઈજા પહોંચાડી હતી. અમરોલી પોલીસે હત્યાની કોશિશનો ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

રવિવારે લોકડાઉનનો ચોથો તબક્કો પૂર્ણ : પછીની સ્થિતિ સંદર્ભે સસ્પેન્સ

પાંચમાં તબક્કામાં પણ વ્યાપક છૂટછાટ મળી રહેવાની શક્યતા

સુરત

લોકડાઉન-૪નું કાઉન્ટડાઉન શરૂ થઈ ચૂક્યું છે. કોરોના વાયરસની સામે જંગ લડવા કેન્દ્ર સરકારે ભારતભરમાં લોકડાઉનનો અમલ શરૂ કર્યો હતો. લોકડાઉન-૪ તા.૩૧મી મે સુધી છે. આજથી ગણતરી કરીએ તો લોકડાઉન-૪ની મુદ્દત પૂર્ણ થવા આડે હવે ગણતરીના ચાર દિવસ બાકી રહ્યા છે. લોકડાઉન-૪માં રેડઝોન સિવાયના વિસ્તારોમાં વ્યાપક છુટછાટ આપવામાં આવી હતી. સુરત શહેરમાં પણ રેડઝોન સિવાયના વિસ્તારોમાં ધંધા રોજગાર ધમધમતા થઈ ગયા છે. જોકે સુરત શહેરમાં કોરોના વાયરસનું સંક્રમણ યથાવત રહેવા પામ્યું છે. રોજબરોજ ૩૦ થી ૩૫ કોરોના પોઝિટિવ દર્દીઓ મળી રહ્યા છે. ખાસ કરીને ઉધના, લીંબાયત, કતારગામ ઝોનમાં કોરોના સંક્રમણના વધુ કેસો નોંધાઈ રહ્યા છે. ત્યારે રેડઝોન વિસ્તારમાં એકી સાથે આર્થિક ગતિવિધિ શરૂ કરવી જોખમી બની રહે તેમ છે. હવે જોવાનું એ રહેશે કે ગુજરાત સરકાર કેન્દ્ર સરકારની લોકડાઉન-૪ પૂર્ણ થયા બાદની માર્ગદર્શિકાની રાહ જોઈ રહ્યું છે. લોકડાઉન-૫નો અમલ થશે કે કેમ? એ અંગે સોશિયલ મીડિયામાં ભરપૂર ચર્ચા થઈ રહી છે. સોશિયલ મીડિયાના માંધાતાઓ તો સરકારની માર્ગદર્શિકા જાહેર થાય તે પહેલાં જ લોકડાઉન-૫ અંગે ગપગોળો ચલાવી રહ્યા છે. હવે જોવાનું એ રહેશે કે લોકડાઉન-૫ આવશે કે પછી લોકડાઉન-૫ના અમલ સાથે કેટલીક શરતોને આધિન આર્થિક ગતિવિધિને મંજૂરી આપવામાં આવશે ?

કલેક્ટર આદ્રા અગ્રવાલ કોરોના અસરગ્રસ્ત વિસ્તારની મુલાકાતે

આરોગ્ય તથા પોલીસકર્મીની ફરજને બિરદાવતા નવસારી કલેકટર

નવસારી

નવસારી જિલ્લામાં કોરોના પોઝીટીવના મળી આવેલા કેસ બાદ વહિવટીતંત્ર દ્વારા જાહેર કરવમાં આવેલ નિયંત્રિત વિસ્તારોની જિલ્લા કલેકટર શ્રી આર્દ્રા અગ્રવાલે નવસારી નગરપાલિકા કન્ટેન્મેન્ટ ઝોન વિસ્તારનો મુલાકાત લીધી હતી.

નવસારી નગરપાલિકા ઠાકોરવાડી વિસ્તારમાં કોરોના પોઝિટિવ કેસ મળી આવતા આ વિસ્તારને કન્ટેન્મેન્ટ ઝોન હેઠળ આવરી લેવાયા છે. જેથી આ વિસ્તારમાં લોકોને જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓ ઝડપથી મળી રહે તે માટે જિલ્લા કલેકટર શ્રી આર્દ્રા અગ્રવાલે સંબંધિત અધિકારીઓને સૂચન કર્યુ હતું, સાથો સાથ આ વિસ્તારમાં ફરજીયાત માસ્ક અને અન્ય લોકાના અવર-જવર પર પ્રતિબંધને તેમજ લોક ડાઉન દરમિયાન ઘરની બહાર નહીં નીકળવા સાથે સોશિયલ ડિસ્ટ્રન્સિગનું ખાસ ચુસ્તપણે પાલન કરવા સૂચના આપી હતી. આ વિસ્તારમાં થઇ રહેલ આરોગ્ય વિભાગની તેમજ પોલીસ વિભાગની કામગીરીને બિરદાવી હતી.

આ મુલાકાતે વેળાએ જિલ્લા પોલીસ અધિક્ષક ડો.ગિરીશ પંડયા, પ્રાંત અધિકારીશ્રી જાની, નગરપાલિકાના ચીફ ઓફિસરશ્રી, ગોહિલ સહિત અન્ય અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

છત્તીસગઢ અને મધ્યપ્રદેશના ૧૦૦ શ્રમિકો વતન રવાના

સુરત

ભારત સહિત વિશ્વના મહત્તમ દેશો કોરોના જેવી મહામારીનો સામનો કરી રહ્યાં છે. ત્યારે અન્ય રાજ્યોમાંથી ગુજરાતમાં સ્થાયી થયેલા શ્રમિકોએ પોતાના વતનની વાટ પકડી છે. તેમને પોતાના વતન મોકલવા માટે સરકાર દ્વારા અનેક પ્રયાસો અને વ્યવસ્થાઓ કરવામાં આવી રહી છે. બારડોલીનાં અગ્રણી શ્રી વિરેન્દ્રસિંહ રાજપૂતે માણેકપોર ચેકપોસ્ટ પર ફસાયેલા છત્તીસગઢ અને મધ્યપ્રદેશના ૧૦૦થી વધુ શ્રમિકો અંગે સાંસદશ્રી સી.આર. પાટીલનું ધ્યાન દોર્યું હતુ. અને તેમને વતન મોકલવા અંગેની વ્યવસ્થા કરવા વિનંતી કરી હતી. જેથી સાંસદશ્રીએ માનવીય અભિગમ દર્શાવી આ તમામ શ્રમિકોને પોતાનાં વતન પહોંચાડવા બસ તથા તેમના ભોજન અને મિનરલ વોટરની વ્યવસ્થા કરી હતી.

વલસાડ રક્તદાન કેન્દ્રનો કોરોના સંકટ સમયે માનવીય અભિગમ

૧૦૦ યુનિટ રક્ત અમદાવાદ રેડક્રોસ ખાતે મોકલાયું

વલસાડ

હાલમાં સમગ્ર દેશમાં કોરોના સંકટ સમયે દરેક શહેરોની બ્લડબેંકોમાં રક્તનો જથ્થો ખૂબ જ ઓછા પ્રમાણમાં છે. લોકડાઉન અને કરફ્યુને કારણે ઘણી જગ્યાએ બ્લડ ડોનેશનના કેમ્પ થઈ શકતા નથી. અમદાવાદમાં કોરોનાની અસર વધુ હોવાથી ત્યાંની બ્લડ બેંકોમાં રક્તનું પ્રમાણ પુરતા પ્રમાણમાં ન હોવાથી પેશન્ટોને બ્લડ મેળવવામાં ખૂબ જ તકલીફ પડતી હતી. આવા સંજોગોમાં માનવતાના કોરણે વલસાડ રક્તદાન કેન્દ્ર તથા વલસાડ રેડક્રોસ દ્વારા ૫૦ બ્લડ બેગ ઓ-પોઝીટીવ અને ૫૦ બ્લડ બેગ બી-પોઝીટીવ ગ્રૂપની મળી કુલ ૧૦૦ બ્લડ બેગ અમદાવાદ રેડ ક્રોસના થેલેસેમિયા તથા બીજા દર્દીઓ માટે મોકલવામાં આવી હતી.

આપણા વલસાડ જિલ્લામાં જ્યારે પણ બ્લડ બેંકની મોબાઈલ વાન બ્લડ કલેકશન માટે જ્યાં-જ્યાં મોકલવામાં આવી હતી, ત્યાં ત્યાં લોકડાઉનમાં યુવાનો ઘરે ફ્રી હોવાથી સારી એવી સંખ્યામાં બ્લડ ડોનેશન માટે આગળ આવ્યા હતા. કેમ્પ આયોજકોએ પણ આ માટે ખૂબ જ મહેનત કરી હતી. વલસાડ રક્તદાન કેન્દ્રના પ્રત્યેક કર્મચારીઓએ કોરોના વોરિયર્સ તરીકેની નિષ્ઠાપૂર્વક ફરજ બજાવી હતી. જેના પરિણામે આપણે વલસાડ જેવા નાના શહેરમાંથી પણ અમદાવાદ શહેરને મદદરૂપ થઈ શક્યા છીએ. જેનો પૂરો શ્રેય બ્લડ ડોનેશનના કેમ્પ આયોજકો તથા સર્વે રક્તદાતાઓની નિ:સ્વાર્થ સેવાઓને જાય છે.

નવસારીમાંથી ૧૩ હજાર શ્રમિકોને ટ્રેન મારફતે વતન મોકલી દેવાયા

હજારો કામદારો હેમ ખેમ વતન પહોંચ્યા

નવસારી

શ્રમિકોની વતન વાપસી માટે નવસારી જિલ્લા વહીવટી તંત્ર છેલ્લા કેટલાય દિવસોથી કાર્યરત છે..શ્રમિકોની વિગતો એકઠી કરી યાદી બનાવવી અને કયા રાજ્યના કેટલા શ્રમિકો છે તેના આધારે રેલ્વે તંત્ર સાથે સંકલન કરીને શ્રમિકોને વતન મોકલવાની આખી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. અત્યાર સુધીમાં શ્રમિકોને તેમના વતન પહોંચડાવવા માટે ૯ ટ્રેનો દોડાવવામાં આવી છે. જેમાં અત્યાર સુધી ૧૩,૩૭૩પરપ્રાંતિય શ્રમિકો પોતાના વતન જઈ શક્યા છે શ્રમિકો સુખ-સુવિધા અને સંતોષ સાથે સુરક્ષિત રીતે પોતાના વતન પહોંચી ચુક્યા છે. જેમાં ૩૪૩૪ લોકોને ઉત્તરપ્રદેશ, ૧૬૪૫ લોકોને બિહાર અને ૨૯૪ લોકોને ઝારખંડ પહોંચાડવામાં આવ્યા છે.

નવસારી જિલ્લા કલેકટર શ્રી આર્દ્રા અગ્રવાલે જણાવ્યું હતું કે, લોકડાઉનના પગલે જિલ્લામાં અટવાયેલા શ્રમિકોને સત્વરે પોતાના વતન મોકલાવાની જરૂરિયાતના પગલે જિલ્લા વહીવટી તંત્રએ સમગ્રતયા આયોજન કરીને આ વ્યવસ્થાને પરિણામલક્ષી બનાવી છે. શહેર અને જિલ્લામાં ઠેક ઠેકાણે રહેતા શ્રમિકોની યાદી એકત્ર કરીને પોતાના ઘરેથી નવસારી લાવવા પ્રાંત અધિકારીઓની આખી ટીમ કામ લગાડીને નવસારી રેલ્વે સ્ટેશન ખાતે લાવવામાં આવ્યા હતા અને અહી તેમના ભોજન-પાણી-નાસ્તો અને અન્ય આનુષાંગિક વ્યવસ્થાઓ કરી ત્યાંથી જ એક સાથે બધાને ટ્રેનમાં બેસાડી દેવામાં આવ્યા હતા.

નવસારીમાં એકજ દિવસે ૧૧૫૩ લોકોએ એપ ડાઉનલોડ કરી

હું પણ કોરોના વોરિયર અભિયાનને જિલ્લામાં જોરદાર પ્રતિસાદ

નવસારી

કોરોના સામેના સીધા જંગમાં પ્રત્યેક ગુજરાતી વોરિયર બની જોડાય તે માટે મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ રાજયના પ્રત્યેક જનને આ અભિયાનમાં જોડાવા આહવાન કર્યુ છે. હું પણ કોરોના વોરીયર અભિયાનને નવસારી જિલ્લામાં જોરદાર પ્રતિસાદ મળી રહ્યો છે. મુખ્યમંત્રીશ્રીની અપીલના પગલે સેલ્ફી વિથ માસ્ક બાદ આજે આરોગ્ય સેતુ એપ ડાઉનલોડ કરવાની વાતને પણ પ્રચંડ જનસમર્થન મળી રહ્યું છે. હું પણ કોરોના વોરિયર અભિયાન અંતર્ગત લોકોને આરોગ્ય સેતુ એપ ડાઉનલોડ કરવા જિલ્લા કલેકટરશ્રી આર્દ્રા અગ્રવાલે અપીલ કરી છે.

કલેકટરશ્રીએ નગરવાસીઓને અપીલ કરતાં જણાવ્યું હતું કે, હું પણ કોરોના વોરિયર અભિયાનનો મુખ્યમંત્રીશ્રીએ પ્રારંભ કરાવ્યો છે ત્યારે તા.૨૬ મેના રોજ આરોગ્ય સેતુ એપ ડાઉનલોડ કરવાના દિવસે નવસારી જિલ્લાના લોકોએ પોતાના આરોગ્યની જાળવણી માટે જાગૃત થઈ ૧૧૫૩ લોકોએ તેમના મોબાઈલમાં આરોગ્ય સેતુ એપ ડાઉનલોડ કરી પોતાની જાતને સુરક્ષિત બનાવી છે. સ્વામી વિવેકાનંદ યુવા મંડળ દ્વારા લોકોમાં અવેરનેસ લાવવા આરોગ્ય સેતુ એપ ડાઉનલોડ કરાવવાની કામગીરી સરસ રીતે કરી રહ્યું છે તેમજ નવસારીથી ગોરખપુર જઇ રહેલા પરપ્રાંતિયો માટે ફુડ પેકેટ,પાણી, ટીકીટ વિતરણની કામગીરી તથા રેલ્વે સ્ટેશન સુધી લઇ જવામાં સોશિયલ ડિસ્ટન્સ જાળવવાની કામગીરી કરી હતી.

નવસારી પોલીસ દ્વારા કરફ્યુનો કડક અમલ

નવસારી

કોરોના વાયરસની મહામારી વચ્ચે સંક્રમણને અટકાવવા નવસારી જિલ્લા પોલિસ દ્વારા લોકડાઉનનો ચુસ્ત રીતે અમલ કરવા માટે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે.

તા.૨૬ મે ના રોજ પોલીસ દ્વારા આ નિયમોનું ઉલ્લંઘન કરનારા ઈસમો સામે કાર્યવાહી હાથ ધરી કલમ ૧૮૮ આઇપીસી કલમ ૧૩૫ ગુજરાત પોલીસ એક્ટ ૧૯૫૧ હેઠળ ૧૪૧ સામે એફ.આઈ.આર. કરવામાં આવી છે તેમજ ૧૭૦ ની અટકાયત કરવામાં આવી છે. જિલ્લામાં ૯૧ વાહનો ડીટેઈન કરાયા હતા. વાહનચાલકો પાસે રૂ.૨૦૦૦નો દંડ વસુલ કરવામાં આવ્યો છે. તા.૨૪ મે સુધીમાં કુલ ૧૧૧૫૦ એફઆઈઆર તેમજ કુલ ૧૨૫૦૪ વ્યકિતઓની અટકાયત કરવામાં આવી છે.

શહેરીજનોને લોકડાઉનનું જવાબદારીપૂર્વક પાલન કરી કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે સહયોગ આપવા અને ઘરમાં સુરક્ષિત રહેવાની અપીલ નવસારી જિલ્લા પોલિસ દ્વારા કરવામાં આવે છે.

હેવી ડયુટી મશીન દ્વારા શહેરમાં વિવિધ વિસ્તારોમાં ડિસઈન્ફેકશનની કામગીરી

૧૬ હજાર જેટલા વિસ્તારો વાયરસ મુક્ત કરાયા

સુરત

સ્વાધ્યાય પરિવારનાં પ્રણેતા પરમ પૂજય પાંડુરંગ શાસ્ત્રી આઠવલે (પૂજનીય દાદાજી) અને તેમની સુપુત્રી ધનશ્રી એસ.તલવલકર (પૂજનીય દીદીજી) દ્વારા હાલની COVID-૧૯ ની મહામારીના સમયમાં પણ સમસ્ત માનવમાત્રની કાળજી કરવામાં આવી રહી છે. હાલમાં મહાભયાનક નોવેલ કોરોના વાયરસ (COVID૧૯) ના અટકાયત માટે સુરત મહાનગરપાલિકાનાં હદ વિસ્તારમાં કોરોના વાયરસ રોગનાં નિયંત્રણ માટે ડીસઈન્ટેકટન્ટની કામગીરી માટે તા.૧૩/૦૪/૨૦૨૦ થી તા.૧૫/૦૫/૨૦૨૦ સુધી કુલ – ૦૫ (પાંચ) ×Heavy Duty Fumigation Equipmen× દ્વારા સુરત મહાનગરપાલિકાનાં જુદા-જુદા પાંચ ઝોનમાં દિવસ રાત કોરોના ચેપગ્રસ્ત વિસ્તારોમાં મુખ્ય રસ્તાઓ તથા આંતરિક રસ્તાઓ, ગલીઓ વિગેરેમાં સોડીયમ હાઈપો કલોરાઈટ નામનાં સસ ડીસઈન્ફેકટન્ટનો ઉપયોગ કરી વિસ્તારોને વાયરસ મુકત કરવાની કાર્યવાહી કરવામાં આવેલ છે. સદર Equipment દ્વારા તા.૧૩/૦૪/૨૦૧૭ થી તા.૧૫/૦૫/૨૦૨૦ સુધીના સમયગાળા દરમ્યાન કુલ ૨૫,૦૦૧ કિ.મી. જેટલા નાના મોટા રસ્તાઓ, શાકભાજી માર્કેટો, પબ્લીક ગેધરીંગ પ્લેસીસ તેમજ રહેણાંક વિસ્તારો મળી કુલ– ૧૬૦૦૦ જેટલા સ્થળોને વાયરસ મુકત કરવામાં આવેલ છે.

સ્વાધ્યાય પરિવાર દ્વારા વૈશ્વિક મહામારીનાં સમયમાં આ પ્રકારનાં આધુનિક ટેકનોલોજી ધરાવતા અત્યંત અસરકારક ×Heavy Duty Fumigation Equipmen× સુરત મહાનગરપાલિકાને ફાળવી અત્યંત પ્રશંસનીય સેવાકીય કામગીરી કરી છે. હાલમાં કોરોના વાયરસને લીધે મહામારીમાં સંપૂર્ણ લોકડાઉનની સ્થિતિમાં મહાનગરપાલિકાને સ્વાધ્યાય પરિવાર દ્વારા સદર Heavy Duty Fumigation Equipmen ફાળવી માનવસેવાનું ઉત્તમ ઉદાહરણ પુરુ પાડેલ છે. અગાઉ પણ સુરત શહેરમાં પ્લેગ અને તાપી નદીમાં પુરની ભયાનક સ્થિતિમાં પણ સ્વાધ્યાય પરિવારનાં પ્રણેતા પૂજનીય દાદાજી, પૂજનીય દીદીજી તેમજ સ્વાધ્યાય પરિવાર દ્વારા સુરત શહેરનાં નગરજનોનાં સ્વાથ્ય માટે અતિ ઉત્તમ સેવાકીય કાર્યો કરવામાં આવેલ હતા. જેથી સુરત મહાનગરપાલિકા અને સુરત શહેરનાં નગરજનો પરમ પૂજય પાંડુરંગ શાસ્ત્રી આઠવલે (પૂજનીય દાદાજી) અને તેમની સુપુત્રી ધનશ્રી એસ.તલવલકર (પૂજનીય દીદીજી) તેમજ સ્વાધ્યાય પરિવારનાં સદૈવ ઋણી રહેશે.

નવસારી ખત્રીવાડમાં કોરોનાનો કેસઃ કન્ટેન્ટમેન્ટ વિસ્તાર જાહેર

સમગ્ર વિસ્તારમાં પ્રતિબંધક હુકમો લાગુ કરાયા

નવસારી

હાલમાં કોરોનો વૈશ્વિક મહામારીના એક પછી એક જિલ્લાઓ ભોગ બની રહયાં છે. તેમાં નવસારી જિલ્લાનો પણ સમાવેશ થઈ ગયો છે. નવસારી જિલ્લાના નવસારી નગરપાલિકા વિસ્તારના ખત્રીવાડ ખાતે એક કોરોનો પોઝીટીવ કેસ નોંધાયો છે

જે અન્વયે નવસારી જિલ્લા મેજીસ્ટ્રેટ આર્દ્રા અગ્રવાલે મળેલી સત્તાની રૂએ નગરપાલિકા વિસ્તારના ખત્રીવાડના પુરવાડ સ્ટ્રીટ પૈકી ટીકા નં.૭/૩ સીટીસર્વે નં.૨૫ પૈકીમાં શ્રીજી એપાર્ટમેન્ટ અને સુબોધ એપાર્ટમેન્ટ વિસ્તારને કોવિડ-૧૯ કન્ટેઈનમેન્ટ એરિયા તરીકે જાહેર કરવામાં આવ્યો છે. કન્ટેઈનમેન્ટ એરિયામાં ઉત્તરે હેમંતભાઈ નટવરલાલ ખત્રીના ઘર અને સુબોધ એપાર્ટમેન્ટની પૂર્વબાજુની કંમ્પાઉન્ડ વોલથી શરૂ કરી, દક્ષિણે ખત્રીસમાજની વાડીની પાછળની બાજુએ શરૂ થતી દિવાલની હદ સુધી, પૂર્વે શ્રીજી એપાર્ટમેન્ટ અને ખત્રીસમાજની વાડીની પાછળના ભાગના પૂર્વ ભાગની કંમ્પાઉન્ડના હદ સુધી, પશ્ચિમે અશોકભાઈ સુખાભાઈ ઢીમ્મરના ઘરના દક્ષિણ-પશ્ચિમ ખૂણા અને ખત્રીસમાજની વાડીની પાછળની કંમ્પાઉન્ડથી શરૂ કરી સુધીનો વિસ્તાર ચારે બાજુથી સીલ કરી તેમાંથી બહાર કે અંદરની અવર-જવર પ્રતિબંધિત કરવામાં આવ્યો છે. કન્ટેઈનમેન્ટ એરીયા તરીકે જાહેર કરવામાં આવેલ વિસ્તારમાં તમામ લોકોને દુધ-શાકભાજી, કિરાણા જેવી જીવન જરૂરિયાત ચીજવસ્તુઓ તંત્ર દ્વારા હોમ ડીલેવરીથી તેમના ઘરે પુરી પાડવામાં આવશે. આ જાહેરનામાનો અમલમાં તા.૦૯/૦૬/૨૦૨૦ સુધી રહેશે. આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત સામે ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ તથા નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટની કલમ-૫૧ થી ૫૮ ની જોગવાઈ મુજબ શિક્ષાને પાત્ર થશે.

સુરત શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં

લાખો લોકોને હોમિયોપેથી દવા અને આર્યુવેદ દવાનું વિતરણ

કવોરન્ટાઈન વિસ્તારોમાં મેડિકલ ઓફિસરોએ ડોર ટુ ડોર કામગીરી કરી

સુરત

કોરોનાની વૈશ્વિક મહામારી વચ્ચે કોરોના વાયરસ સામે લડવા માટે આગવો ઉપાય હોય તો તે રોગપ્રતિકારક શક્તિ વધારવી. શરીરની કુદરતી સુરક્ષા વ્યવસ્થા (રોગપ્રતિકારક શક્તિ) એ આપણું આરોગ્ય જાળવવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. ભારત સરકારના આયુષ મંત્રાલયના દિશા-નિર્દેશો અનુસાર સુરત જિલ્લા આયુર્વેદ અધિકારી ડો.મિલન એન.દસોંદીના માર્ગદર્શન હેઠળ સુરત જિલ્લા આયુષ ટીમ દ્વારા પ્રતિરક્ષણાત્મક અને રોગપ્રતિકારક શક્તિ વધારવા જિલ્લાભરમાં ઉકાળા, સંશમનીવટી, હોમિયોપેથી દવાઓનું વિતરણ કરવામાં આવ્યું છે.

સૂરત શહેર-જિલ્લામાં અત્યાર સુધીમાં ૧૮,૮૩૬૮૦ લોકોને ઉકાળાનું વિતરણ, ૧,૮૩,૦૭૭ જેટલા લોકોને સંશમની વટી અને ૯,૧૧,૭૯૧ લોકોને હોમિયોપેથી દવાઓનું વિતરણ કરાયું છે. સુરત જિલ્લાના તમામ પ્રાથમિક અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોના તબીબો અને સ્ટાફને ઉકાળા બનાવવા માટે જરૂરી ઔષધ દ્રવ્યો આપવામાં આવ્યાં હતા. ઉપરાંત શહેર અને જિલ્લાના ક્વોરન્ટાઈન વિસ્તારોમાં મેડિકલ ઓફિસરોએ ડોર ટુ ડોર કામગીરી કરી ઉકાળા, સંશમનીવટી, હોમિયોપેથી દવાઓનું વિતરણ કર્યું હતું.

આયુષ ટીમ દ્વારા લોકડાઉનમાં અવિરતપણે ફરજ બજાવતાં શહેર અને જિલ્લાના પોલીસ કર્મચારીઓ, ટ્રાફિક પોલીસને પણ ઉકાળાનું નિયમિતપણે સેવન કરાવવામાં આવે છે. સુરત પોલીસ કમિશનર શ્રી આર.બી.બ્રહમભટ્ટના નિર્દેશ અનુસાર શહેરના કુલ ૬,૬૦૦થી વધુ પોલીસકર્મીઓ આ ઉકાળા નો લાભ લે છે. આ ઉપરાંત, કડોદરા, વાવ ખાતે કોરોના વોરિયર્સ એવા ૧૫૦૦ વ્યક્તિના પોલીસ સ્ટાફ અને તેમના પરિવારજનોએ કોરોના રોગપ્રતિરોધક દવાનું સેવન કરવાનો અનુરોધ કરતા આર્સેનિક આલ્બ-૩૦ નું વિતરણ કરવામાં આવ્યું હતું. સુરત શહેર તથા જિલ્લાના પોલીસ સ્ટાફને તેમની ડ્યુટી સમયે પણ આ દવા આપવામાં આવી છે.

અમૃત પેય ઉકાળાના સેવનથી થતાં લાભના કારણે લોકોની માંગમાં વધારો થતાં શહેરમાં આવેલા અટલ આશ્રમ ખાતે પ્રતિદિન ૫૦૦ થી ૭૦૦ લિટર ઉકાળો બનાવીને વિતરણ કરવામાં આવ્યું છે. જેનો લાભ લગભગ ૧૦,૦૦૦ થી વધુ લોકોએ લીધો છે. વધતી જતી લોકમાંગને ધ્યાન માં રાખી અન્ય બે જગ્યાએ ઉકાળા બનાવાની કામગીરી ચાલુ કરવામાં આવી છે. જેમાં શ્રી ઓ.હી.નાઝર આયુર્વેદ કોલેજ, સુરત તથા લીલાશાની વાડી, રામનગર ખાતે દરરોજ અંદાજે ૧૦૦૦ થી ૧૫૦૦ લિટર ઉકાળો તૈયાર થાય છે.

સુરત શહેરમાં સુરત મહાનગરપાલિકા દ્વારા કાર્યરત થયેલા ક્વારેન્ટાઈન સેન્ટર ખાતે દાખલ થયેલ દર્દીઓની સંમતિથી તેમની રોગપ્રતિકારક શક્તિ વધારવા માટે અમૃતપેય ઉકાળા તથા સંશમની વટીનું વિતરણ કરવામાં આવે છે. આ ઉકાળા બનાવવા માટે શ્રી ઓ.હી. નાઝર આયુર્વેદ કોલેજ, સુરતના આચાર્ય તથા સ્ટાફનો ઉમદા સહકાર મળ્યો છે.

સુરત શહેરમાં પાંચ સરકારી હોમિયોપેથી દવાખાનાઓ જે કૃષ્ણકુંજ, બેગમપુરા, પનાસ, ગણેશપૂરા, વરાછા ખાતે આવેલા છે, તેની દવાખાનાની આજુબાજુ તથા તે સિવાયના વિસ્તારોમાં પણ લોકોની રોગ પ્રતિકારક શકિત વધારવાના આશયથી હોમિયોપેથી દવા - આર્સેનિક આલ્બ ૩૦' નું વિતરણ કરવામાં આવ્યું છે. મ્યુનિસિપલ કમિશનરશ્રી બંછાનીધિ પાનીના સહયોગથી તથા આર. બી. એસ.કે.ના ડોકટરો અને સ્ટાફ તથા હોમિયોપેથી મેડિકલ એસોસિએશન, સુરતના સંકલનથી સુરત સિવિલ હોસ્પિટલ તથા સ્મીમેર હોસ્પિટલ ખાતે ૧૫ દિવસ સુધી હોસ્પિટલના ડોક્ટરો, સ્ટાફ તથા હોસ્પિટલમાં આવનાર દર્દીઓને તેમજ લિંબાયત, ઉધના, અઠવા ઝોનમાં કુલ પાંચ લાખથી પણ વધુ લોકોને કોરોના રોગપ્રતિરોધક હોમિયોપેથી દવા- 'આર્સેનિક આલ્બ ૩૦'નું વિતરણ કરાયું છે.

સ્વાસ્થ્યપ્રદ ઉકાળા તેમજ આપણા આહારમાં તેમજ બજારમાં પણ સરળતાથી ઉપલબ્ધ એવી આયુર્વેદિક ચીજ વસ્તુઓ ઉમેરીને આપણે શરીરની રોગપ્રતિકારક શક્તિને વધારી શકીએ છીએ. સૂરત શહેર-જિલ્લાના ૨૬ આર્યુવેદિક ડોકટરો તથા આઠ હોમિયોપેથીક ડોકટરો, શિક્ષકો, મહાનગર પાલિકાના સ્ટાફ ગણ તથા જિલ્લા વહીવટીતંત્રના અધિકારીઓના સહયોગથી સઘન કામગીરી કરવામાં આવી છે.

સુરત શહેરમાંથી ૭ લાખ જેટલા

સુરતમાં થી ૭ લાખ જેટલા પરપ્રાંતિય શ્રમિકોને ટ્રેન મારફતે વતન મોકલાયા

તમામ દુકાનો તથા અન્ય સંસ્થાઓના માલિકોએ આરોગ્ય સેતુ એપ ડાઉનલોડ કરવી ફરજીયાત

સુરત

સુરત મહાનગર પાલિકાના મ્યુ.કમિશનરશ્રી બંછાનિધિ પાનીએ ગઈ કાલે તા.૨૭ મેના રોજ કોરોના બાબતે અદ્યતન વિગતો આપતાં જણાવ્યું હતું કે, આજે ૧૫ વધુ દર્દીઓ સ્વસ્થ થયા હોવાથી ડિસ્ચાર્જ કરાયા છે. કુલ ૯૬૦ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યાં છે.

મ્યુ. કમિશનરશ્રીએ વધુમાં જણાવ્યું કે, આજની સ્થિતિએ ૬૫૨૩ લોકો હોમ ક્વોરેન્ટાઈન અને વિકેન્દ્રિત ક્વોરેન્ટાઈન સેન્ટરમાં ૫૪૫ લોકો છે. ૧૬૯૭ જેટલી ટીમો ડોર ટુ ડોર સર્વેલન્સ માટે કાર્યરત છે. સ્લમ વિસ્તારોમાં કુલ ૪૨ ફિવર ક્લિનીક ચાલુ કરવામાં આવ્યા છે. મોબાઈલ ફિવર ક્લિનીકમાં સૌથી વધુ લોકો નિદાન તપાસ માટે જતાં હોય છે, તેથી તેની સંખ્યા વધારવામાં આવશે. ૬૦ જેટલી રિક્ષા દ્વારા કોવિડ અંગે જાગૃત્તિ લાવવામાં આવી રહી છે. તમામ દુકાનો તથા અન્ય સંસ્થાઓના માલિકોએ આરોગ્ય સેતુ એપ ડાઉનલોડ કરવાની ફરજિયાત છે. ૧૨૩૯ ટીબીની કિટનું વિતરણ કરવામાં આવ્યું છે. તમામ કોમ્પલેક્ષોએ કોરોના સંક્રમણ ન પ્રસરે તેનું ખાસ ધ્યાન રાખવામાં આવે તે જરૂરી છે, અન્યથા દંડાત્મક કાર્યવાહી કરવામાં આવશે. ખાસ કરીને પાનના ગલ્લા તથા હેર સલુનના માલિકો ખુબ જ ધ્યાન રાખે એમ તેમણે જણાવ્યું હતું. અત્યાર સુધી ૬,૯૦,૯૦૦ કરતા વધુ લોકોને સુરતથી પ્રવાસીઓને પોતાના વતન મોકલવામાં આવ્યા છે. તેમણે શહેરીજનોને લોકડાઉનનું પાલન કરવાં તેમજ જરૂરી કામ વિના ઘરથી બહાર ન નીકળવા, માસ્ક અચૂક પહેરવા અને સોશ્યલ ડિસ્ટન્સ જાળવવા તેમજ લોકડાઉનનું સતર્કતાપૂર્વક પાલન કરી કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે સહયોગની અપેક્ષા વ્યક્ત કરી હતી.

નોંધનીય છે કે, સુરત શહેરના ૧૩૮૦ અને જિલ્લાના ૯૭ મળીને કુલ ૧૪૭૭ કેસો નોંધાયા છે.

૧૮ હજાર એકમોની રૂ. ૭૯૦ કરોડની સબસીડી રીલીઝ કરાશેઃ ડો. ગુપ્તા

ગુજરાતની નવી ઔદ્યોગિક નીતિ બનાવવા વિવિધ સૂચનો રજૂ કરવામાં આવ્યા

સુરત

ગુજરાત સરકારના ઈન્ડસ્ટ્રીઝ કમિશનર ડો. રાહુલ ગુપ્તા દ્વારા રાજયની બાર જેટલી ચેમ્બર્સ ઓફ કોમર્સ સાથે ગુજરાતની નવી ઔદ્યોગિક નીતિ બનાવવા માટે વિડિયો કોન્ફરન્સ (વેબીનાર) થકી મિટીંગનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં ડો. રાહુલ ગુપ્તા ઉપરાંત ઈન્ડેક્ષ–બીના એમડી શ્રીમતી નીલમ રાની તથા ગુજરાત સરકારના એમએસએમઈ કમિશનર શ્રી રણજીથકુમાર તથા રાજયભરની ચેમ્બર ઓફ કોમર્સના હોદ્દેદારો ઉપસ્થિત રહયા હતા. આ મિટીંગમાં એસજીસીસીઆઈના પ્રમુખ શ્રી કેતન દેસાઈએ નવી ઔદ્યોગિક નીતિ માટે ઘણા મહત્વના સૂચનો રજૂ કર્યા હતા.

આ મિટીંગમાં સૌથી મહત્વનો મુદ્દો કે હાલમાં એમએસએમઈની જે પેન્ડીગ સબસિડી છે તે અંગે તેમણે રાજયના એમએસએમઈ કમિશનરને પ્રશ્ન કર્યો હતો. જેના પ્રતિઉત્તારમાં કમિશનરશ્રીએ જણાવ્યુ હતુ કે, લગભગ એક કે બે દિવસમાં ૧૮૦૦૦ જેટલા એકમોની રૂપિયા ૭૯૦ કરોડની સબસિડી રિલીઝ કરવામાં આવશે. આ ઉપરાંત તેમણે નવી ઔદ્યોગિક નીતિ માટે મહત્વના સૂચનો રજૂ કર્યા હતા.

લોકડાઉનનો ફાયદો ઉઠાવનારા પર તંત્રની તવાઈ

કરિયાણા દુકાનદારો, ડેરી, પાર્લરો સામે કેસ કરી રૂ. એક લાખનો દંડ

ટયુશન કલાસીસના સંચાલકો પાસેથી વિદ્યાર્થીનીના રૂ. ૫૫,૨૨૬ જેટલી ટયુશન ફી પરત અપાવી

સુરત

કોરોના વાયરસ મહામારીના સંક્રમણને અટકાવવા માટે સરકાર દ્વારા લોકડાઉન જાહેર કરવામાં આવ્યું છે તેવા સમયે કોરોનાની પરિસ્થિતિ વચ્ચે પણ કેટલાક કરિયાણાની દુકાનદારો, મેડીકલ સ્ટોર્સના સંચાલકો દ્વારા માસ્ક તથા હેન્ડ સેનેટાઈઝર તથા અન્ય ચીજવસ્તુઓની છાપેલ કિંમત કરતા વધુ કિંમત લેવા બદલ તંત્ર દ્વારા દંડનીય કાર્યવાહી કરવામાં આવી છે.

જિલ્લાની મદદનીશ નિયંત્રક કાનુની માપ વિજ્ઞાન અને ગ્રાહક સુરક્ષાના નિરિક્ષકોએ મે મહિના સુરત અને તાપી જિલ્લાના ૬૩૩ મેડીકલ સ્ટોર્સ, અનાજ કરિયાણા, ડેરીપાર્લર તથા શાકભાજી/ફ્રુડસના વેપારીઓની ઓચિંતી તપાસણી કરીને ૫૦ વેપારી/એકમો સામે કેસ કરી રૂા.૧,૦૨,૯૦૦નો દંડ વસૂલ કરવામાં આવ્યો હતો.

મદદનીશ નિયંત્રક અધિકારીશ્રી બી.આર. વિશાણાના જેના હેઠળ સિનિયરો/જુનિયર વિભાગીય નિરક્ષકો દ્વારા કતારગામ વિસ્તારની જય અબુર્દા કરીયાણા સ્ટોર, વરીયાવની દેવનારાયણ કિરાણા સ્ટોર, ગોડાદરાની ખુશ્બુ કિરાણા સ્ટોર, નાના વરાછાની શ્રી દેવ મેડીકલ સ્ટોર, જહાગીરપુરાની મંગલ કરિયાણા સ્ટોર, અડાજણ વિશાલ નગરની શ્રી જય હનુમાન કિરાણા સ્ટોર ખાતે આવેલા એકમો સામે ગ્રાહકો પાસેથી ચીજવસ્તુઓની છાપેલ કિંમત કરતા વધુ ભાવ લેતા હોવાનું ધ્યાને આવતા ધી પેકજ્ડ કોમોડીટી રૂલ્સ-૨૦૧૧ તથા ધી લગીલ મેટ્રોલોજી એકટ-૨૦૦૯ અન્વયે પ્રોસીકયુશન કેસ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી રૂા.૧૦,૫૦૦નો દંડ વસુલ કરવામાં આવ્યો હતો.

આ ઉપરાંત શહેર તથા જિલ્લામાં હાલમાં ચાલી રહેલા લોકડાઉનના દરમિયાન પીપલોદ ખાતે કુ.રીત કમલકુમાર ચંદ્રકે એમ.બી.એ.માં પ્રવેશ માટેના કોચીંગ અંગેની ટયુશન ફી આઈ. એમ.એસ. ઈન્સ્ટીટયુશન (કોચીંગ કલાસ), અઠવાલાઈન્સ ખાતે પુંજા અભિષેક ખાતે રૂા. ૫૫,૨૨૬ ટયુશન ફી ફેબ્રુઆરી-૨૦૨૦માં ભરપાઈ કરી હતી. કોઈ કારણસર કોચીગ કલાસ જોઈન્ટ કર્યા બાદ તુરત જ છોડી દીધેલ હોય ટયુશન સંચાલકો પાસે વારંવાર પૈસા પરત માંગવા છતા તેઓ કોઈ હકારત્મક પ્રત્યુચાર આપતા ન હોવાથી ફરિયાદી દ્વારા ગ્રાહક સુરક્ષા કચેરીએ ફરિયાદ કરવામાં આવતા ગ્રાહક સુરક્ષા અધિકારી શ્રી બી. આર. વીશાણાએ આઈ. એમ. એસ.ઈન્સ્ટીટયુશનને ઈ-મેલ તથા વોટ્સઅપ ઉપર નોટીસની બજવણી કરવામાં આવી હતી. ત્યાર બાદ ટેલીફોનીક ચર્ચા કરીને સુખદ સમાધાન કરાવી ટયુશન ફી રૂા.૫૫,૨૨૬ વિદ્યાર્થીના પિતાને ચૂકવી આપવામાં આવ્યા હતા. આમ લોકડાઉનમાં પણ ગ્રાહકોની ફરિયાદ લઈ વિશેષ ધ્યાન આપીને કચેરી દ્વારા અસરકારક કામગીરી કરવામાં આવી હતી. તેમ સુરતના મદદનીશ નિયંત્રક કાનુની માપ વિજ્ઞાન અને ગ્રાહક સુરક્ષા અધિકારી દ્વારા જણાવાયું છે.

સુરત જિલ્લામાં કોરોના કેસ શોધી કાઢવા ૧૭૦ આરોગ્ય ટીમો કાર્યરત

સુરતના ગ્રામ્ય વિસ્તારમાં કુલ ૯૭ કેસ પોઝિટિવ નોંધાયા

સુરત

સુરત જિલ્લામાં ગઈ કાલે ૦૫ દર્દી સ્વસ્થ થયા હોવાથી ડિસ્ચાર્જ કરાયા છે. કુલ ૬૯ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યાં છે, સુરત જિલ્લામાં ગત રોજ પોઝિટીવ કેસોની સંખ્યા ૯૬ હતી, જેમાં ૦૧ કેસનો વધારો થવાથી આજે કુલ ૯૭ કોરોના પોઝિટીવ કેસો થયા છે. જયારે કુલ ૦૨ દર્દીના મૃત્યુ નોંધાયા છે. પોઝિટીવ કેસ પૈકી કામરેજ તાલુકાના લસકાણા ગામના ૦૧ કેસ મળી કુલ ૯૭ કેસો આવ્યા છે. કુલ ૮૮૯૪ ટેસ્ટીગ કરવામાં આવતાં ૯૭ પોઝિટીવ અને ૮૭૫૨ નેગેટીવ કેસો જયારે ૪૫ રિપીટ સેમ્પલ નોંધાયા છે.

૪૨ એક્ટિવ ક્લસ્ટર જેમાં, બડતલ-સરકુઈ, ખોડાંબા, સાંધિયેર, દખણવાડ (દેવધ), ઝંખવાવ, નસારપુરા, કડોદરા, પાલી (સાંઈભુપત), દિહેણ, પાલી (ડી. એમ.નગર), લાજપોર, ઈચ્છાપોર, વેગી, વરેલી (ગાયત્રી નગર), વરેલી (દત્ત કૃપા), વરેલી(શાંતિ નગર), વરેલી (વ્રજધામ વિસ્તાર), બારડોલી નગર(તાઈવાડ), વિહારા, ચલથાણ, ભટગામ, નવી પારડી, વલથાણ (શિવશક્તિ), નવા ચકરા, શામપુરા, લીંડીયાત, કપ્લેથા, લાજપોર(કોળીવાડ), લાજપોર(પોપડીયુ ફળિયુ), ઈચ્છાપોર(ઘંટી ફળિયુ), લસકાણા, રાજવડ, નનસાડ, કરચેલિયા, વરેલી(મનમંદિર કોમ્પ.), ગંગાધરા(કિષ્ણા વેલી), કરચકા, કોસંબા, વરેલી (પરમહંસ), સારોલી (નેચર વેલી), વાવ (એસ .આર.પી કેમ્પસ), તરાજ (ખાડી ફળીયુ) કન્ટેઈનમેન્ટ કલસ્ટર વિસ્તારનાં કુલ ૧૮૮૩૫ ઘરો અને કુલ વસ્તી ૮૦૪૦૦ જેટલી છે. જેમાં સર્વે અને આરોગ્યની ૧૭૦ ટીમ કાર્યરત છે.

નોંધનીય છે કે સુરત જિલ્લામાં ૨૪૭૭ લોકો હોમ કોરન્ટાઈન હતા. આજે ૧૮૩ નવા લોકોનો ઉમેરો થતા કુલ ૨૬૬૦ લોકો હોમ કોરન્ટાઈન છે. જયારે આજે ૧૪૩ લોકોનું હોમ કોરન્ટાઈન પૂર્ણ થતા કુલ ૨૫૧૭ લોકોને હાલ હોમ કોરન્ટાઈન કરવામાં આવ્યા છે.

શંકાસ્પદ કારનો પીછો કરતી પીસીઆર વાન પલ્ટી જતા ૩ પોલીસકર્મી ઘાયલ

સુરત

લોકડાઉનમાં કરફ્યુના સમય દરમિયાન પાંડેસરામાં શંકાસ્પદ કારનો પીછો કરવામાં પોલીસની પીસીઆર વાન પલ્ટી મારી ગઈ હતી. આ ઘટનામાં ત્રણ પોલીસકર્મીઓને ઈજા થઈ હતી તેમજ વાનને પણ નુકશાન થયું હતું. પાંડેસરા પોલીસની પીસીઆર વાન નં-૪૨ બુધવારે મધરાતે ૨ વાગ્યે સોનારી ગામના પાછળના રોડ તરફ પેટ્રોલિંગ હતી. દરમિયાન સોનારીગામની નજીકમાં કિરણ હોમ સાગર બિલ્ડિંગ પાસે શંકાસ્પદ કાર નીકળી હતી. આથી પોલીસે તેને અટકાવવા જતા ચાલકે કાર પુરઝડપે હંકારી મુકી હતી.

જેથી પોલીસે શંકા જતા કારનો ફિલ્મી ઢબે અડધો કિલોમીટર સુધી પીછો કર્યો હતો. પ્રિયંકા ચાર રસ્તા સર્કલ પાસે અચાનક સામેથી એક કાર આવી જતા પીસીઆર વાનના ચાલકે બ્રેક મારવા જતા વાન પલ્ટી મારી ગઈ હતી. પીસીઆર વાનના ઈનચાર્જ હે.કો. રમેશ પ્રેમજી, ઓપરેટર પો.કો, ચિરાગ બિપીન અને એસઆરપીના જમાદાર હેમજી વાઘેલાને હાથ-પગમાં ઈજાઓ થઈ હતી. ત્રણેય પોલીસ કર્મીઓને સારવાર માટે પાંડેસરા દક્ષેશ્વરનગરની પાસે ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા. ચાલક જગદીશ રાવતનો ચમત્કારિક બચાવ થયો હતો.

સુરતમાં નવા ૪૪ કેસ નોંધાતા પોઝિટિવ કેસનો આંક ૧૫૨૧ પર પહોંચ્યો, વધુ એકનું મોત અને ૩૪ દર્દી ડિસ્ચાર્જ થયા

શહેર જિલ્લામાં મૃત્યુઆંક ૬૭ અને રિકવરી આંક ૧૦૬૩ થયો : સુરત જિલ્લામાં આજે એક પણ કેસ નોંધાયો નથી, આંક ૯૭

સુરત

મહાનગરપાલિકાના જણાવ્યા પ્રમાણે, નવા ૪૪ કેસ નોંધાતા શહેર જિલ્લામાં પોઝિટિવ કેસની કુલ સંખ્યા ૧૫૨૧ થઈ ગઈ છે. વધું એકનું મોત થતા આ સાથે શહેર જિલ્લામાં કોરોનાનો કુલ મૃતાંક ૬૭ થઈ ગયો છે. શહેરમાં ૨૫ અને જિલ્લામાં ૯ મળી કુલ ૩૪ કોરોના પોઝિટિવ દર્દીઓ કોરોનાને માત આપી સાજા થતા તેમને રજા આપવામાં આવી છે. આ સાથે શહેર જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૧૦૬૩ દર્દીઓ કોરોનાને માત આપી સાજા થયા છે.

સુરત શહેર જિલ્લામાં કોરોનાથી મૃત્યુઆંક ૬૭ પર પહોંચી ગયો છે. જેમાં આજે વધુ એકનું મોત થયું છે. લિંબાયત વિસ્તારમાં રહેતા ૭૦ વર્ષીય દાઉદ ઈશા પટેલનો ૨૬મી મેના રોજ રિપોર્ટ પોઝિટિવ આવતા દાખલ કર્યા હતા. જેમનું આજે મોત થયું છે.

આજે સુરત શહેરમાં ૪૪ કેસ નોંધાયા છે. જ્યારે જિલ્લામાં એક પણ કેસ નોંધાયો નથી. જેમાં સૌથી વધુ કેસ લિંબાયત ઝોનમાં ૧૪ નોંધાયા છે. જ્યારે સેન્ટ્રલ ઝોનમાં ૮, વરાછા-એ ઝોનમાં ૪, રાંદેર ઝોનમાં ૧, કતારગામ ઝોનમાં ૮ અને ઉધના ઝોનમાં ૯ કેસ નોંધાયા છે.

નાનપુરા ખાતે રહેતા શાહ નાઝમીન મો. હઝીબ (૨૬) આશુતોષ હોસ્પિટલના આસિસ્ટન્ટ ફિઝીયો છે. બુધવારે તેમનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. પાંડેસરામાં રહેતા અને ઘર પાસે ક્લિનિક ચલાવતા ડો. નરવિંદ પાટીલ (૬૨)ના સેમ્પલ લેવાયા હતા અને તેમનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. તેવી જ રીતે બમરોલી શક્તિનગર ખાતે રહેતા અમરિત જીવારામ ચૌધરી (૨૮) મેડીકલ સ્ટોર્સ ચલાવે છે. કોરોનાના શંકાસ્પદ લક્ષણો બાદ તેમનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. જ્યારે પાલિકાના અડાજણ યુનિટમાં કોન્ટ્રાક્ટ હેઠળ વીબીડીસી વિભાગમાં કામ કરતા નયન અર્જુનભાઈ મારૂ (ઉ.વ.૨૪)ને કોરોનાના લક્ષણો બાદ તેમનો પણ રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો.

એ.કે.રોડ અંકુર સોસાયટી, વિજય એપાર્ટમેન્ટ ખાતે રહેતા રમેશભાઈ મનુભાઈ પીપલિયા(૩૨) મીની બજાર ખાતે ટેક્સ કન્સલ્ન્ટન્ટ તરીકે કામકાજ કરે છે. કોરોનાના લક્ષણો બાદ બુધવારે તેમનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. તેવી જ રીતે ધાસ્તીપુરા ચાચરિયાની ચાલમાં રહેતો ધાર્મિક રાજેશ રાજપુત(૨૩) સિવિલ એન્જીનીયરનો અભ્યાસ કરે છે. બુધવારે તેનો પણ રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે.

કોસાડ આવાસમાં રહેતા મિકેનિક દિલીપ ભૂરાભાઈ ભાભોર (૩૫) પર્વત પાટીયા ખાતે રહેતા શાકભાજીના વેપારી જીતેન્દ્ર પ્રવિણચંદ્ર મોદી (૪૭) ભેસ્તાન વંદના સોસાયટીમાં રહેતા પંકચર બનાવનાર ભાસ્કર વિશ્વનાથ સોની (૬૬) વેસુમાં ઘરઘાટી તરીકે કામ કરતા મંગલાબેન ભગત કોળી અને મોટા વરાછામાં રહેતા મોચીકામ કરતા કાશીનાથ ઓમકાર (૫૯) પણ સંક્રમિત થયા છે.

વૈશ્વિક મહામારી દૂર થાય તે માટે સોશિયલ મીડિયા દ્વારા રંગ પરિવારના ભક્તો સુધી દત્ત બાવની પહોંચાડવાનો અનોખો પ્રયોગ



નિમેષ ગોસ્વામી દ્વારા ઝઘડીયા

ઝઘડિયા ના ઉમલ્લા ના યુવક દ્વારા કોરોના ની વૈશ્વિક મહામારી દૂર થાય તે માટે સોશીયલ મીડીયા દ્વારા કુલ ૯ દેશો માં વસવાટ કરતા રંગ પરિવાર ના ભક્તો સુધી દત્ત બાવની પહોંચાડવાનો અનોખો પ્રયોગ કરવામાં આવ્યો હતો

ઝઘડિયા તાલુકાના ઉમલ્લા ગામે રંગ પરિવાર સાથે જોડાયેલ ચિંતન પટેલ દ્વારા વિશ્વ અને દેશ માંથી કોરોના ની મહામારી દૂર થાય તે માટે અનોખો પ્રયોગ સોશીયલ મીડીયાના ઉપયોગથી દેશ વિદેશ ના કૂલ ૯ દેશો માં વસવાટ કરતા રંગ પરિવાર ના ભક્તો ને લાઈવ કોન્ફરસ થી દત્ત બાવની નું આયોજન કર્યું હતું આ દત્ત બાવનીના પાઠ નું પ્રસારણ કુલ ત્રણ હજાર થી વધૂ ભક્તો એ પોતાના ઘેર બેસીને લાભ લીધો.હતો તેમજ ચિંતન ભાઈ પટેલ દ્વારા સમગ્ર વિશ્વમાં વસેલા રંગ પરિવાર ના ભક્તો સુધી દત બાવની પહોચાડવાનો સંકલ્પ પૂર્ણ કર્યો હતો સમગ્ર રંગ પરિવાર ના ભક્તો એ પોતાના ઘરે બેસીને દત્ત બાવની ના પાઠનો લાભ લઈ ધન્યતા અનુભવી

ભરૂચ જિલ્લા એલ સી બી તેમજ રાજપારડી પોલીસ ની રેઇડ દરમિયાન રાજપારડીમાં વિદેશી દારુનો મોટો જથ્થો ઝડપાયો



● દારુ સહિત ૩૮૧૨૦૦ રૂ. નો મુદ્દામાલ એલ સી બી કબજે કર્યો : ખેતર માં છુપાવેલ દારૂ રૂપિયા ૬,૭૬,૮૦૦ નો રાજપારડી પોલીસે કબજો કર્યો

● કુલ રૂપિયા ૧૦,૫૮,૦૦૦ નો એક જ દિવસે મોટો દારૂ નો જથ્થો પકડી પાડતા બુટલેગરો માં ફફડાટ મચી જવા પામી હતી.

ભરુચ

પોલીસ મહાનિરક્ષક શ્રી અભયસિંહ ચુડાસમા સાહેબ વડોદરા રેંજ, વડોદરા તથા ભરૂચ જિલ્લાનાં પોલીસ અધિક્ષકશ્રી રાજેન્દ્રસિંહ ચુડાસમા સાહેબ નાઓ દ્વારા હાલમાં કોરોના વૈશ્વિક મહામારી અંતર્ગત લોકડાઉન ૪ અમલી હોય અને જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા ની પરિસ્થિતિ જળવાય રહે અને દારૂ જુગારની પ્રવૃત્તિ અટકાવવા સારુ સુચના આપેલ તે અનુસંધાને પ્રાપ્ત માહીતી અનુસાર છેલ્લા કેટલાક સમયથી ઝઘડીયા તાલુકા વિસ્તારો માંથી વિદેશી બનાવટનો ઈંગલીશ દારૂ પકડવામાં આવ્યો હતો. તે સંદર્ભે ભરુચ જિલ્લા એલ.સી.બી. તેમજ ઝઘડીયા તાલુકા પોલીસ દ્વારા વોચ રાખવામાં આવી હતી. ગઈ કાલે તા.૨૭/૫/૨૦ ના રોજ રાજપારડી પોલીસ ના પી એસ આઈ જે બી જાધવ તથા પોલીસ સ્ટાફ પેટ્રોલીગમા હતા. તે દરમ્યાન બાતમી દાર દ્વારા બાતમી મળી હતી કે વિજયભાઈ અંબુભાઇ વસાવા તેમજ અશોક ઉર્ફે પિન્ટો અંબુભાઈ વસાવા તથા અમીતભાઈ ઉર્ફે ડોલ્લાલ ઠાકોરભાઈ વસાવા નાઓના નવા માલજીપુરા ગામની સીમમાં ખુલ્લા ખેતરમા રાજપારડી પી.એસ.આઈ જે.બી.જાધવ તેમના સ્ટાફ સાથે બાતમીની જગ્યાએ રેડ પાડી શોધખોળ આરંભી હતી. ખેતરમાં માટી નીચે સંતાડેલ ભારતીય બનાવટનો વિદેશી દારૂ નો અલગ અલગ બ્રાન્ડની ૧૮૦ મીલી. બોટલ નંગ ૩૬૦૦/- કિંમત રુ. ૩,૬૦,૦૦૦/- ૭૫૦ મીલી બોટલ નંગ ૭૨૦/- કિંમત રુ.૩,૧૬,૮૦૦/- મળી કુલ મુદ્દામાલ ૬,૭૬,૮૦૦/- નો મુદ્દામાલ પકડી પાડયો હતો.

બીજી બાજુ ભરુચ જિલ્લા એલ.સી.બી બાતમીના આધારે ઝઘડીયા તાલુકાના રાજપારડી મુકામે વિજયભાઈ અંબુભાઈ વસાવા ને ત્યા રેડ પાડતા ભારતીય બનાવટનો ઈંગલીશ દારૂ નાની મોટી બોટલ નંગ ૯૭૮/' કિંમત રુ.૧.૦૬.૨૦૦/- તથા ઈન્ડીકા ગાડી નંબર GJ 16 Z 0090, કિંમત રુ. ૨.૫૦.૦૦૦/- તથા એકટીવા ગાડી નંબર GJ 16 BE 8270 કિમત રુ.૨૫૦૦૦/- કુલ ૩,૮૧,૨૦૦/- નો મુદ્દામાલ સહીતનો ભારતીય બનાવટનો ઈંગલીશ દારૂનો જથ્થો ઝડપી પાડયો હતો.

તમામ વોન્ટેડ આરોપીઓને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કરી આગળની કાર્યવાહી રાજપારડી પોલીસ તેમજ ભરુચ જિલ્લા એલ.સી.બી દ્વારા હાથ ધરવામાં આવેલ છે. સવાલ એ છે કે હાલ કોરોનાો મહામારીથી લોકડાઉન ચાલુ હોવાથી સામન્ય નાગરિક ને પણ જિલ્લા બહાર જવા માટે પણ વિવિધ પરમિશન ની જરૂર હોય છે.પરંતુ આટલી મોટો પ્રતિબધિત દારૂ નો જથ્થો અન્ય રાજ્ય માંથી કેવી રેતી આવી રહ્યો છે. ?

પત્નીએ વતન જવાની ના પાડતા પતિએ ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો

સુરત

કોરોના વાયરસને કારણે સુરતમાંથી બેકાર બનેલા શ્રમિકો પોતાના વતન તરફ હિજરત કરી રહ્યા છે. ત્યારે ઓડિસ્સાનો વતની એવા યુવક પોતાની પત્ની સાથે વતન જવા માંગતો હતો. પણ પત્ની વતન જવા માટે પતિને ઇકાર કર્યો હતો. જે બાદ પતિ સાથે આ મુદ્દે ઝગડો થયો હતો. જે વાતનું લાગી આવતા ઓડિસ્સાનાં આ યુવાને ઘર નજીક આવેલા બાવળના ઝાડ સાથે ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.

કોરોના વાયરસને કારણે લૉકડાઉન વચ્ચે વેપાર ઉધોગ બંધ હોવાને કાણે અનેક શ્રમિકો બેકાર બન્યા હતા. જેથી શ્રમિકો પોતાના વતન તરફ પલાયન શરૂ કર્યું હતું. ત્યારે સુરતથી દરરોજ અનેક શ્રમિકો ટ્રેન દ્વારા પોતાના વતન તરફ જઈ રહ્યા હતા. ત્યારે મૂળ ઓડિસ્સાના વતની અને સુરતમાં પાંડેસરા આવિર્ભાવ સોસાયટી મરાઠી સ્કૂલ પાસે રહેતા તેમજ લુમ્સના કારખાનામાં કામ કરતા બાબુ કૃષ્ણભાઈ પ્રધાનને પણ પોતાના વતન જવાની ઈચ્છા હતી. સુરતમાં કામ કરતા હજારો પરપ્રાંતીય શ્રમિકો વતન જઈ રહ્યા હોય બાબુએ પણ વતન જવા માટે પત્ની ચંદ્રીને કહ્યું હતું. જોકે, ચંદ્રીએ ઇકાર કરી દીધો હતો

જોકે, આ બાબતે પતિ પત્ની વચ્ચે ઝગડો પણ થયો હતો પોતે વતન જવા માંગતો હતો અને પત્ની વતન નહિ જવા માંગતી હતી. પત્ની આ સાથે વતન નહિ જવા માટે સતત દબાણ કરતી હોવાને કારણે આ વાતનું ખોટું લાગી આવતા પતિ ઘરમાંથી નીકળી જઇને આવેશમાં આવી જઈને ઘર નજીક વડોદ ગામ આવેલ શ્રીશ્યામ કોર્પોરેશન પાસેનાં બાવળના ઝાડ સાથે ગમઝા વડે ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. જોકે આ ઘટનાની જાણકારી મળતા સ્થાનિક લોકોએ પોલીસને જાણકારી આપતા પોલીસ બનાવવાળી જગ્યા પર પોહચી આ મામલે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી હતી.

કાપડ પ્રિન્ટિંગ કારખાના, જોબ વર્કમાં ચોરીની ઘટના બની પાંડેસરા જીઆઈડીસીમાં તસ્કરો બેફામ: ૧૦ દિવસમાં સાત ચોરીની ઘટના

સુરત

શહેરના પાંડેસરા વિસ્તારમાં બંધ ખાતાઓમાં ધોળે દિવસે ચોરીની ઘટનાઓમાં વધારો થઈ રહ્યો છે. છેલ્લા ૧૦ દિવસમાં ૭ જેટલી ચોરીની ઘટનાઓ બની ચૂકી છે. ચોરો પંખા, કેબલ, ટીવી, સેટ ટોપ બોક્સ અને અન્ય સામગ્રીની ચોરી કરી ફરાર થતા સીસીટીવીમાં કેદ થઈ ગયા છે.

પાંડેસરા જીઆઈડીસીમાં પ્રેમચંદભાઈ જોબ વર્ક પર ડાઈંગ પ્રિન્ટિંગ કરી આપવાના વ્યવસાય સાથે સંકળાયેલા છે. તેમના ખાતામાં ગત ૨૬મીના રોજ ચોરીની ઘટના બની હતી. ચોરો પંખા, કેબલ, ટીવી, સેટ ટોપ બોક્સ અને અન્ય સામગ્રીની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. આ ઘટના સીસીટીવીમાં કેદ થઈ જવા પામી છે. છેલ્લા ૧૦ દિવસમાં ૭ જેટલી ચોરીની ઘટનાઓ બની છે. ખાતા ધારકોને બેકાર બનેલા શ્રમિક લોકો ચોરી કરી રહ્યા હોવાની આશંકા છે. પ્રેમચંદભાઈએ ચોરીની ફરિયાદ નોંધવતા પોલીસે તપાસ હાથ ધરી છે. જ્યારે ચોરીની ઘટનાઓને લઈને આખા વિસ્તારમાં મિલ માલિકો, ખાતા ધારકો સાવચેત થયા છે.

વલસાડ જિલ્લામાં કોવિડ-૧૯ના પોઝીટીવ કેસો નોંધાતા એ.પી.સેન્ટર અને કન્ટેઈનમેન્ટ ઝોન નક્કી કરાયા

વલસાડ

વલસાડ જિલ્લાના વલસાડ તાલુકાના અતુલ હિલસાઈડ-૧ કોલોનીના જી-૩ ટાઇપ ક્વાર્ટર નંબર-૧૦, વલસાડ નગરપાલિકામાં ભારત ડેરી અંદરના રોડ ઉપર આવેલા દિવ્ય એપાર્ટમેન્ટ તેમજ ઉમરગામ નગરપાલિકામાં આવેલા આશીષ મિશ્રાની ચાલી, પ્રગતિનગર-૧ વિસ્તારમાં કોરોના પોઝીટીવ કેસ જણાતાં આ વાઈરસના ઝડપી સંક્રમણને ધ્યાને લેતાં લોકોની સુરક્ષા બાબતે તકેદારીના પગલાંરૂપે જિલ્લા મેજિસ્ટ્રેટ સી.આર.ખરસાણે એપેડેમીક ડીસીઝ એકટ અન્વયે મળેલી સત્તાની રૂએ તાત્કાલિક અસરથી નીચે મુજબની વિગતે કન્ટેઈનમેન્ટ ઝોન નક્કી કરી તા.૨૨/૬/૨૦૨૦ સુધી કેટલાક કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવ્યો છે.

અતુલ હીલસાઈડ-૧, કોલોનીના જી-૩ ટાઇપ ક્વાર્ટર નંબર-૧૦ના વિસ્તારને એ.પી. સેન્ટર તેમજ કન્ટેઈનમેન્ટ એરીયા તરીકે નક્કી કરાતાં આ વિસ્તારને ચારે બાજુથી સીલ કરી તેમાંથી બહાર કે અંદરની અવર-જવર પ્રતિબંધિત કરવામાં આવ્યો છે. આ વિસ્તારના રહેવાસીઓને રાશન વગેરે આવશ્યક ચીજવસ્તુઓ ગ્રામ પંચાયત અતુલ દ્વારા હોમ ડીલીવરીથી પૂરી પાડવામાં આવશે.

વલસાડ નગરપાલિકા વિસ્તારમાં આવેલા ભારત ડેરી અંદરના રોડ ઉપર આવેલા દિવ્ય એપાર્ટમેન્ટ વિસ્તારને એ.પી.સેન્ટર જાહેર કરવામાં આવ્યો છે. આ વિસ્તાર ઉપરાંત શાંતિકુંજ બંગલોઝ, માતૃકૃપા બંગલોઝ, ઉમિયા નિવાસ બંગલોઝ, અમર આર્કેડ, સૂરજ એપાર્ટમેન્ટ, શ્રીજી નિવાસ, શિલ્પાલય એપાર્ટમેન્ટ, ગણેશકૃપા બંગલોઝનો તમામ વિસ્તારને કન્ટેઈનમેન્ટ એરીયા તરીકે નક્કી કરાયા છે. આ વિસ્તાર ચારે બાજુથી સીલ કરી તેમાંથી બહાર કે અંદરની અવર-જવર ઉપર પ્રતિબંધ રહેશે. આ વિસ્તારના રહેવાસીઓને રાશન વગેરે આવશ્યક ચીજવસ્તુઓ ચીફ ઓફિસર વલસાડ દ્વારા હોમ ડીલીવરીથી પૂરી પાડવામાં આવશે.

ઉમરગામ ખાતે આવલા આશીષ મિશ્રાની ચાલી, પ્રગતિનગર-૧ વિસ્તારને એ.પી.સેન્ટર જાહેર કરવામાં આવ્યો છે. આ વિસ્તાર ઉપરાંત પ્રગતિનગર આંગણવાડી તથા દૂધનાથ મંદિરનો તમામ વિસ્તાર કન્ટેઈનમેન્ટ એરીયા તરીકે નક્કી કરાતાં આ વિસ્તાર ચારે બાજુથી સીલ કરી તેમાંથી બહાર કે અંદરની અવર-જવર ઉપર પ્રતિબંધ રહેશે. આ વિસ્તારના રહેવાસીઓને રાશન વગેરે આવશ્યક ચીજવસ્તુઓ ચીફ ઓફિસર ઉમરગામ દ્વારા હોમ ડીલીવરીથી પૂરી પાડવામાં આવશે.

વલસાડ તાલુકાના કોસંબા-પારધી ફળિયાના આનંદ સ્ટ્રીટ વિસ્તારને એ.પી.સેન્ટર જાહેર કરવામાં આવ્યો છે. આ વિસ્તાર ઉપરાંત આરાધના સ્ટ્રીટ, ગંગાજી સ્ટ્રીટ, ગીતાંજલિ સ્ટ્રીટ વિસ્તારને કન્ટેઈનમેન્ટ એરીયા તરીકે નક્કી કરાતાં આ વિસ્તાર ચારે બાજુથી સીલ કરી તેમાંથી બહાર કે અંદરની અવર-જવર ઉપર પ્રતિબંધ રહેશે. આ વિસ્તારના રહેવાસીઓને રાશન વગેરે આવશ્યક ચીજવસ્તુઓ ચીફ ઓફિસર પારડી દ્વારા હોમ ડીલીવરીથી પૂરી પાડવામાં આવશે. આ હુકમ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ કે અન્ય સરકારી અને અર્ધસરકારી, ખાનગી દવાખાના સ્ટાફ તથા ઈમરજન્સી સેવા સાથે સંકળાયેલા વ્યક્તિ કે જેઓ કાયદેસરની ફરજ ઉપર હોય તથા ભારત સરકારના ગૃહ મંત્રાલયના અગાઉ ઇસ્યુ કરેલા હુકમોથી જાહેર કરવામાં આવેલ આવશ્યક સેવાઓ કે જે માટે અધિકૃત અધિકારી દ્વારા પાસ ઈસ્યુ કરવામાં આવ્યા છે તેઓ તથા સ્મશાનયાત્રાને લાગુ પડશે નહીં.

તા.૨૬મી-મે 'પાઇલોટ દિવસ' પર જીવન રક્ષક ૧૦૮ના પાઇલોટનું સન્માન

વલસાડ

૧૦૮ ઇમરજન્સી સેવા, જી.વી.કે. ઇમરજન્સી મેનેજમેન્ટ એન્ડ રિસર્ચ ઇન્સ્ટીટયુટ અને ગુજરાત સરકારની લોકભાગીદારીથી આજે વિશ્વાસ અને સેવાનો પર્યાય બની ગયો છે. તમામ પ્રકારની ઇમરજન્સીને પ્રતિસાદ આપવા ૧૦૮ કટીબધ્ધ છે. અને સાથે-સાથે તેના કાર્યથી લોકમાનસમાં સંપાદિત થયેલો વિશ્વાસ અભૂતપુર્વ છે. આ સેવા પોલીસ, આગ કે આરોગ્ય સંબંધી ઇમરજન્સી સેવાઓ ૨૪ કલાક રાજયભરમાં પુરી પાડે છે. આ સેવામાં પાઇલોટ(એમ્બ્યુલન્સના ચાલક) પીડિતને સત્વરે ઇમરજન્સી સારવારમાં મદદરૂપ થવા માટે મહત્ત્વની કડી છે. ૨૬ મે નો દિવસ ૧૦૮ સેવા અને જી.વી.કે. ઇ.એમઇઆર.આઇ.ના ઇતિહાસમાં ખુબ જ મહત્ત્વનો છે.

૨૬મી મે 'પાઇલોટ દિવસ' તરીકે ઉજવાય છે અને આ દિવસે જી.વી.કે. ઇ.એમ.ઇ.આર.આઇ દ્વારા પાઇલોટની નિઃસ્વાર્થ સેવા બદલ તેમનું સન્માન કરવામાં આવે છે. કોઇપણ કટોકટી સમયે, પ્રત્યેક સેકન્ડ મુલ્યવાન હોય છે. એવા સમયે ઇમરજન્સી પ્રતિક્રિયા અને પ્રાથમિક સારવાર મહામુલી માનવ જીવન બચાવે છે. એમ્બ્યુલન્સમાં ઉપસ્થિત ઇ.એમ.ટીની સાથે-સાથે, પીડિતને સલામતીથી હોસ્પિટલ સુધી પહોંચાડવા માટે પાઇલોટની ભૂમિકા મહત્ત્વની છે. આ ઉપરાંત કટોકટીના સમયે પીડિતને સલામતીથી એવી રીતે પરિવહન કે ખસેડવા કે જેનાથી તેમને કોઇ પણ ઇજા કે હાનિ પહોંચે નહિ. આ સિવાય ઇમરજન્સીના સ્થળ પર લોકોનાં ટોળાનું ચતુરાઇ ભર્યું નિયંત્રણ કરવું પણ પોઇલેટનું વિશેષ કાર્ય છે. આજના આ અત્યાધુનિક યુગમાં ૧૦૮ સેવાના પાઇલોટ સુસજ્જ ટેકનોલોજી અને સ્માર્ટફોનની મદદથી દર્દીને ખુબ જ ઝડપથી યોગ્ય હોસ્પિટલ સુધી પહોંચાડે છે. તા.૨૬મી મે નો દિવસ કટોકટી સમયે મહામુલી માનવજીવન બચાવનારા પાયલોટને સર્મપિત છે કે જેઓ મુશ્કેલ ભર્યો માર્ગ, પરિસ્થિતિ, સમય, વાતાવરણ અને સ્થળ પરની કપરી પરિસ્થિતિને પહોચી વળવા સક્ષમ અને કટિબધ્ધ છે.

સમગ્ર ગુજરાતમાંથી દરેક જિલ્લાના ૧૦૮ ઇમરજન્સી એમ્બ્યુલન્સ સેવાના તમામ પાઇલોટને સૌથી સારી કામગીરી બદલ તથા મહામુલ્ય માનવજીવન બચાવવાના નિઃસ્વાર્થ કાર્ય બદલ સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે શ્રી જશવંત પ્રજાપતિ, ચીફ ઓપરેટીંગ ઓફિસર, જી.વી.કે. ઇ.એમઇઆર.આઇએ જણાવ્યું કે, '૧૦૮ એમ્બ્યુલન્સના ચાલકને જી.વી.કે. ઇ.એમઇઆર.આઇ એ 'પાઇલોટ' નું બિરૂદ આપેલ છે કે જે માત્ર એમ્બ્યુલન્સ ચલાવતો નથી પરંતું સાથે-સાથે ઉચ્ચ કોટીની કટીબધ્ધતા, સમર્પણની ભાવના અને અનોખી જવાબદારી અદા કરે છે.

કોરોના વોરિયર્સને સંક્રમણનો ખતરો, પાલિકાના ૩૮ કર્મચારીઓ કોરોનાની ઝપેટમાં

સુરત

કોરાના સામેની લડાઈમાં સીધી કામગીરી કરી રહેલા પાલિકાના કર્મચારીઓ પર હવે કોરોનાનું સંક્રમણ વધી રહ્યું છે. કર્મચારીઓ જોખમ હોવા છતા પણ તમામ તકેદારી રાખીને કામગીરી કરી રહ્યા છે. અત્યાર સુધીમાં પાલિકાના ૩૮ જેટલા કર્મચારીઓ કોરોનાની ઝપેટમાં આવી ચૂક્યા છે. જેમાં સિવિલ હોસ્પિટલના ડોક્ટર અને કર્મચારીઓનો પણ સમાવેશ થાય છે. જ્યારે લોકડાઉનમાં ફરજ બજાવતા ૧૩ પોલીસ જવાનો પણ કોરોનાગ્રસ્ત થયા છે.

કોરોના પોઝિટિવ દર્દીના ક્લોઝ કોન્ટેક્ટ અને રિસ્કી કોન્ટેક્ટને શોધીને ક્વોરન્ટીનની કામગીરી કરતા પાંચ જેટલા એસએસઆઈ અત્યાર સુધીમાં કોરોનાની ઝપેટમાં આવી ચૂક્યા છે. સલામતીના પગલા છતા તેમને ચેપ લાગ્યો છે. જ્યારે ભોજનની કામગીરી સાથે સંકાયલેયા અને હોટ સ્પોટ માનદરવાજા ખાતે ફજ બજાવતા વિજીલન્સ વિભાગના અધિકારી અને ટેકનીકલ આસિસ્ટન્ટ પણ કોરોનાની ઝપેટમાં આવ્યા છે. ઉપરાંત સર્વે કરતા પ્રાયમરી હેલ્થ વર્કર અને સમિતિના એક શિક્ષકનો પણ કોરોનાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે.

માર્શલ, બેલદાર, વાલ્વ ઓપરેટર અને કેસ પેપર ઓપરેટર સાથે પાલિકાના રેકોર્ડ વિભાગના ત્રણ કર્મચારીને પણ ચેપ લાગ્યો છે. કોરોનાની કામગીરી સાથે જોડાયેલા સિવિલ હોસ્પિટલના ૪ ડોક્ટર સહિત ૯ કર્મચારીઓને પણ ચેપ લાગ્યો છે. જયારે ખાનગી હોસ્પિટલના કર્મચારી મળી મેડિકલ કામગીરી સાથે સંકળાયેલા અત્યાર સુધીમાં ૩૮ લોકોના રિપોર્ટ પોઝિટિવ આવ્યા છે. આ સાથે પોલીસના ૧૩ જવાનો પણ સંક્રમિત થયા છે.

લોકડાઉનમાં નર્મદા જીલ્લાના બે ના.મામલતદાર કોના આશીર્વાદ હેઠળ પોતાની મનમાની કરે છે.?!

એક અંગત કામોમાં સરકારી વાહન લઈ ફરે છે જ્યારે એક તપાસના બહાને પોતાના ખાનગી વાહનમાં નિકળી રોકડી કરતા હોવાની બુમ

રાજપીપળા

નર્મદા જિલ્લા ના બે નાયબ મામલતદારો પોતાની મરજી મુજબ મનમાની કરતા હોવાની ચર્ચા સંભળાઈ રહી હોય જેમાં એક સરકારી વાહન પોતાના અંગત કામોમાં ડ્રાઈવર વિના જાતેજ લઈને ફરે છે જ્યારે એક તપાસ ના નામે ખર્ચા કાઢવા પોતાની પ્રાઈવેટ ગાડી લઈ રોફ જમાવતા હોવાની બુમ ઉઠી છે.સાથે એમ પણ જાણવા મળ્યું છે કે આ બંને ના.મામલતદારો પર ઉપલા અધિકારીઓ ના આશીર્વાદ હોય કોઈ તેમનો વાળ પણ વાંકો નથી કરી શકતું.ત્યારે એ ઉપરી અધિકારી કોણ અને તેમનો આ અધિકારીઓ ને છૂટો દોર આપવા પાછળ નો અંગત ફાયદો શુ હશે.?



જોકે બે મહિના થી ચાલી રહેલા લોકડાઉન માં આ બે અધિકારીઓ પોતાના સ્ટાફ માં કોઈ ને ગાંઠતા નથી અને પોતાનીજ મનમાની કરી મનફાવે ત્યારે મરજી મુજબ લટાર મારવા નીકળી પડતા હોય તેમાં એક સરકારી વાહન લઈ પોતાના અંગત કામો માટે ગમે ત્યાં ફરે છે જ્યારે એક સસ્તા અનાજ ની દુકાનો પર તપાસ ના નામે પોતાની પ્રાઈવેટ ગાડી લઈ બે ત્રણ હજાર ની રોકડી કરવા ગમે ત્યારે નીકળી પડતા હોવાની બુમ સંભળાઈ રહી છે.જોકે સૂત્રો દ્વારા જાણવા મળ્યા મુજબ આ બંને અધિકારીઓ પર ઉપરી અધિકારી ઓ મહેરબાન છે તેથી કોઈ તેમનો વાળ વાંકો કરી શકતું નથી પરંતુ અંદરોઅંદર નજરે નજારો નિહાળતા સ્ટાફ માં આ બંને અધિકારીઓ ના આ રાજાશાહી ઠાઠ ની ભારે ચર્ચા હાલ નર્મદા જિલ્લામાં સંભળાઈ રહી હોય આ વાત થી લગભગ બધા ઉચ્ચ અધિકારીઓ પણ વાકેફ હશે ત્યારે આ વાત માં થોડું પણ તથ્ય હોય તો જિલ્લા ના ઉચ્ચ અધિકારીઓ તપાસ કરી તેમની સામે પગલાં લેશે કે કેમ તે જોવું રહ્યું.

વિસ્થાપન ની લટકતી તલવાર વચ્ચે જીવતા ૧૪ ગામોના આદિવાસીઓની વ્હારે સરપંચ પરિષદ ના નિરંજન વસાવા



૭૦ વર્ષ થી હાલાકી ભોગવી રહેલાં આદિવાસીઓ ને યોગ્ય પ્રતિનિધિત્વ ની જરુરઃનિરંજન વસાવા

રાજપીપળા

૭૦ વર્ષ થી બલિદાન આપી હાડમારી ભોગવી રહેલાં કેવડીયા અને આજુ બાજુના ગામો ના આદિવાસીઓ ની સમસ્યાઓનું નિવારણ લાવવા મેદાને પડેલાં સરપંચ પરિષદ ના નિરંજન વસાવા એ ભણેલાં ગણેલા આદિવાસીઓને એક થઈ આગળ આવવા હાંકલ કરી છે.

કેવડિયા, વાગડિયા, નવાગામ, લીમડી, કોઠી, અને ગોરા આ ૬ ગામનો વિસ્થાપનનો પ્રશ્ન ૧૯૬૧-૬૨ થી ચાલુ છે, છતાં ૭૦ વરસથી ઉકેલ લાવવા આ ગામોના ભણેલા, નોકરિયાતો એ કરેલાં પ્રયત્નો જનપ્રતિનિધિઓ અને સંગઠનો સુધી યોગ્ય રીતે પહોંચ્યા નથી, એવું કેમ ? આદિવાસી સમાજના લોકોને અન્યાય થાય એની સામે લડવાની સમગ્ર સમાજ તેમજ દરેક સમાજ ની ફરજ અને જવાબદારી પણ સમગ્ર સાચી હકીકત જણાવવી જોઈએ અને કેવી રીતે સરકાર અન્યાય કરી રહી છે એ જણાવવું જોઈએ કારણ કોઈપણ સાચી માહિતી જાણતા ના હોય તો લોકો સમર્થન માટે આગળ આવતા નથી એ આપણે RBC ની લડત દરમિયાન અનુભવ્યું છે,૧૯૫૬ થી આ ભૂલ ચાલતી હતી જે ૧૯૭૮ માં સુધારવી જોઈતી હતી, તે ના સુધારી પરિણામે ૨૦૧૭ માં આપણે જાગ્યા પછી છેલ્લા ત્રણ વર્ષથી સતત સોશ્યલ મીડિયામાં સાચી હકીકત જણાવીને આપણે એ પ્રશ્નને સમાજના દરેક વ્યક્તિ સુધી પહોંચાડી શક્યા. કેવડીયા પંથક ના લોકો ની સમસ્યા નો ઘરમુળ થી નિવારણ લાવવા માટે શિક્ષીત આદિવાસીઓ આગળ આવી સરકાર મા યોગ્ય રજુઆત કરીશુ તો પરિણામ ચોક્કસ આવશે તેમ નિરંજન વસાવા એ જણાવ્યું હતું.

અબુધાબીથી આવેલા ૧૩૩ ભારતીય શ્રમિકોને રાજપીપળામાં ક્વોરન્ટાઈન કરાયાઃ સુવિધા મામલે માથાકૂટ



દુબઈથી મોંઘી ચોકલેટો લાવેલા શ્રમિકે કહ્યું કે મને ચોકલેટ મુકવા ફીઝ આપો, આવી એસી, ફીઝ જેવી કેટલીક વધુ સુવિધા માંગનાર સાથે અધિકારી સાથે માથાકૂટ

રાજપીપળા

વિશ્વમાં કોરોના મહામારી ચાલી રહી છે. લોકડાઉનને પગલે ભારતમાંથી અન્ય દેશોમાં રોજીરોટી માટે ગયેલા અને ફસાયેલા લોકો પોતાના વતનમાં આવવા સરકારને આજીજી કરી રહ્યા છે.

સરકાર ની ગાઈડલાઈન મુજબ વિદેશમાંથી આવતા લોકોને ફેસિલિટી ક્વોરન્ટાઈન કરવા,ત્યારે આ ફેસિલિટી ક્વોરન્ટાઈન માટે ફી માં સરકારી વ્યવસ્થા તો હોય જ છે પણ જો કોઈકને VIP સુવિધાઓ જોઈતી હોય તો જે તે વિસ્તારમાં આવેલી હોટેલમાં વ્યક્તિએ પોતાના ખર્ચે જવાની સરકારે જોગવાઈ કરી છે એની માટે તંત્રએ હોટેલ સાથે અમુક ભાવ પણ ફિક્સ કર્યા છે. ૨૭ મી મેં ના રોજ અબુધાબીથી ગુજરાતના ૧૩૩ શ્રમિકો વિમાન માર્ગે વડોદરા,અમદાવાદ એરપોર્ટ પર આવી પહોંચ્યા હતા. ત્યાંથી એમને એરપોર્ટ પર સ્ક્રીનિગ કરી બસ મારફતે રાજપીપળાની આદર્શ નિવાસી શાળા ખાતે ફેસિલિટી ક્વોરન્ટાઈન માટે લવાયા હતાં.

દરમિયાન એ શ્રમિકો પૈકીના અમુક લોકોએ નર્મદા જિલ્લા આરોગ્ય વિભાગ પાસે VVIP સગવડની માંગ કરતા મામલો ગરમાયો હતો,સ્થાનિક અધિકારીઓએ સમજાવવા છતાં મામલો થાળે ન પડતા વડોદરાના કરજણ તાલુકાના મિલન પટેલ અને નર્મદા જિલ્લા એપેડેમીક મેડિકલ ઓફિસર ડો. કશ્યપ વચ્ચે શબ્દિક ઘર્ષણ પણ થયું હતું. ડો.કશ્યપ દ્વારા મિલન પટેલને એમ સમજાવવામાં આવ્યું હતું કે સરકાર તરફથી મળતી સુવિધા મામલે મેં અગાઉથી જ ઉચ્ચ કક્ષાએ રજુઆત કરી છે, સરકાર તમને આનાથી વધુ સુવિધા ન આપી શકે જો તમારે જવું હોય તો હોટેલમાં પણ જઈ શકો છો. તો એની સામે મિલન પટેલે એમ જણાવ્યું કે અમે મધ્યમ વર્ગના લોકો ખર્ચ કેવી રીતે કરી શકીએ તમે અમને અહીંયા જ વ્યવસ્થા કરી આપો.આમ આ શ્રમિકોએ આરોગ્ય વિભાગને સાથ સહકાર ન આપતા આરોગ્ય અધિકારીઓ દ્વિધામાં મુકાયા હતા. મિલન પટેલે એવો આક્ષેપ લગાવ્યો હતો કે અહીયા સોશિયલ ડિસ્ટન્સના ધજાગરા ઉડ્યા છે, સરકાર તરફથી કોઈ સારી સુવિધા નથી મળી.

આ મામલે નર્મદા જિલ્લા એપેડેમીક ઓફિસર ડો.કશ્યપે જણાવ્યું હતું કે મિલન પટેલને અહીયા ફીઝ, AC ની સુવિધા જોઈએ છે. એ એમ કહે છે કે હું દુબઈથી મોંઘી ચોકલેટો લાવ્યો છું એ ઓગળી જશે, મારે એને ફીઝમાં મુકવી છે તો એની વ્યવસ્થા કરો આવી માંગણીઓ કરે છે અને બીજા લોકોને પણ ઉશ્કેરે છે. વિદેશ માંથી આવતા લોકોને રાખવા નર્મદા જિલ્લામાં સરકારી અને પ્રાઈવેટ હોટેલમાં કેવી સુવિધાઓ ઉપલબ્ધ છે એની તમામ જાણકારી અમે અગાઉથી જ આપી દીધી છે. ત્યારે એ વ્યક્તિને મેં એમ પણ કહ્યું કે તમે પ્રાઈવેટ હોટેલમાં પણ જઈ શકો છો, હું તમને મંજૂરી અપાવું છું તો આ બાબત એમને મંજુર નથી.એમને ફેસિલિટી ક્વોરન્ટાઈનમાટે વડોદરા જવું હતું પણ મંજૂરી ન મળી એટલે હવે આમ કરે છે.

નર્મદામાં ડિફેન્સ સર્વિસ નેવીના જવાનનુ કોરોના ફરજ પર હાજર નર્મદાના PSI સાથે ઉધ્ધતાઈ ભર્યુ વર્તન



પોઈચા પુલ પર ફરજ પર તેનાત PSI પાઠકે નર્મદા જિલ્લામા પ્રવેશતા ઓખા નેવીના જવાનને માસ્ક માટે ટોકતા જવાનની ગેરવર્તણુંક

રાજપીપળા

નર્મદા અને વડોદરા જીલ્લા ને જોડતા નર્મદા નદી ના પોઈચા પુલ પર ફરજ બજાવતા નર્મદા પોલીસ ના PSI કે. કે.પાઠક સાથે ઓખા નેવી મા ફરજ બજાવતા ડિફેન્સ ના જવાન દ્વારા દુશ્મનો સાથે વર્તન કરતો હોય તેમ એક ફરજ પર હાજર પોલીસ ઓફિસર સાથે વાદવિવાદ મા ઉતાર્યો હતો.ત્યારે ત્યાં પુલ ઉપર થી અવરજવર કરતા લોકો પણ આ બાબત જોઈ અવાક્ થઈ ગયાં હતાં.

બે દિવસ પૂર્વે જ દેડિયાપાડા ના CPI ચોધરી સાથે અણછાજતું વર્તન કરનારા બે ઈસમો સામે પોલીસે કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી છે.ત્યારબાદ હાલ આ નવી ઘટના સામે આવતા પોલીસ ફરજ માં અવરોધ ઉભો કરતા વ્યક્તિઓ સામે પગલાં જરૂરી જણાય છે.જેમાં ઓખા નેવી ખાતે ફરજ બજાવતા ડિફેન્સ સર્વિસ નેવી ના જવાન સામે પગલાં ભરવાં નર્મદા જિલ્લા પોલીસ વડા આદેશ આપે તે પણ જરૂરી જણાય છે.

જાણવા મળ્યા મુજબ વડોદરા જીલ્લા માંથી કાર લઈને નર્મદા જિલ્લા મા નેવી ના એક જવાન પ્રવેશી રહ્યા હતા, કારમાં સવાર ચાર વ્યક્તિઓ પોઈચા નર્મદા નદી ના પુલ પર આવતા ફરજ પર હાજર નર્મદા પોલીસ ના PSI કે. કે.પાઠકે નેવી ના જવાન ને માસ્ક પહેર્યા ન હોય તે બાબતે ટોકતા જવાન દ્વારા PSI પાઠક સાથે ઉધ્ધતાઈ ભર્યુ વર્તન કરવામાં આવ્યું જેમાં જવાન જાણે યુધ્ધ મોરચે ઉધ્ધતાઈ ભર્યુ વર્તન કર્યા નો કિસ્સો પ્રકાશ મા આવ્યો છે.

વનસ્પતિજન્ય ગાંજા સાથે એક મહીલા આરોપીને ઝડપી પાડતી ભરૂચ એસ.ઓ.જી.પોલીસ



ભરૂચ પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા એ હાલમાં કોરોના વાયરસ ની મહામારી અંતર્ગત લોકડાઉન અમલી હોય અને જિલ્લામા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઇ રહે અને નાર્કોટીકસની બંદી અટકાવવા સારૂ સુચના આપેલ હોય તે અનુસંધાને તથા એસ.ઓ.જી.પો.ઈન્સ. પી. એન.પટેલ ના માર્ગદર્શન આધારે પો.સ.ઈ. કે.એમ.ચૌધરી તથા પોલીસ સ્ટાફના માણસો સાથે પેટ્રોલીગમાં હતા બાતમી મળેલ કે સૈયદવાડ, મકતમપુર,ભરુચમાં રહેતી સમીમબાનુ Wlo અલ્તાફહુશેન ગુલામરસુલ શેખ તેના રહેણાંક મકાનમાં વનસ્પતિજન્ય ગાંજાનો જથ્થો રાખી અને વેચાણ કરે છે જે આધારે પોલીસ ઈન્સપેકટર ડી.પી.ઉનડકટ ને સાથે રાખી રેઇડ કરતા તેણીના રહેણાંક મકાનમાંથી એક પ્લાસ્ટીકની થેલીમાં ગેરકાદેસર નો વનસ્પતિજન્ય ગાંજો ૨૯૮ ગ્રામ કિ.રૂ.૧૭૮૮/- ના મુદ્દામાલ સાથે મળી આવતા એન.ડી.પી.એસ.એકટ કલમ-૮(સી), ૨૦(બી)(i) એ મુજબ ગુનો રજીસ્ટર કરી આગળની તપાસ પોલીસ ઈન્સપેકટર પી.એન. પટેલ નાઓ ચલાવી રહેલ છે.

નર્મદા : કોંગ્રેસના સ્પીક અપ ઈન્ડિયા અભિયાનમાં યુવા નેતાઓએ કેવડિયામાં થયેલ સર્વે મુદ્દે વિરોધ નોંધાવ્યો : સરકાર ઉપર લગાવ્યા ગંભીર આક્ષેપો



રાજપીપળા

કોંગ્રેસ દ્વારા આજે સ્પીક અપ ઈન્ડિયા અભિયાન શરૂ કરાયું છે જેમાં હોદ્દેદારો ફેસબુક તેમજ અન્ય સોસીયલ મીડિયા દ્વારા લાઈવ થઈ સરકાર સામે આકોશ ઠાલવી રહ્યા છે તે અંતર્ગત નર્મદા જિલ્લાના કોંગ્રેસ ના યુવા નેતાઓએ પણ સ્પીક અપ ઈન્ડિયા અભિયાન અંતર્ગત લોકડાઉન માં શ્રમિકો, ગરીબો વિશે વાત કરી હતી ઉપરાંત હાલ કેવડિયા અને આસપાસ ના ૬ ગામો માં ચાલી રહેલ સર્વે મુદ્દે આદિવાસીઓ ઉપર થતા દમન અને અત્યાચાર મુદ્દે પણ વાત કરી હતી.

નર્મદા યુથ કોંગ્રેસ ના અજયભાઈએ વેરા તથા લાઈટબિલ માફ કરવા માંગણી કરી જયરવા વાસુદેવભાઈએ મનરેગા ના અમિતભાઈએ ઉધોગોને રાહત માટે તાત્કાલીક રોકડ રકમ ખાતા માં નાખવા અપીલ કરી છે અને નરેગા ૧૦૦દિવસના બદલે ૨૦૦દિવસ કરવામાં આવે એવી માંગ સરકાર પાસે કરવામાં આવે તેમ જણાવ્યું છે.

આજ રોજ કોંગ્રેસ નું ઓનલાઈન અભિયાન સ્પીકઅપ ઈન્ડિયા માં કોંગ્રેસ ના લગભગ ૫૦ લાખ કાર્યકરો લાઈવ થઈ સરકાર સામે ગરીબો ના હિત માટે મોરચો સાંભળ્યો છે જેમાં જણાવ્યું હતું કે સરકાર ૬૦ દિવસ ના લોકડાઉન માં સદંતર નિષ્ફળ નીવડી છે જે બાબતે આજે નર્મદા જિલ્લા ના હરેશભાઈ વસાવા ગુજરાત પ્રદેશ મહા મંત્રી તથા વાસુદેવ વસાવા જિલ્લા યુથ પ્રમુખ અજય વસાવા નાંદોદ વસાવા સોશિયલ મીડિયા પ્રમુખ એ દરેક ગરીબો તથા મધ્યમ વર્ગ ના લોકો માટે અવાજ ઉઠાવ્યો છે.

ગુજરાત પ્રદેશ મહામંત્રી હરેશભાઈ એ જણાવ્યું હતું કે સરકાર શ્રમિકો અને મધ્યમવર્ગ ના ખાતામાં ૧૦ હજાર રૂપિયા નાખવા તથા કેવડિયા મુદ્દે વાત કરતા જણાવ્યું હતું લોકડાઉન ની કપરી પરિસ્થિતિ માં સરકાર આદિવાસી ઓની જમીન હડપી લેવાનું કૃત્ય કરી રહી છે લોકડાઉન ૧૪૪ લાગુ હોવા છતાં ત્યાં પોલીસના કાફલા ખડકી દેવાયા છે દરેક સમાજ આદિવાસી સમાજ નો અવાજ બને તેવી પણ અપીલ કરી હતી ઉપરાંત સરકાર ને જે કરવું હોય એ કરે અમે ઉગ્ર આંદોલન કરીશું તેવી પણ ચીમકી આપી હતી.

ખાવામાં ટોણો મારતા પત્નીએ પતિને મોતને ઘાટ ઉતાર્યો

નવસારી

પતિ-પત્ની લગ્નના સાત ફેરા ફરતી વખતે અગ્નિની સાક્ષીએ સાથે રહેવાના કોલ કરાર કરતા હોય છે પણ હાલના સમયમાં માનિસક સ્થિતિ પર થઈ રહેલ ફેરફારો પતિ-પત્નીના પવિત્ર અને મજબૂત સંબંધને ભૂલીને ન કરવાનું કરી દે છે. આવો જ એક કિસ્સો નવસારી જિલ્લામાં બન્યો છે જ્યાં પત્નીએ નજીવા કારણથી પતિનું કાસળ કાઢી નાખ્યું છે. આ ઘટનાથી સમગ્ર વિસ્તારમાં સનસની ફેલાઇ ગઇ છે.

નવસારી જિલ્લાના આસણા ગામની પરિણીત મહિલા કે જેઓ પોતાના પતિ સાથે દામ્પત્ય જીવન ખટરાગ ભર્યું જીવી રહી હતી. રોજબરોજ કંઈક ને કંઈક બાબતે પતિ પત્ની આમને સામને આવી જતા હતા. જેમાં છેલ્લા કેટલાક દિવસોથી જમવાની બાબતે નાના-મોટા ઝઘડાઓ થતા હતા. પણ આબુબાજુમાં રહેતા લોકોની દરમિયાનગીરીથી ગબડતા ગાડાને પાટા પર આવી જતું હતું. પરંતુ એક દિવસ એવો આવ્યો કે, પતિના ત્રાસથી પત્ની એટલી ચીડવાઈ ગઈ કે ચપ્પુના ઘા ઉપરા છાપરી છાતીના ભાગે ઝીંકી દેતા પતિનો દેહ ઢળી પડ્યો હતો અને ત્યાર બાદ ગભરાયેલ પત્નીએ તેના દેહને છુપાવવાનો પ્રયત્ન કર્યો હતો પણ નાકામયબ થતા હત્યારી પત્નીએ પોલીસની સામે શરણાગતિ સ્વીકારી લીધી હતી.

ક્વોરન્ટીન માટે હાથ પર મરાયેલા સિક્કાથી ચામડી બળી જતાં પરિવાર ટેન્શનમાં

સુરત

શહેરમાં ક્વોરન્ટીનના સિક્કાના કારણે એક પરિવારના ત્રણ સભ્યોને એલર્જીથી ચામડી બળી જતા પરિવાર મૂંઝવણમાં મૂકાઈ ગયું હોવાની ઘટના સામે આવી છે. જુનાગઢથી પરત ફર્યા બાદ પરિવાર ક્વોરન્ટીનમાં છે.

સુરતમાં પ્રવેશવા માટે પાલિકા દ્વારા ત્રણ એન્ટ્રી બનાવવામાં આવી છે. અન્ય રાજ્ય કે અન્ય જિલ્લામાંથી આવતા લોકોને એન્ટ્રી પોઈન્ટ પર જ ક્વોરન્ટીનના હાથ પર સિક્કા મારી દેવામાં આવે છે. જોકે, આ ક્વોરન્ટીનના સિક્કાની શાહીના કારણે એક પરિવાર મૂંઝવણમાં મૂકાઈ ગયું છે. ૨૦મીએ જુનાગઢથી પરત ફરેલું અને સરથાણા ખાતે રહેતા દોમડિયા પરિવારના બાળકી સહિત ત્રણ સભ્યોને ક્વોરન્ટીનના સિક્કા માર્યા હતા. દરમિયાન આ સિક્કાની શાહીના કારણે એલર્જી થતા જ્યાં ક્વોરન્ટીનના સિક્કા માર્યા તે ચામડી બળી ગઈ છે. દયાબેન, પ્રફુલભાઈ, અને યશ્વી દોમડિયાને ચામડી બળી જવાનો પ્રોબ્લેમ થયો છે.

ભોજનાલયમાં કામ કરતા ૬૫ વર્ષીય વૃદ્ધે આપઘાત કર્યો

સુરત

પાંડેસરા જીઆઈડીસી વિસ્તારમાં આવેલ ગુરુકૃપા ભોજનાલયમાં ૬૫ વર્ષીય વૃધ્ધે આપઘાત કરી લીધો હતો. ભોજનાલયમાં કામ કરવાની સાથે સાથે ત્યાં જ રહેતા વૃધ્ધે પતરાના શેડની લોખંડની ઈંગલ સાથે કપડું બાંધીને રાત્રિના સમયે આપઘાત કરી લીધો હતો. આ અંગે ભોજનાલયના સંચાલકોએ પાંડેસરા પોલીસને જાણ કરતાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

મૂળ કર્ણાટકના બેંગાલૂરૂના વતની નારાયણ શેટ્ટી(ઉ.વ.આ.૬૫)ના છેલ્લા ૩૦ વર્ષથી ગુરૂકૃપા ભોજનાલયમાં કામ કરતાં હતાં. ગત મોડી રાત્રે ફાંસો ખાઈ લીધો હતો. જ્યાં રહેતા તે ભોજનાલયની ઓરડીમાં પતરાના શેડની નીચેની લોખંડની ઈંગલ સાથે કાપડનો ફાંસો બનાવીને નારાયણ શેટ્ટી લટકી જઈ જીવન ટૂંકાવ્યું હતું. આત્મહત્યા શા માટે કરી તે અંગે પાંડેસરા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.